


હાથીનું વેર એ નામની જાણીતી રમૂજ બાલ-બોધ કથા આલેખતું ચિત્ર · ચિત્રકાર: શાન્તિલાલ ત્રિવેદી (ગુ. કલાસંઘ)

કુમાર

વર્ષ ચૌદમું · અંક બારમો · માગશર '૯૪ ૧૬૮

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું સચિત્ર માસિક · તંત્રી: રવિશંકર મ. રાવળ · સંપાદક: બચુભાઈ રાવત


સંદર્ભ

कस्मै देवाय हविषा विधेमः।

જીવનના હાર્દમાં મનુષ્યે પ્રવેશ કર્યો ત્યારથી અનુત્તર રહેલા આ સર્જનજૂના પ્રશ્નને અંકના ઉઘડતા પાને શ્રી સુન્દરમ્ નવી જ રીતે વિવક્ષિત કરે છે. ❘ માત્ર ગ્રીનલૅંડની સફર કરી આવેલો એક તરુણ, જ્યાં સુનંગ સાહસખેડુઓ પણ પછાત પડ્યા હતા એ ઉત્તર ધ્રુવ ભેદવાની મહત્ત્વાકાંક્ષા પણ સેવે એ કેટલું અજાયબ છે. પણ એથી યે વધુ અજાયબ તો વિરોધ અને ટોળને વશ નથતાં એ મહત્ત્વાકાંક્ષાને જ વશ થઈ એણે ધ્રુવપ્રદેશમાં આદરેલી સફળ સફર છે. એ સફર વડે ધ્રુવપટના આવિષ્કારની ચિરકાળની પ્રેરણામૂર્તિ બનનાર એ તરુણ તે ઝિંદાદિલ નોર્વેજિયન કપ્તાન ડૉ. ફ્રિડ્જોફ નાનસેન. પીઅરી, બાયર્ડ ને આમુંડસેનના પુરોગામી એ ધ્રુવસફરીનું ચરિત્ર એના ઝિંદાદિલીને મૂર્ત સ્વરૂપ આપે છે. ❘ 'નિશીથયાત્રા'માં કાકાસાહેબની વહેતી કલમ તમને ચક્ષુતૃપ્તિનો નહિ, પણ કલ્પનાતૃપ્તિનો તો પરિતોષ કરાવશે જ. ❘ 'દરજી'ના નામથી આપણને ખૂબ પરિચિત કુરકીની બે પીતરાઈઓને આ વખતે 'વનેચર'ની કલમે ઝડપ્યાં છે. ❘ 'જીવનનું પરોઢ' અને 'મારી સફર' પણ હવે નવી ઝમક જમાવતાં જાય છે એની તો ગયા અંક પરથી જ તમને ખાત્રી થઈ ગઈ હશે. ❘ 'કુમાર'માં બે વર્ષ સુધી ચાલુ લેખમાળા તરીકે આવેલી 'ગુજરાતી લઘુલિપિ' તમને હજુ વિસારે નહિ પડી હોય (હવે તો એ પુસ્તકાકારે પ્રસિદ્ધ પણ થઈ ચૂકી છે).—તો તો એના સંયોજક શ્રી હરિકૃષ્ણ વ્યાસે એ આખી શૉર્ટહૅન્ડપદ્ધતિનો 'માધુકરી'માં આપેલો ઇતિહાસ પણ તમે નહિ જ ચૂકો. ❘ અંકના પાને પાના તરફ તમારું આમ ધ્યાન ખેંચવું એ મુનાસિબ નથી, પણ આ અંક સાથે 'કુમાર' પોતાનું ચૌદમું વર્ષ પૂરું કરે છે ત્યારે એની કારકિર્દીનો પૂરતો સંદર્ભ પામવા એના વાર્ષિક સાંકળિયા પ્રત્યે આંગળી ચીંધ્યા સિવાય નથી રહેવાતું. એના નિશ્ચિત ધ્યેય અને મહત્ત્વાકાંક્ષાઓને એના અવલોકન દ્વારા જ તમે કદાચ પૂરતો ન્યાય આપી શકો.

મુદ્રક • બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક • રવિશંકર રાવળ કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.; છ માસિક લવાજમ રૂ. ૩; છુટક નકલના ૧૦ આના. મુંબાઇના એજન્ટો • આર. આર. શેઠની કંપની, અને સી. જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, જાહેર ખબરના સોલ એજન્ટ રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ








ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

ડાબી બાજુ : (૧) 'વૃદ્ધ મારવાડી ભીલ'—ભાઇ એમ. એસ. પથરાવાળા (અમદાવાદ), ત્રીજું ઇનામ; વચ્ચે : 'ઘરનો ખૂણો'—ભાઇ મફતલાલ દૂધીઆ (અમદાવાદ), બીજું ઇનામ; જમણી બાજુ : 'તીરંદાજ'—ભાઇ સૈયદ અહમદ (ડભોઇ), પહેલું ઇનામ.



આશાતંતુનો કેદી

(ચિત્રકાર • કાન્તિલાલ દવે)

શ્રી જિતેન્દ્ર મહેતાના સૌજન્યથી

ૐ

કુમાર

માગશર • ૧૯૯૪

कस्मै देवाय?

· મિશ્ર ·

ઉચ્ચારવો આજ વળીય પ્રશ્ન તેઃ
कस्मै देवाय हविषा विधेम ?
કોને નમું? કોણુ પદે ઢળું જઈ
કે સ્તોત્ર કોનાં રહું ગુંજી ગાઈ?

ન તે પ્રભુને, પ્રભુ નામ ધારી
અનેક તેની પ્રતિમા પ્રણુમ્યને.

હું તેમને આજ સ્મરી નમી લઉં
જેણે કર્યું જીવન જીવવા સમું,
ક્ષણેક કે અર્ધ ક્ષણેક જેણે
ઝગી જઈ અંતરવ્યોમ મારે
રંગોળીઓ પૂરી પ્રસન્ન તેજની,
ને જિન્દગીના અવિજેય શત્રુને
કીધો સદાનો મજનૂન મત્ત.

ને જો પ્રભુ ચાહ્ય પ્રણામ મારા,
આવે ભલે તે લયલા બનીને.

સુન્દરમ્

મારી નજરે

કલાના ઉત્સવો અને સમારંભો

● દિવાળીની દીપમાળ અને ઉત્સવના રણકાર કાર્તિકી પૂનમ સુધી પહોંચે છે, પણ ચોપાનિયાંના દિવાળી-થાળો તો માત્ર આઠ જ દિવસમાં પસ્તીના ઢગલા ભેગા થઇ જાય છે. આળ-પંપાળ અવલોકનો અને માત્ર શિષ્ટાચાર પૂરતાં વિવેચનોથી દિવાળી અંકોની શુષ્કતા ઢાંકી રહેતી નથી. કળા અને જીવનના ઉલ્લાસ કેટલાં ઉછળે છે એ તો એનાં સ્મરણો સાચવવાનો કેટલો આગ્રહ રહે છે તે પર અંકાય છે. આપણી નજર આગળ વર્ષોથી યુરોપના ખાસ અંકોના જે નમૂના રજૂ થયા કરે છે તે પરથી કોઇ પણ સમજી શકે કે પ્રત્યેક અંક પોતપોતાનું મર્યાદિત ક્ષેત્ર સાચવીને એવા ચિત્રો અને સંસ્કૃતિવિધાયક લેખ-સામગ્રી પીરસે છે કે જે ઘણેભાગે એ વર્ષનાં સૂચક સ્મરણો કે પ્રગતિનાં પાદચિહ્નો રૂપે નોંધાઇ રહે. આ દૃષ્ટિએ આપણે આપણા દિવાળી અંકોનો આંક કાઢીએ તો કેટલાં ચિત્રો અને લેખો સાચવીને તારવીને જુદાં રાખવાની ઊર્મિ આવશે? આ દિવાળી અંકો કોનું પ્રતિનિધિત્વ સાચવે છે? વાંચનારાઓની જેવીતેવી રૂચિ તરફ જુએ છે કે તેમને નવો ચીલો બતાવી કોઇ ઉચ્ચગામી આદર્શ તરફ દોરે છે? જગતનાં આડાંઅવળાં આંદોલનોમાંથી સ્પષ્ટ કર્તવ્ય અને ભારતીય સંસ્કૃતિનાં નવાં મૂલ્યાંકન રજૂ કરનારા કેટલા લેખો આ વર્ષે આપણને મળ્યા? કેટલા લેખકોએ દિવાળી અંકમાં પોતાના અભ્યાસનો નિષ્કર્ષ અથવા બદલાતી દેશની જીવનપરિસ્થિતિ પર તલસ્પર્શી મનન કે આપણા સાંસારિક જીવનના મર્મો ઉઘાડાં પાડતાં નિદાનો રજૂ કર્યાં છે? સાહસના વિસ્તરતા પ્રદેશો અને વિજ્ઞાનની કૂચ-કદમને આપણા સમાજને તળિયે ઊંઘતી કોમો અને અબૂધ માનવીઓ શી રીતે પહોંચી શકે, સમજી શકે તેના વિચારો દર્શાવતી લેખમાળાઓ કે ક્રમિક પાઠોનાં સૂચન કેટલાં મળ્યાં?

દિવાળીના આ અંકો ઉત્સવના વાઘા સજે છે, પણ એના સ્વાંગમાં દેશના ઉદરમાં પાકેલું એક પણ રત્નમણિ નથી દેખાતું, તેમ નથી પરદેશથી વહોરેલી ઊંચી સબળ સાહસિક વૃત્તિના વિલાસની ગંધ. એ તો માત્ર સજે છે મેલા ચીંથરિયા નાટકી ચિત્રવિચિત્ર વાઘા જેવા લીરા, થીગડાં જેવા શબ્દોના પટપટારા, ડાઘાડૂઘીવાળાં પાનાં અને છેલબટાઉ નટનટીઓનાં ચિત્રો અને જીવનના રસોને બદલે ભજિયાં-પકોડાં જેવી લિજ્જત પીરસતી તમતમતી જાહેર ખબરો. કલા, સુરૂચિ સાહિત્ય અને સંસ્કાર માટે જે સંયમ, મનન, ઉપાસના અને આદર તથા છેવટ પરિશ્રમ અને પ્રયત્ન જોઇએ એનું દર્શન ક્યાં કરીશું? ગુજરાતીઓને કળા વરેલી છે, પણ શોક્ય જેવી. યુનિવર્સિટીએ અને પરદેશી ઢબના પત્રકારત્વે તેના પર ઘુંઘટ ઢાળી દીધો છે. દક્ષિણીઓએ ગણેશોત્સવમાં કળા અને સમાજ-સમાગમના પ્રસંગો જગાવ્યા, બંગાળીઓએ દુર્ગા મહોત્સવનું માહાત્મ્ય વધારી દીધું, મારવાડ અને રજપુતાનાએ હોળીના રંગરાગ ઉડાવ્યા તો ગુજરાતે નવરાત્ર ઉજવ્યા છે. એ નવ-રાત્રનો મહિમા કેળવાએલાઓએ છાંડયો. હોમહવન, દાંડીઆ-રાસ અને મેળાઓની દિવસે ધમાલ રહેતી; રાત્રે કોકિલકંઠીઓની સામટી સુરાવટોએ મામડાં અને શેરીઓ ગાજતાં. ઢેઢવાડાથી તે નાગરવાડા સુધી એ સુરાવટોની અજબ લીલા અને મોહિની ફેલાતી. માનવીઓનાં હૈયાં એની હીંચે ઉછળતાં, સજીવ થતાં ને હેત પાગરતાં. પરંતુ આજે તો એ કળા પણ પ્રેક્ષકોના અભિપ્રાય ઉપર જ જીવતી રહેવા મંથન કરી રહી છે. કળા જો હરીફાઇ અને અભિપ્રાય ઉપર જ જીવતી રહે તો એ કળા શાની? ગામગામનાં મંડળો ગરબા સમારંભો યોજે છે અને જોનારાઓને નોતરે છે ત્યારે એ સમારંભો જલસા બની જાય છે, જેમાં વાહવાહ અને પ્રશંસાનાં લાલચુ મનનાં થર્મોમીટર પ્રેક્ષકોના હાથમાં રહે છે. એ સ્થિતિ બારીક માનસપરીક્ષા માગી રહી છે.

પુરુષો માત્ર પરીક્ષા કરનારા અને જોનારા બની રહે એમાં ખરો ઉત્સવ નથી. સ્ત્રીઓ જો પોતાની કળા વ્યક્ત કરી શકે છે તો પુરુષોએ પણ વાતાવરણ ઝીલીને પોતાનાં નૃત્યો અભિનયો અને આલાપોથી પ્રતિધ્વનિ આપવો જોઈએ. ઉદય-શંકર મિત્રીનું શિવપાર્વતીનું નૃત્ય જોનારા એનો સંકેત સમજ્યા ન હોય તો કદરદાની માટે આશ્ચર્ય. શિવના દરેક નૃત્યનો પ્રત્યુત્તર નૃત્યથી જ પાર્વતી આપે છે, એટલે રસનું સમ-તોલન અને આનંદ એકસરખાં અનુભવાય છે. કોઇ પ્રેક્ષક નથી, કોઈ પ્રદર્શક નથી, બધાં જ ઉત્સવિયાં છે;-એ ભાન પ્રક-ટાવવું એ સંસ્કારપ્રણેતાઓનો અને પત્રકારત્વનો ધર્મ છે.


નવરાત્રનો સમારંભ નવી રીતે, જૂનો છતાં નવી શિસ્તને નવા આદરથી પ્રચારવાનો પ્રસ્તાવ લાઠીના રાજવી નામદાર ઠાકોર સાહેબ શ્રી પ્રહ્લાદસિંહજીએ કર્યો હતો. નવે દિવસ નવ રસ ખીલવવાની તેમની પ્રેરણાએ જુદાજુદા વક્તાઓ, ગાયકો, વાર્તાકારો ને કથાકારોનો સુંદર મેળ સાધ્યો હતો અને પોતાની આમ જનતાને એમના પરિચય અને પ્રસાદનો લાભ આપ્યો હતો. એ તો રહ્યા રાજ્યપતિ, એટલે વિદ્વાનો અને કલાકારોને આમંત્રી શકે; પણ સામાન્ય મંડળો અને ગામડાંઓ માટે નવરાત્ર એમ ઊજવવાનું કદાચ ભારે પડે. છતાં જો સંચાલકો ચતુર હોય તો નવે રાત્રિ માટે જૂની સંસ્કૃતિનાં રૂપોને અપ-નાવી નવી રીતે તેના પ્રયોગો કરી શકે. નિત્યની પ્રાર્થના માટે સુંદર સંગીત, રાસ અને ગરબા કરનારી ચૂંટેલી મંડળીઓ તથા વેશઅભિનય અને પ્રહસન આપનારા ઉત્સાહી ભવૈયા, નટો અને બાળકોને કેળવીને વધારે સુસજ્જ રૂપમાં રજૂ કરી શકે. પ્રગતિનું કાર્ય કરવા લૅન્ટર્ન ચિત્રો, ફિલ્મો કે વિજ્ઞાનપ્રયોગો બતા-વી શકે. વ્યાખ્યાનો અને અંતકડીઓ કે શીઘ્ર કવિતાના પ્રયોગોથી પ્રજામાં મૌલિક સાહિત્યની જાગૃતિ લાવી શકે. એમ નવે

દિવસ સમાજને અવનવા રસોનો આસ્વાદ આપી પ્રત્યેક વર્ષે નવસર્જન અને નવા ઉત્સાહનું વાતાવરણ ફેલાવી શકે. આથી કેટલી યે વ્યક્તિઓના છૂપા ગુણો પ્રકાશી નીકળશે અને તેમને પોતાનું અસ્તિત્વ સાર્થકતાભર્યું લાગશે. ઉચ્ચ–નીચ, વિદ્વાન–સાધારણ સર્વનો સંપર્ક સધાશે અને દેશ વધુ એકતાન બનતો જશે.

સ્વ. કનૈયાલાલ વકીલ

● કે. એચ. વકીલની સહીથી બુધવાર અને રવિવારનાં 'બૉમ્બે ક્રૉનિકલ'માં કળાનાં પાનાં આપનાર શ્રી કનૈયાલાલ હરદેવરામ વકીલ ગઈ તા. ૨૬ નવેંબરના રોજ માત્ર ૪૮ વર્ષની ઉમરે ગુજરી જતાં, મુંબાઈ તેમજ ગુજરાતે એક ઉમદા મર્મજ્ઞ કળાવિવેચક ખોયો છે, એટલું જ નહિ પણ આજની તરુણ ચિત્રકારોની પેઢીએ તો એક કદરદાન મુરબ્બી ગુમાવ્યો છે; કેમકે એ પેઢીને જે સામાજિક પ્રતિષ્ઠા અને આદર મળ્યાં છે તેમાં સ્વર્ગસ્થની કલમ અને જહેમત પાયારૂપ બન્યાં છે.

એ ભાઈ તરુણાવસ્થામાં બૅરિસ્ટરી મેળવવા ઇંગ્લંડ ગએલા, પણ કલાનો નાદ લાગતાં લંડન અને પારીસની આર્ટ કલબોનો સહવાસ માણીને કળાના એક અનોખા પરીક્ષક તથા વિવેચક બની ગયા. તે સાથે તેમનામાં સ્વદેશભક્તિ પણ પૂરી હતી. હિંદી ચિત્રકારો અને કળાના આશ્રયદાતાઓને હિંદી કળાતત્ત્વ અપનાવવા તે ખૂબ જોરદાર ભાષામાં સૂચનો



ADORATION TO INDIA

True independance lies in Genius—
The selfless, Godman, man of
Truth, Love, Harmony & Beauty.
India ! Thou art already independent,
For, art Thou not so full of
Geniuses–Prophets–the selfless ?
O, India, my infinite adoration
Goes with thee for this,
India, the great land of Buddha !
Awake and see
Thy own greatness
With folded hands:
—Fusao

એક જાપાની મહિલાનું રક્તાક્ષરે ભારતસ્તવન
(જુઓ પૃ. ૫૮૮ પરની નોંધ)

To my noble friend
Proffessor H. Trivedi
May the Great Light
permeate in India
through your
sacred work.
From : Fusao Shibuya



સ્વ. શ્રી કનૈયાલાલ હરદેવરામ વકીલ

આપ્યા જ કરતા. પૂ. ગાંધીજીએ આશ્રમ તરફથી 'નવજીવન' પત્ર ચલાવવાનું ઠરાવ્યું ત્યારે તે ભાઇ પહેલી તકે તેના તંત્રીમંડળમાં સાથ આપવા આવી પહોંચ્યા હતા. તેમની ભાષા અને વિચારો બધાથી અલગ અને વૈયક્તિક હતા, એથી જ ઘણી વાર એમને ઘણા જોડે મતભેદ ઊભો થતો. છતાં એમણે નવા દિલ્હીના રાજમહેલોનું ચિત્રકામ મુંબાઇના ચિત્રકારોને અપાવવામાં મુંબાઇ ચિત્રશાળાના ડિરેક્ટર કૅપ્ટન ગ્લૅડસ્ટન સૉલૉમનને ઘણો જ મહત્ત્વનો સાથ આપ્યો અને છેવટ સુધી એ સંબંધ સાચવ્યો હતો. મુંબાઇના મ્યૂઝિયમમાં હિંદી ચિત્રકારોનાં ચિત્રો ખરીદાવીને ઘણાને તેમણે પ્રોત્સાહન અને ઉત્સાહ પ્રેર્યાં હતાં. ચોપડીઓ ખડકેલા તેમના ખંડમાં તો ઉછરતા તરુણ ચિત્રકારોનાં સદા જૂથ જામતાં અને એ બધા ઉપર તેમની અજબ અસર જામી હતી. કુમારી મારી દેસાઇને શિલ્પકામમાં પ્રેરણા આપનાર પણ તેઓ જ હતા. એમણે કળા ઉપર અંગ્રેજીમાં ઘણું લખ્યું છે અને બેત્રણ પુસ્તકો પણ પ્રકટ કર્યાં છે. એમની કલાવિવેચના તલસ્પર્શી અને અંગ્રેજી ભાષા જોરદાર તથા ભભકવાળી હતી, એટલે હિંદુસ્થાનના ઇતર પ્રાંતોમાં પણ તેઓ એક સુપ્રસિદ્ધ કળાવિવેચક તરીકે અમર રહેશે.

એક જાપાની મહિલાનું રક્તાક્ષરે ભારતસ્તવન


● મારી જાપાનની મુલાકાતોમાં શ્રીમતી કુસાઉ શિબૂયાનું સ્મરણ કદી ન ભૂલાય એવું બન્યું હતું. એ બાઇએ અમેરિકામાં નવ વર્ષ રહી અંગ્રેજી કેળવણી લીધી છે. પોતે સાહિત્ય તથા સંસ્કૃતિનાં પાકાં અભ્યાસી છે અને ટોકિયોમાં બહારના એક પરામાં એકાંત ખૂણે રહીને બૌદ્ધધર્મની ઉપાસના તથા ચિંતનમાં ધાર્મિક જીવન ગુજારે છે. હિંદવાસીને જોતાં જ એમની ભક્તિ ઉભરાઇ જાય છે, કારણકે તે એમની ઇષ્ટ મૂર્તિ (ભગવાન તથાગત)ના દેશનો છે. તાજેતરમાં મારા મિત્ર શ્રી હરભાઈ ત્રિવેદી (શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનના મહાધીશ) જાપાન ગયા ત્યારે આ બાઇ ઉપર મેં એમને એક પરિચયપત્ર આપેલો. એના વડે એમણે શ્રી હરભાઇને મારા કરતાં પણ અનેકગણા આદરથી નવાજ્યા અને છેવટે પોતાની ભારત પ્રતિની ભક્તિ દર્શાવવા પોતાના જ લોહીથી લખેલો રૂમાલ યાદગીરી રૂપે આપ્યો. એ ભાવના અને એ સંદેશ ભારતની જનતાથી અજાણ રહેવાં ન જોઇએ એમ ધારી અહીં પ્રકટ કરું છું. એ ભાવનામાં તેઓ ફરી વાર બૌદ્ધ સમયનાં સાધુત્વ, ત્યાગ અને વિરલ આત્મવિલોપનનો આદર્શ ઝંખે છે.

કળાને નોતરું

● કરાચી ખાતે મળનારા ગુજરાતી સાહિત્ય સંમેલનમાં, તેના કલા-વિભાગના પ્રમુખસ્થાનેથી કળાનો સમાદર કરવા કરાચીના સાહિત્યપ્રેમીઓએ મને એક અદના ઉપાસક તરીકે પ્રતિનિધિ બનાવ્યો છે એ વાત 'કુમાર'ના વાચકો આગળ રજૂ કરતાં પરિષદ તરફ નમ્રપણે કૃતજ્ઞતા જાહેર કરવાનું સહજ મન થાય છે તે રોકી શકતો નથી. એ સ્થાન માટે કેવી યોગ્યતા હોવી જોઇએ તે હું યથાર્થપણે સમજું છું અને પ્રૌઢ સાહિત્યદેવી પોતાની બાલ-સાહેલી કળાને લાડથી હુલાવે છે અને તેનું ગૌરવ કરે છે એટલું જ તેમાં સાર્થ તત્ત્વ જોઉં છું. કલાની મહાકાંક્ષાઓ તો કોઇ ભાવિ પુરુષને હાથે પૂરાશે.

ર.મ.રા.

મેંદીનાં પાન



ગરીબ રહેવું એમાં કંઇ મહત્તા નથી; ગરીબીમાં યે સંતોષ માનવો એ જ સાચી મહત્તા છે.

એક ફરજ બજાવ્યા પછી બીજી બજાવવાની તમન્ના જાગે એ જ એનું સાચું ઇનામ છે.

તમે એના પર કરેલા ઉપકારોનું બયાન કોઇ માણસ પાસે કરવા બેસો ને બીજી પળે તે તમારો દુશ્મન બની જશે.

ઝિંદાદિલ નાનસેન



ડૉ. ફ્રિજોફ નાનસેન

અનેક વીરોની વીરશ્રી એના પર ન્યોછાવર થઇ છે. અસંખ્ય જિંદગીઓએ એનું હૃદય ચીરવાની આરઝૂમાં પછાત પડી, એના ઠંડા વેરાનમાં છેલ્લા શ્વાસની ઊની વરાળો ઝરી છે. જગત હજુ યે જેનાથી પૂરતું વાકેફગાર નથી બન્યું એવો એ નાફરમાન પ્રદેશ તે પૃથ્વીની હિમાચ્છાદિત ધરી ઉત્તર ધ્રુવ.

ગઇ સદી સુધીની માનવતાને તો એ કલ્પનાપ્રદેશ જ રહ્યો હતો. પણ વીસમી સદીના ઊઘડતા પ્રભાતે એ સ્થિતિ હટાવી દીધી, ને પૃથ્વીની એ કાલ્પનિક ધરીની જગતને અભૂતપૂર્વ માહિતી મળી. એ માહિતી આપનાર ડૉ. ફ્રિજોફ નાનસેન, જેની ઝિંદાદિલ કપ્તાન તરીકેની કારકિર્દી આજ સુધી યે અજોડ મનાય છે. કુમાર વયથી જ તેના દિલમાં એ આગ હતી, જે દુનિયાના અગોચર ખૂણાઓની ખૂંદવાણીમાં જ પ્રશમન શોધે.

એકાદ જબરી શોધ કરી કીર્તિ કમાયા એટલે એના વ્યાજ પર આખી જિંદગી આરામપૂર્વક ગુજારવી એ તરફ તો પહેલેથી જ એને સૂગ હતી. અને એટલે જ નાનસેનની જિંદગીની એકે પળ નિષ્ક્રિય નથી બની.

સાડા ત્રણસો વર્ષથી ઉત્તરીય સમુદ્રોનો ખેડાણ કરતા વંશમાં ઈ. ૧૮૬૧માં, નૉર્વેની રાજધાની ક્રિશ્ચિયાના નજીક ફ્રૂએન મુકામે એ જન્મેલો એટલે દરિયાઇ જીવન સુલભ સાહસદિલી તો તેનામાં ઊતરી જ હતી. કુમારાવસ્થામાં એક મિત્ર સાથે દરી-સફરે ઊપડતાં એ સાહસદિલીએ પ્રથમ વહેણ શોધ્યું ને નાનસેનને એ જ રસ્તે ગ્રીનલૅંડ પહોંચવાની મહેચ્છા જાગી.

હજુ યે દુનિયાના એ મહાદ્વીપનો કેટલોક ભાગ વણશોધ્યો રહ્યો છે; ને તે વખતે તો માત્ર પીઅરીએ જ ત્યાં પહોંચવાનો પ્રયાસ કરેલો. પરંતુ ધ્રુવવર્તુલના પ્રખ્યાત સફરી નૉર્ડનજોલ્ડની વાતો સાંભળી નાનસેનને તો ચોક્કસ થયું કે ગ્રીનલૅંડ પૂર્વપશ્ચિમ પાર કરી શકાય. એટલે એ મહેચ્છાને પાર પાડવાના પ્રયાસો તે કરવા લાગ્યો. નૉર્વેની સરકાર પાસેથી ત્રણસો પૌંડની મદદ તેણે માગી પણ એને આ તરંગી તરુણ વિશ્વાસયોગ્ય ન જણાયો. જેને જણાવે એ બધા તેની માન્યતાને દીવાની ઠરાવી ઉડાવી જ દેવા લાગ્યા. નાનસેન આથી નિરાશ થવાની અણી પર હતો ત્યાં તો એક ડેનિશ સજ્જન મિ. ગેમલે પોતાનો ઉદાર હાથ તેના તરફ લંબાવ્યો ને તેની મરતી આશાઓમાં નવું ચેતન પૂર્યું.

નાનસેને તો તરત પોતાના ભેરૂબંધોને ભેગા કર્યા. સ્વર્ડ્રુપ અને બીજા ચાર જણ સાથે ૧૮૮૨ માં તે 'વાઇકિંગ'માં ઊપડી ગયો. બધા એના જેવા જ તરુણ ને ખડતલ. તોફાનો ને ઠંડી, ભૂખ ને તરસ બધું સહન કરી, ધસતા બરફપ્રવાહોનો સામનો કરવાની બહાદુરી અને કૃતનિશ્ચય સહિત બધી જ મુશ્કેલીઓ વટાવી, તેઓ ગ્રીનલૅંડના ઊંચામાં ઊંચા પ્રદેશ સુધી પહોંચ્યા ને નાસીપાસી જાહેર કરનારાઓનાં મોંમાં આંગળાં ઘલાવ્યાં. પાછા વળીને નાનસેને 'એસ્કિમો જીવન'નું પુસ્તક લખ્યું. ત્યારપછી થોડી જ મુદતે નૉર્વેના પ્રખ્યાત ગવૈયાની પુત્રી ઈવા સાથે તેનાં લગ્ન થયાં.

ગ્રીનલૅંડની સફરે નાનસેનમાં એવો અણનમ જુસ્સો પેટાવ્યો કે આથી યે વધુ ખતરનાક સાહસ ખેડવાની તેનામાં હોશદિલી આવી. તેને ઉત્તરધ્રુવ સર કરવાની ખાહેશ જન્મી! થોડો વખત તો નેપલ્સમાં રહી પ્રાણીવિદ્યાનો અભ્યાસ તેણે આગળ વધાર્યો. છૂટક-છૂટક લેખો પણ લખ્યા. 'The Structure and Combination of (અનુસંધાન આગળ પૃ. ૫૯૮)

જેને ભેદવાની વિજીગિષા પાછળ જિંદગીઓની જિંદગીઓ ખુવાર થઇ ગઇ છે એ નાફરમાન ઉત્તરધ્રુવનું ખેડાણ સુલભ બનાવનાર ધ્રુવસફરોની ચિરકાળની પ્રેરણામૂર્તિ અને મહાયુદ્ધ પછી એખલાસ-વિહોણી બનેલી માનવતાને સુલેહના એકસૂત્રે બાંધવાનો સાફદિલ પ્રયાસક

નિશીથ યાત્રા

એટલે—સંગેમરમરના પહાડો વચ્ચે વહેતી ધાર, એ ભારતવિખ્યાત નિસર્ગસ્થાનોની

જબલપુર નજીક ભેડાઘાટ પાસે આવેલા નર્મદાના પ્રવાહનું રક્ષણ કરનારા સંગેમરમરના પહાડો અમે રાત્રિએ જોઈ આવીએ એવી કલ્પના મધ્યરાત્રિનાં સ્વપ્નાં જોઇને નહોતી આવી. સંગેમરમરના એ પહાડોની સૌ પહેલી માહિતી બબ્બે આનાના પિક્ચર પોસ્ટકાર્ડ્સથી મળેલી. The Famous Marble Rocks of Jubblepore એ નામે ઓળખવામાં આવતાં એ ચિત્રો આસમાની પત્થરો કેમ બતાવે છે?—એવી શંકા મનમાં આવી ગઇ હતી. કાળા ખડકો જેવા એ સફેદ ખડકો સુંદર દેખાતા હશે અને તેનાં પાણીમાં પડતાં પ્રતિબિંબ ખૂબ જ આકર્ષક હશે, એટલી જ કલ્પના એ વેળા મનમાં આવેલી. પણ 'સબિન્દુ-સિન્ધુ સુસ્ખલત્ તરંગરંગભંજિતમ્' એવું જેનું વર્ણન એક કાળે સંધ્યાસમયે અમે ગાતા હોઇશું એ શર્મદા નર્મદાનાં દર્શન કરવા એ સુંદર કાવ્યમય સ્થાન હોવું જોઇએ એવો એક અસ્પષ્ટ સંકલ્પ મનને કોઇ ખૂણે બંધાઇ ગએલો.

હિમાલયની યાત્રાએ જતાં હું ક્યારેક જબલપુર ઊતર્યો હોઇશ, પણ ત્યારે ભેડાઘાટની નર્મદાનું સ્મરણ સુદ્ધાં નહોતું થએલું. ગંગોત્રી અને શ્રીનગરના ચિંતન પાછળ નર્મદાનું સ્મરણ ક્યાંથી થાય? નર્મદાકાંઠાની ગહનતામાં મહાદેવને છોડી, હું ગંગોત્રીની યાત્રાએ નીકળ્યો હતો.

ફૈઝપુર કૉંગ્રેસ વખતે અજંતા જવાનું અમે ઠરાવ્યું હતું, પણ રેલવે કંપનીએ કોન ટિકિટો કાઢી, અમારામાં આસપાસ પ્રવાસ કરવાની વૃત્તિ જગાવી. જબલપુરની યાત્રા મફત થાય છે તો જવામાં હરકત શી? એવો વિચાર કરી અમે નીકળ્યા. પણ તેમ કરવા જતાં, મુકરર મુદત કરતાં ફૈઝપુર ૨૪ કલાક મોડું પહોંચાય તેમ હતું. આપ્પાસાહેબ પટવર્ધનને જોકે અમે વચન લઇ ચૂક્યા હતા, પરંતુ ફૈઝપુરમાં કામનો પ્રારંભ થવાને હજી વાર હતી, એટલે અમે તારથી તેમની પરવાનગી મેળવી લઇ, જબલપુરની વાટ લીધી.

રાધાકિસનજીએ કોઇ સ્નેહીને પત્ર લખીને અગાઉથી સર્વ વ્યવસ્થા કરાવી લીધી હતી, પણ તેમાંની કંઈ જ ઉપયોગી ન નીવડી. આપણે માનેલી અગત્ય વખતે માનોમાં નથી એવું લાગી જવાની બહુ વિચિત્ર સ્થિતિ ત્યાં હતી. અમે કોઈ ખાસ કામ નિમિત્તે તો જબલપુર જતા નહોતા; પણ કેવળ એક દિવસની મોજ કરવી એવી જ અમારી વૃત્તિ નહોતી.

દેશમાંનાં જુદાંજુદાં ધાર્મિક સ્થળો, ઐતિહાસિક સ્થાનો, કલામંદિરો અને નિસર્ગરમણીય દૃશ્યો જોઇને મેં માત્ર ચક્ષુતૃપ્તિ કદી અનુભવી નથી. જે રીતે મંદિરમાં જઈ આપણે દેવદર્શન કરીએ છીએ એ જ રીતે ભૂમિમાતાની આ વિવિધ વિભૂતિનાં હું દર્શન કરવા આવ્યો છું એ જ ભાવનાએ મેં મારી સઘળી યાત્રાઓ આજ સુધી કરી છે. મારા દેશના ગામડેગામડાની માહિતી મને હોવી જોઇએ અને એ માહિતી સાથેસાથ ભક્તિની પણ વૃદ્ધિ થવી જોઇએ એવી મારી અપેક્ષા રહી છે.

જેમજેમ હું પ્રવાસ કરૂં છું અને અભિમાન તથા પ્રેમથી હૃદય ભરાઈ જાય એવાં દૃશ્યો જોઉં છું તેમ તેમ એક વાત મને અસ્વસ્થ કર્યા જ કરે છે; આવડો સુંદર અને ભવ્ય આ દેશ પરતંત્ર છે તેને માટે હું જવાબદાર છું. પારતંત્ર્યનું લાંછન કપાળે લઇને હું આ અદ્ભુતરમ્ય દેશની ભક્તિ પણ શી રીતે કરૂં એમ મને લાગી આવે છે. આ દેશ મારો જ એમ શું મારાથી માની શકાય ખરૂં કે? હું દેશનો છું એમાં તો શંકા નથી; કારણકે દેશે મને જન્મ આપેલો છે; મારૂં પાલનપોષણ અખંડ તે જ કરે છે; મને રહેવાને સ્થાન, ખાવાને અન્ન અને આરામ માટે આશરો તે જ આપે છે; મારાં બાળબચ્ચાંને એના જ આધારે હું નિશ્ચિંતપણે છોડી શકું છું; જે ઉજ્જ્વલ ઇતિહાસ વડે હું જગતમાં ઊંચું માથું કરીને ચાલું છું, એ આર્યોનો પ્રાચીન ઇતિહાસ પણ દેશે જ મને આપ્યો છે. આમ, મારૂં સર્વસ્વ દેશ પાસેથી જ મને મળ્યું છે. પણ આ દેશ મારો છે એમ માનવાયોગ્ય દેશને સારૂ મેં શું કર્યું છે? મારો જન્મ થવાની સાથે હું તો દેશનો થયો, પણ દેશને મારો કહેવડાવવા ખાતર મારે જિંદગીભર ખપી જવું જોઇએ.

આવા પ્રકારના ખ્યાલો મનમાં ઘૂંટાતાં હું ક્ષણભર અસ્વસ્થ થાઉં છું, પણ એ અવસ્થામાંથી જ ધર્મનિષ્ઠા ઉત્પન્ન થઈ દૃઢ થાય છે. આ અસ્વસ્થતાને લીધે જ સ્વરાજ્યસંકલ્પ બળવાન બને છે અને દેશ ખાતર—

નર્મદા અને દૂધના સ્રોત જેવો તેનો ધોધ ધુંવાં-ધાર — ચળાતી ચાંદનીવાળી રાત્રે કરેલી યાત્રા

દેશમાં અસહ્ય કષ્ટ ઉઠાવનારા ગરીબો ખાતર—યત્કિંચિત્ પણ કષ્ટ સહન કરવાની સંધિ મળે છે ત્યારે ઉપકૃત થયા બરોબર લાગે છે. અને જેમ જેમ પ્રવાસ કરતો જાઉં છું તેમતેમ અંગમાં નવી શક્તિનો સંચાર થતો લાગે છે. જુવાનોને હમેશાં જ હું કહેતો આવું છું કે, 'સ્વદેશમાં ફરીને દેશનાં અને દેશમાંના લોકોનાં દર્શન કરવાની એક પણ તક ન ગુમાવતા.'

આ પ્રકારની ઉત્કટ ભાવના જે વેળા હૃદયમાં ઉદય પામે ત્યારે પાસે કોઈ જ ન હોય એમ થાય એ સ્વાભાવિક છે. આપણી નાજુક ભાવનાઓ લખીને લોકો સમક્ષ મૂકવી એ એટલું કઠિન નથી. પણ એ ભાવનાથી અસ્વસ્થ થતાં આપણી જે વિહ્વળ સ્થિતિ થાય છે ને આપણે જે છોકરવાદી કરીએ છીએ તે કોઇની નજરે પડે એ આપણાથી સહન નથી થતું. આથી હું જ્યારે જ્યારે ભક્તિયાત્રાએ નીકળું છું ત્યારેત્યારે મને લાગે છે કે હું એકલો જ જાઉં અને એકાંતમાં જ નિસર્ગનો અનુનય કરૂં તો ઠીક. પણ મારી જાત કાગડાની. એકલાં સેવન કરેલું કંઇ મને પચતું જ નથી. એટલે હું અનિચ્છાએ પણ બધાને કહી વળું છું કે 'મારાથી હવે થોભાવાનું નથી. હું તો આ નીકળ્યો.' અને પરિણામે કોઈ ને કોઈ સાથે આવે જ છે. લોકોને થાય છે કે જોડે જવાથી આપણાં ચર્મચક્ષુને એના પ્રેમચક્ષુની મદદ મળશે અને આપણો દેશ આપણે ચાર આંખે જોઇ શકીશું. આ જ મારી સ્થિતિ મારા એક ગુજરાતી મિત્રને મેં એક વાક્યમાં જણાવી હતી કે 'હું શોધું છું એકાન્ત, પણ સાધું છું લોકાન્ત.'

છેવટે આ બધાંનું પરિણામ એ આવે છે કે, ચાર ચૌદ જણની જોડે પ્રવાસ કરવાથી મને મારી ઉછળતી મનોવૃત્તિઓ દબાવવા લાગે છે અને મન અન્તર્મુખ બનીને ચિંતનમગ્ન થવાને બદલે બહારની મંડળીના વાતાવરણને અનુકૂળ થઈ જાય છે.

પ્રવાસમાં શું કે ગમે તેવા મહત્ત્વનું કામ કરતાં શું, મંગળાચરણમાં જ જો એકાદું યે વિઘ્ન ન નડે તો મને કંઇક ગુમાવ્યા જેવું થઈ આવે છે. નિર્વિઘ્ન પ્રવૃત્તિ મારી સ્વપ્નસૃષ્ટિમાં યે મેં દેખી નથી, તો જાગૃતિમાં તો એ ક્યાંથી જ આવે? મોટા ઉત્સાહથી



જબલપુર પાસે સંગેમરમરના પહાડો વચ્ચે વહેતી નર્મદા

અમે ભુસાવળથી નીકળ્યા અને ઇટારસીમાં પહેલી જ ઠેસ લાગી. અગાઉથી ધારેલું તે મુજબ ઇટારસીના સ્ટેશન માસ્તરને અમારા સારૂ કંઈ વ્યવસ્થા કરતાં આવડેલી નહિ. નવો ડબો જોડવામાં આવ્યો તો એન્જિનમાં તે ખેંચવાની તાકાત નહોતી, કારણ, ઇટારસીની પહેલાં જ ગાડીને વધુમાં વધુ ડબા જોડાયા હતા ને સઘળા ડબામાં માણસો ખીચોખીચ ભરાયા હતા. હવે અહીંથી જ પાછા જવું કે શું! કેવડી નિરાશા!! એક વિચાર આવ્યો કે મન વાળીને આંસુ લૂછવા સારૂ અહીંથી હોશંગાબાદ સુધી મોટરમાં જઇ, નર્મદામાતાનાં દર્શન કરીએ ને દૈજપુર તરફ વળી નીકળીએ. પણ એટલી હિંમત હારવાની હિંમત ન થઈ અને છેવટે અમે આવેલી ગાડીમાં જેમતેમ કરીને ઘુસ્યા.

જબલપુરના સ્ટેશને અમારા સ્વાગતની અમે શી અપેક્ષા રાખેલી ને શા અનુભવ થયા તે અહીં લખવા નહિ બેસું: પણ ટૂંકામાં એટલું જ કે સ્થાનિક એક બે સજ્જનોની મદદથી અમે નજીકની એક ધર્મશાળામાં જઈ પહોંચ્યા અને મોટર મેળવવાની મહેનતમાં પડ્યા.

એકાદ મોટા સંઘ સાથે લઇને પ્રવાસ કરવામાં જે વ્યવસ્થા શક્તિની આવશ્યકતા છે તે જ યુદ્ધોમાં મોટાં સૈન્યોની હીલચાલ કરવા માટે જરૂરી છે. એકાદ આશ્રમ, એકાદી સંસ્થા, એકાદું મંદિર અથવા નાનાં-મોટાં સંસ્થાન ચલાવવામાં જે ગુણ અને શક્તિનો વિકાસ થાય છે તેનો જ ઉપયોગ એકાદ રાજ્ય અથવા સામ્રાજ્ય ચલાવવામાં થાય છે. કોઈ કર્તવ્યપરાયણ ખેડૂત પણ તક મળતાં ઉત્તમ કારભારી થઈ શકે, અને જબરાં કારખાનાં ચલાવતો કુપક અને યોજક કારખાનાદાર એકાદ સામ્રાજ્યનાં સૂત્રો પણ ચલાવી શકે. પ્રવાસમાં મનુષ્યની કર્તવ્યપરાયણતાના જુદાજુદા પ્રકારોની પરીક્ષા થાય છે અને એમાં યોગ્યતાવાળા પુરુષો—અને સ્ત્રીઓ પણ—આપોઆપ આગળ નીકળી આવે છે.

આ વિચાર અહીં કેમ સૂઝ્યો એ જ માત્ર જણાવવા સારૂ નહિ થોભીએ. આપણે વેળાસર ભેડાઘાટ પહોંચવાનું છે, અને વરસાદ તો જાણે 'આ આવ્યો' એમ તોળાઈ રહ્યો છે. ખરૂં જોતાં તો આ કંઈ વરસાદના દિવસ નથી; પણ હિંદુસ્તાનના ચારે ખૂણાના લોકો ફૈઝપુરની મહાસભામાં જઇ રહ્યા છે ત્યારે વરસાદને થયું કે આપણે પણ જુદાંજુદાં સ્થાનો જોતા ચાલો ફૈઝપુર પણ જોઇ આવીએ. પણ શિયાળાના દિવસોમાં વરસાદના પગમાં જોર નથી હોતું, એટલે દોડતાં દોડતાં તે રસ્તામાં જ તૂટી પડ્યો ને ફૈઝપુર સુધી પહોંચી શક્યો નહિ! તેના હાથમાં સ્વરાજ્યની જ્યોત હોત તો કદાચ લોકોએ તેને મદદ કરી હોત.

હશે. અમારી બંને મોટરો પૂર ઝડપે ઊપડી અને સંધ્યાકાળને વખતે અમે ભેડાઘાટ પહોંચ્યા. સંગેમરમરના ખડકો જોવા સારૂ આ પહેલાં આવે વખતે કોઇ આવેલું નહિ. પણ પ્રકૃતિનાં બાળકોને વળી વખતની સાથે શું લાગે વળગે?


પણ અહીં આવીને તો અમે મોટી મુશ્કેલીમાં પડ્યા. નજીક જ એક ટેકરી પર મહાદેવનું મંદિર ઘેરીને ચોર્યાસી યોગિનીઓ તપ કરતી બેઠી હતી. તપ કરતાં અહલ્યાની પેઠે તે શિલારૂપ બની ગઇ હતી. રામના ચરણનો સ્પર્શ થવાને બદલે મુસલમાનોના દંડાઓનો સ્પર્શ થવાને લીધે એમાંની કેટલીક યોગિનીઓની માઠી દુર્દશા થએલી છે. આ ટેકરીની નજીક ધુવાંધાર નામથી ઓળખાતો એક પ્રખ્યાત ધોધ છે. એ જોવા જવું કે સંગેમરમરના ખડકો જોવા સારૂ નૌકાવિહાર કરવો? વિહાર કરવા સારૂ નૌકા માત્ર બે જ હતી, એટલે અમે બધા એ જ વાત પર એકમત થાએ એમાં લાભ નહોતો. છેવટે અમે બે ટુકડીઓ પાડી નાખી. આ સ્થાન સંગેમરમરના ખડકો માટે જ પ્રસિદ્ધ હોવાથી મોટી ટુકડીએ એ બાજુ જવાનું પસંદ કર્યું. અમારી બીજી ટુકડીએ યોગિનીઓનાં દર્શન કરી ધુવાંધાર જવાનું નક્કી કર્યું અને અમે પગથિયાં ચઢવા લાગ્યા. સર્વે યોગિનીઓનાં દર્શન અમે અમારા હાથમાંની એક વીજળીની નાની મશાલની મદદથી કર્યાં! મૂર્તિઓ સુંદર રીતે કોતરેલી ને કલાપૂર્ણ લાગી. મંદિરમાંના મહાદેવ તથા તેમનો નંદી પણ જોવાલાયક છે.

મનમાં વિચાર આવ્યો કે જ્યારે એકાદ લડાઇમાં આપણે ઘાયલ થઇએ છીએ ત્યારે તાબડતોબ ઇલાજ લેવાથી જ આપણે સારા થઇએ છીએ. ગામમાં કોઇ રોગી માણસ મરે ત્યારે તેને તરત બાળી કે દાટી દઇએ છીએ. જમીન પર દૂધ ઢોળાય તો એના અમુક ડાઘ જમીન પર રહેવા ન જોઇએ એમ માની આપણે તે લીંપી નાખીએ છીએ. એવો મનુષ્યસ્વભાવ હોવા છતાં આપણી ખંડિત મૂર્તિઓ આપણે કેમ જેમની તેમ રહેવા દીધી છે? ધર્માન્ધ મુસલમાનોના અત્યાચારોનું સ્મારક રાખવા?! કે આપણી કાયરતા અને સામાજિક જવાબદારીની કબૂલાત તરીકે?! અપ્રતિમ કલામૂર્તિઓ તૈયાર કરવાનો કસબ આપણા દેશમાંથી નષ્ટ થયો છે એ વેળા આવા પ્રાચીન અવશેષ નમૂના સાચવી રાખવા એ યોગ્ય તો છે જ. પણ મેં જોયું છે કે આબુ પરનાં દેલવાડાના મંદિરમાં આરસની કારીગરી કરનારા કુટુંબોની કાયમી નીમણૂક કરવામાં આવી છે અને મંદિરમાંના કોઇપણ ભાગમાં કંઈ ભાંગફોડ થઈ કે તરત મૂળ બરોબર જ તેની દુરસ્તી કરી લેવામાં આવે છે; અને એ જ રીતે લાહોરના મ્યૂઝિયમમાં પણ મેં જોયું છે કે મૂર્તિનો એકાદ કુશળ સર્જન ઘાયલ થએલી મૂર્તિના હાથ પગ નાક હોઠ વગેરે સીમેન્ટની મદદથી બેમાલૂમ રીતે સાંધી સુધારી શકે છે. પરંતુ આપણાં મંદિરો યોગ્ય અથવા પુરુષાર્થી લોકોના તાબામાં છે જ ક્યાં? 'ધણી વગરનાં ઢોર' જેવી આપણા સમાજની સ્થિતિ છે.

(અનુસંધાન પાછળ પાન ૬૦૪મે)



બાળપણના મિત્રો
ચિત્રકાર · બંસીલાલ
(ગૂ. કલાસંઘ)



હુક્કો

ફોટો · ઝિયાઉદ્દીન કાદરી

લાડકી બહેન

જાણીજોઇને ફટાકડાની વાત તો અમે પાછળ રાખી. બાપા જાણે કે એ અમને બનાવે છે ને અમે જાણીએ કે અમે બાપાને બનાવીએ છીએ. દીવાળી પહેલાંના પાંચછ દિવસ તો નવાંનવાં કપડાં, રમકડાં, મિઠાઇ, રોકડ પૈસા, જે કંઇ બાપા આપે-અપાવે એ હું અને ઉષા લઇ લેતાં—જાણે ફટાકડાની વાત અમે ભૂલી જ ગયાં હોઇએ. જમી કરીને રાત્રે અમે કુંડાળું વળી બેઠાં હતાં ત્યારે બરાબર ધનતેરશની આગલી રાત્રે જ હુકમ કરતાં પણ પાલનમાં કડક એવી બાની સૂચના થઇ: 'જુઓ, તહેવારના દિવસોમાં વઢશો નહિ હો.' બાનું કહેવાનું કદાચ પૂરૂં નહિ થયું હોય ત્યાર પહેલાં તો ઉષા બાના હાથને વળગી પડી બોલી, 'બા, હું કોઇ દિવસ તોફાન કરૂં છું?' બાએ કહ્યું 'હા, ઠીક લે . . . અને જુઓ, તમે બંને ઉષા અને નાનુ અને બાબુ તહેવારના દિવસોમાં કોઇએ રડવાનું નહિ.' લાગ જોઇ, મેં બાપા બેઠા હતા એમની હાજરીમાં જ કહી નાખ્યું,'પણ, અમને ફટાકડા તો હજી અપાવ્યા નથી!'

મારા પિતાશ્રી જરા સુધરેલા વિચારના ગણાતા, એટલે દારૂખાનામાં પૈસા ખરચવા વિરુદ્ધ એ ઘણી વખત અમને બોધદાયક ભાષણો આપતા. પહેલી વખત જ્યારે અમે વાત કાઢી હતી ત્યારે ફટાકડા બટાકડા કશું જ મળવાનું નથી એવું સાફસાફ બાપા તરફથી ખૂબ સાંભળવા મળેલું. આજે પણ એ ને એ વાત ફરીથી ઉપડેલી જોઇ બાપા મારા પર ગુસ્સે થઇ ગયા અને વધુ સ્પષ્ટતાથી ના સંભળાવી દીધી.

મેં એમ ધારેલું જ. મારૂં કહ્યું તો બા કે બાપા કદાપિ માનવાનાં જ નથી એવી લગભગ ખાત્રી હતી, પણ પાંચ ભાઇઓ વચ્ચે એકની એક લાડકી બહેન ઉષાનું તો બા માને જ; એમાંય મારાં મોટાં બહેન ગુજરી ગયા પછી તો બાનું હેત ઉષા પર વિશેષ થયું. મારો બોલ વેડફી નાખું એ કરતાં અમે એકલાં પડયાં ત્યારે ઉષાને જ ફટાકડા માટે કજીઆ કરવા મેં ઉશ્કેરી. 'ઉષા, જો, પેલી કીર્તિને કેટલા બધા ફટાકડા એના બાપાએ અપાવી દીધા? તારા સાગે તો એ કાલે અંગૂઠો બતાવતી હતી કાં? બાને કહેને, આપણને ય ફટાકડા અપાવી દીએ.'

ઉષા કહે, 'પણ બાપા ન અપાવે.'

મેં ઉષાને વધુ ઉશ્કેરી: 'જરાક કજીઆ કરીશ તો જરૂર અપાવશે.'

ધનતેરશની રાત્રે મેં બાપાની હાજરીમાં ફટાકડા માટે કહ્યું ત્યારે મને બેસાડી દેવામાં આવ્યો ત્યાર પછી ઉષાએ બાને કહ્યું, 'બા અમને ફટાકડા?' પણ બાપા ખરેખર ગુસ્સે થઇ ગયા હતા. એમણે ઉષાને પણ દબડાવી: 'ઊઠ, સૂઈ જા. ચાલ, કેમ હજી જાગ છ? ફટાકડા બટાકડા કાંઇ મળવાનું નથી.'

પથારીમાં પડયાંપડયાં અમે આંખોના ઇશારે એકબીજાને કહેવું હતું એ કહી દીધું. સમજૂત પ્રમાણે, બીજે દિવસે સવારમાં આઠથી સાડા નવ સુધીના અમૃત ચોઘડિયામાં જ ઉષાએ થોડા થોડા અંતરે ત્રણ વખત કકડાવીને પોક મૂકી! મને તો બહુ ગમ્મત પડી. બાપા વળી ગુસ્સે થયા અને ઉષાને ધમકાવવા મંડ્યા, પણ તેમતેમ ઉષા વધુવધુ ડૂસકાં ભરી રડવા લાગી. બાની દયા ઉશ્કેરાઇ. ઉષાને પાસે બોલાવી માથે હાથ ફેરવી ફેરવી છાની રાખવા પ્રયત્ન કરવા લાગ્યાં, પણ ફલસિદ્ધિ પહેલાં ઉષા છાની રહે જ શાની? આટલા દિવસ ચાવી આપી રાખેલી એના જોરે એનું વાજું તો ચાલુ જ રહ્યું. 'ઉંઉંઉં! અમને ફટાકડા નહિ કાં? અમને બધાં કેવાં ચિડાવે છે!'

બા અને બાપા વચ્ચે એ વિષયમાં થોડી ગરમાગરમ વાતચીત થઇ, એમાં મુખ્યત્વે સિદ્ધાન્ત અને વાત્સલ્યપ્રેમની જ અથડામણ હતી એમ કહી શકાય. પિતાશ્રીનો એવો સિદ્ધાન્ત હતો કે ફટાકડા ન લેવા, કારણ વિદેશી છે, દાઝી જવાય, પૈસાનો ખોટો વ્યય થાય, વગેરે; જ્યારે બા તો એનો એકતારો બજાવ્યે રાખતી, 'હશે. છોકરાં છે! આ વખતે અપાવી દો, આવતે વર્ષે નહિ અપાવીએ.'

આખરે બાનો વિજય થયો એમ કહેવા કરતાં ઉષા મારફત મારો વિજય થયો એમ કહેવું વધારે સાચું છે. છતાં ય બાપાએ સિદ્ધાન્તની પૂંછડી બરાબર પકડી રાખેલી. બાના કહેવાના માન ખાતર અમારા ગોટાભાઇ અમને ફટાકડા અપાવી દે તો એમાં પોતે આડા નહિ આવે એટલું ગાંડમાંડ કબૂલ્યું, પણ પોતાના હાથે ફટાકડા અપાવી સિદ્ધાન્તને ડાઘ નહિ જ લગાડે એટલું તો બધાંની હાજરીમાં જ સ્પષ્ટ કર્યું. અમારે તો ફટાકડાથી કામ હતું ને અમને એ ગોટાભાઇએ પુષ્કળ અપાવ્યા. લવીંગ જેવા પાતળા અને નાના લવીંગિયાની સેરોથી માંડી ડબલ ભડાકાના હવામાં અદ્ધર ઊડી અવાજ કરે એવા મોટા બંદૂકિયા ફટાકડા, ચાંદલિયાની પેટીઓ, પિસ્તોલ, ફૂલખરણી, લાલલીલી દીવાસળીની પેટીઓ વગેરે મારી અને ઉષાની વચ્ચે સરખા ભાગ પાડી વહેંચી આપ્યાં. સાથેસાથે બાનો કડક હુકમ પણ મળી ગયો, 'જો, નાનુ! જો, ઉષા! આ ફટાકડા દેવદીવાળી સુધી ચલાવવાના છે. દરરોજ એક એક પેટી ફોડવાની, હા; સમજ્યાં કે?'

અમે બંનેએ કહ્યું, 'ભલે.'

'જે દિવસે અમને ફટાકડા અપાવ્યા તે દિવસે કોણ જાણે કેમ, મને તો એકે ફટાકડો ફોડવાનું મન જ ન થાય! બીજા ફોડે એ જોયા કરું. કોઇ વખતે સેરમાંથી એક ફટાકડો છૂટો કરી ફોડી લઉં, વળી બીજા ફોડે એ જોયા કરું. ઉષાએ જોતજોતાંમાં ત્રણ પેટી ખલાસ કરી નાખી. ફટાકડાનો આનંદ મને એટલો હતો કે મને થાય કે બધા સંઘરી રાખું! ફોડી નાખવાનો જીવ જ ન ચાલે! રાત્રે સૂતો ત્યારે બધા ફટાકડાને તપેલીમાં ભરી સામે રાખી સૂઇ ગયો, પણ આંખો મીંચું ત્યાં નજર આગળ તડફડ કરતા ફટાકડા હવામાં ઊડતા દેખાય. કોઇ વાર એટલો હર્ષ ઊભરાઇ આવે કે પથારીમાંથી ઊઠી જાણે ફટાકડાને છાતી સાથે ચાંપી આવું, પણ બીક લાગે કે બાપા વળી વઢશે, 'રાતનાય ફટાકડા? સૂઇ જા!'

સવારે પાંચ નહિ થયા હોય ત્યાં આસપાસ ફટાકડાના અવાજથી મારી ઊંઘ ઊડી ગઇ. બા પણ હજી ઊઠી નહોતી. મારું મન તપેલીમાંની ફટાકડાની એક એક સેર કાળજીથી ઊપાડી વળી સંભાળથી હતી ત્યાં ગોઠવી દેવામાં ક્યારનું પ્રવૃત્ત થઇ ચૂકયું હતું. બા થોડી વારે ઊઠી કે જરા રહીને હું પણ ઊઠ્યો. આજ વહેલા ઊઠવામાં શાબાશી જ મળવાની છે એવી પાકી ખાત્રી હતી, કારણ, બાને દિવસમાં અનેકવાર કહેતાં સાંભળેલું કે તહેવારના દિવસોમાં વહેલા ઊઠવું જોઇએ. હું ઊઠ્યો કે બા ખુશ થઇ જઇ બોલ્યાં, 'ઓહો! આજ તો વહેલો વહેલો ઊઠયો ને શું?' ત્યાં તો ઉષા પણ 'બા, તું કયાં ગઇ?' કરતી ઊઠી.

બા ઉંબરામાં બેસી દાતણ કરતાં હતાં ત્યાં એની પાસે થઇને એક બિલાડી ઘરમાં પેસી ગઇ. એ જોઇ બા ઉશ્કેરાઇ જઇ બોલ્યાં,'અલ્યાં! કાઢો, કાઢો એને!' મને થયું, અહિંસક રહી બંદૂકની ઉદ્ઘાટન ક્રિયા કરવાનો આ સારો મોકો છે, એટલે હું દોડતો બંદૂક લાવ્યો અને એની અંદર એક ચાંદલો મૂકી, ઘોડો ચડાવી બિલાડીની તલાશમાં દોડ્યો. બિલાડીને જોઇ એ બંદૂક છોડી, પણ એણે તો પેટી પાછળથી સલામત રીતે મારી સામે આંખો પટપટાવી! એકસામટા પાંચ ચાંદલા ભરીને મેં એક વધુ બાર કર્યો, ત્યાં ઉષા પણ રહી ગઇ હોય એમ પોતાની બંદૂક લઈ આવી અને ઘોડો ચડાવી મને પૂછ્યું, 'કયાં ગઇ, ક્યાં ગઇ?' હું બિલાડી જોવામાં રોકાયો હતો એવામાં ઉષાએ નજીક આવી મારા કાનમાં બંદૂકનો ભડાકો કર્યો. મારા કાન જાણે ફૂટી ગયા એમ હું કાંઇ સાંભળી જ શકયો નહિ. જાણે કાનમાં તમરાં ગણગણતાં હોય એવું થઇ ગયું. હું એકદમ ચીસ પાડી ઊઠ્યો 'ઓ, બા! ઓ, બા! આ ઉષલીએ . . . . . .' બંને હાથ વતી કાન ઢાંકી રાખી મેં બાના આવવાની રાહ જોઇ; પણ બા દેખાયાં નહિ એટલે મેં બંદૂક ઊપાડી એનો વજનદાર ભાગ ઉષાની ખોપરીમાં મારી ત્યાંથી નાસી જવા માંડ્યું. ઉષાએ પોક મૂકી. આટલી ચીસ પાડીને ઉષાને રડતી સાંભળી શો અકસ્માત થયો એ જોવા બા આવી. ઉષાએ બાને બાઝી પડીને કહ્યું, 'મને નાનુએ માથામાં લોઢાની બંદૂક મારી.'

બાએ મને એક તમાચો ખેંચી કાઢ્યો. હું ગાલ પંપાળતો ઊભો રહ્યો. બાએ ખિજાઇને કહ્યું, 'જોયા કરો તમે, આવતે વરસે ફટાકડા અપાવું જ નહિ ને! ફટાકડા અપાવ્યા તો આટલાં વઢો છો ને?'

રાત્રે અંધારું થતાં બધાં છોકરાં પોતપોતાનું દારૂખાનું લઇ ઓટલા પર બેસી ગયાં. ફટાકડાના ફડફડ

ફૂટવાના અવાજથી, છોકરાંઓના ખડખડાટ હસવાના અવાજથી, રસ્તે ચાલતાં માણસો અને વાહનોના ઘોંઘાટથી આખું વાતાવરણ ગાજતું હતું. ઉષા એક પછી એક ફટાકડા હવામાં ઉછાળવામાં ખૂબ મસ્ત હતી. કેટલીક વાર તો એ જાણીબૂજીને કોઇ રસ્તે ચાલતા આદમી ઉપર પાછળથી ફટાકડો ફેંકી ટીખળ કરતી ત્યારે હું એને રોકતો. દેવદીવાળીની વાત તો ત્યાં રહી, પણ કાલ દીવાળી સુધી પણ ઉષાના ફટાકડા ચાલશે કે કેમ એ વિષે મને શંકા હતી. હું તો ફટાકડાને પંપાળતો જ બેઠો હતો. ઉષા પાસે હવે બે પેટી બાકી રહી, એટલે એ મારી નજીક આવી કહે, 'નાનુ, તારી પાસે આટલા બધા છે; મને થોડાક આપ!'

મેં કહ્યું, 'ચાલ ચાલ! તારા તેં ફોડી નાખ્યા. હું શાનો આપું?'

કંઇ પણ બોલ્યા વિના ઉષા હું કોઇક વખત ફટાકડા ફોડતો એ જોતી બેસી રહી.

'મોડું બહુ થઇ ગયું છે, સૂઇ જાઓ' એમ બાએ બૂમ મારી. અમે સૂઇ ગયાં. કલાક થયો તોપણ મને તો કાલનાં જ વિચાર આવતા હતા: કાલ દીવાળી છે. સવારમાં વહેલો ઊઠી નવાં કોટપાટલૂન પહેરી બાપા સાથે બજારે જવું છે. વહેલી સવાર પડે અને વહેલો વહેલો કોટપાટલૂન પહેરી લઉં. રાત શું કામ આડી આવતી હશે? હું આંખો મીંચીને પડ્યો હતો એવામાં મારા કાને કંઇક ધીમો પગસંચાર સંભળાયો. જરા આંખ ખોલી જોયું તો ઉષા ધીમે પગલે મારી પથારી તરફ આવતી હતી. બહુ જ સાવચેતીથી એક એક પગ ઉપાડી એ મારા ફટાકડાની તપેલી તરફ વળી. તપેલીમાંથી દોથો ભરી ફટાકડા ઊપાડી એ ભાગવા જતી હતી ત્યાં મેં એકદમ પથારીમાંથી છલંગ મારી એનો હાથ પકડી લીધો. ઉષા ગભરાઇ ગઈ, પણ ફટાકડા છોડ્યા નહિ. મેં કહ્યું, 'તારા મનમાં એમ કે હું ઊંઘી ગયો છું, કાં? મૂક મારા ફટાકડા, મૂક!'

ઉષાએ વધારે મજબૂત રીતે ફટાકડાને હાથમાં પકડ્યા. મેં એ છોડાવવા જોર કર્યું, પણ છૂટ્યા નહિ. મેં કહ્યું, 'મૂકી દે! મારીશ હો! બાપા જાગી જશે, છોડ!'

ઉષા માની નહિ. મને બીજ ચડી તે એનો બીજો હાથ પકડી, રાંધવાને વળ દે એમ મરડ્યો.



ઉષાએ નજીક આવી મારા કાનમાં બંદૂકનો ભડાકો કર્યો.

ઉષાએ ફટાકડાનો ઘા કરી દીધો, પણ એટલી બધી ચીસ પાડી કે બા ઊંઘમાંથી જાગી ગયાં. હું અત્યંત ગભરાઇ ગયો અને ઉષા રડતી હતી એની સાથે હું પણ રડી પડ્યો. બા બેબાકળાં પથારીમાંથી ઊઠી અમારી પાસે દોડી આવ્યાં. ઉષાએ પહેલી ફરિયાદ નોંધાવી દીધી, એટલે એ તો નિર્દોષ ઠરી ચૂકી, અને બધો દોષ મારા ઉપર ઢોળાયો! બાએ મને માથા પર, ગાલ પર એમ ચારપાંચ તમાચા ઉપરાઉપર ચોડી દીધા. ચોરી કરવા ઉષા આવી, વાંક ઉષાનો, છતાં ય માર મને પડ્યો! અને ઉષાને તો બાએ એટલું પણ ન પૂછ્યું કે 'તને શું કામ મારી!' ઊલટાનું તેલ ગરમ કરી એના હાથને ચોળ્યો. હું જાણતો હતો કે બા લાડ કરાવે છે એટલે ઉષા ઢોંગ કરે છે.

મને અને ઉષાને સવારે બાએ ચા આપ્યો અને એક થાળીમાં ખાવાનું દીધું. ઉષા છણકો કરી દૂર ખસી ગઈ. 'હું નાનુ જોડે નહિ ખાઉં. મને જુદું આપ.'

બાએ અમને જુદી જુદી રકાબીમાં ખાવાનું આપ્યું અને કામસર બીજા ખંડમાં ગયાં. એ બહાર નીકળ્યાં કે તરત ઉષાએ પોતાનો કેવો વિજય થયો એનું ભાન કરાવવા મારી સામે અંગૂઠો બતાવ્યો. મેં લક્ષ ન આપ્યું. મને ચિડાવવા પછી એણે મારા સામે ચારપાંચ વાર જીભ કાઢી. હું સવારનો ઊઠ્યો ત્યારનો ઉષા જોડે એક શબ્દ પણ બોલ્યો ન હતો. મને એના પર ખૂબ ચીડ ચડી હતી. અત્યારે પાછી જીભ કાઢવા મંડી અને અંગૂઠો દેખાડવા લાગી એટલે મને બહુ જ ગુસ્સો ચડ્યો. મેં એનો ગાલ પકડી, ચામડી ખેંચી મારાં આંગળાં વતી ખૂબ ભીંસ્યો. એનો ગાલ લાલ-



'મૂકી દે! મારીશ કે? બાપા જાગી જશે, છોડ!'

ચોળ થઈ ગયો અને એટલા ભાગમાં લોહી તરી આવ્યું . . . પણ હું શું કરું? મને એ કેવી ચીડાવે છે ને બા પાસે લાડ કરી, નિર્દોષ થઈ છૂટી જઈ મને કેવી માર ખવડાવે છે?

ઉષા ભયંકર ચીસ પાડી રડી ઊઠી ને બા આવ્યાં કે તરત વાગ્યું એના કરતાં વધુ બતાવવાનો ઢોંગ કરી જમીન પર 'વોય મા! વોય મા!' કરતી લોટી પડી: 'મને નાનુડે મારી, મને નાનુડે મારી!'

ત્યાં બાપા પણ બીજા ઓરડામાંથી આવ્યા અને ગંભીર અવાજે બોલ્યા, 'ઉષા, કેમ રડી?'

બાએ જવાબ આપ્યો, 'આ જુઓને એનો આગલા ભવનો દુશ્મન! આ ત્રણ દિવસ થયાં તો છોકરી પાછળ પડ્યો છે તે એને રડાવી રડાવીને અરધી કરી નાખી! અહોહો, બાઈ, આ નાનુડાએ તે કંઈ ઉપાડો લીધો છે, કાંઈ ઉપાડો! મૂકી આવો, જાઓ, એને કાકાને ઘરે. અહીંઆં એનું કામ નથી. મૂકી આવો.'

ઉષા બાની સાડીમાં વધુ ને વધુ મોં સંતાડતી એની સોડમાં ભરાઈ, છૂપી રીતે આનંદથી આ બધું સાંભળતી હતી અને બહારથી જરાજરા ડૂસકાં ભરતી હતી.

બાપા કદાચ મારું કહ્યું સાચું માને એમ ધારી મેં બાપાને કહ્યું, 'પણ, બાપા, ઉષા રાત્રે મારા ફટાકડા ચોરવા આવી હતી અને અત્યારે મારા સામે જીભ કાઢી મને ચિડાવતી હતી.'

બાપાએ અમારા બેમાંથી કોનો દોષ છે એનો ફેંસલો આપવો એક બાજુ રાખી, પોતાની ખાસ વાત જ ફરીને ઉખેડી: 'તમને ફટાકડા અપાવવાની હું તો ના જ પાડતો હતો, તે સારું તો!'

બા એમ માનતી કે હું સજા તરીકે કાકાને ત્યાં ગયો, પણ ત્યાં જવામાં મને તો કાંઈ નફોનુકસાન હતું જ નહિ. ઉલટાનું રોજ ઊઠીને ઉષાના ચાળા જોઈ લોહી બાળવું બચ્યું. ઉષા લાડ કરે અને બા એ નાની છે એમ કરી એને ચાટે-પંપાળે એ જોઈ, સાચું કહું તો મારું લોહી તપી જતું. મારી પાસે એ લાડ કરતી ચાગલુંચાગલું બોલતી આવે તો હું તો સંભળાવી દેતો, 'એ લાડ કરવા જા બા પાસે!' અને વધુ બોલે તો ઘણી વખત છાની રીતે ચીમટા પણ લઈ લેતો, તે જાય બા પાસે રડતી રડતી! હું કાકાને ત્યાં આવ્યો એમાં મને કાંઈ શોક કરવા જેવું લાગતું નહોતું. ભલે બા અને ઉષા ફાવે તેમ કરે . . . પણ, ઉષા પાસે તો ફટાકડા ખલાસ થઈ ગયા હશે; બાપા એને નવા અપાવશે તો હું જરૂર બાપા જોડે લડીશ.

સાંજ પડી હતી. હું કાકાના ઓટલે ઊભો હતો ત્યાં દૂરથી મેં મારાથી બે વર્ષે મોટા હતો એ ભાઈને આવતાં જોયો. મને થયું, ક્યાંક બહાર જવું હશે એટલે મને બોલાવવા આવ્યો હશે. ઘરનાં આંગણા આગળ આવ્યો ત્યારે એ એટલું બધું હાંફતો હતો કે એ આખો રસ્તો દોડતો આવ્યો હશે એમ સહેલાઈથી અનુમાન કરી શકાય. મને ઓટલે ઊભેલો જોયો, પણ મને એક શબ્દ પણ એણે કહ્યો નહિ. દરવાજામાં પગ મૂકતા જ એ હાંફતાંહાંફતાં 'કાકા' એટલું બોલ્યો. પણ કાકાએ સામું પૂછ્યું 'કેમ?' ત્યારે એને એટલો શ્વાસ ચડ્યો લાગતો હતો કે એ તરત જવાબ આપી શક્યો નહિ. વાત કહેતાંકહેતાં એની આંખમાં આંસુ આવવા લાગ્યાં. કાકાએ એને બીજી વાર પૂછ્યું 'કેમ?' ત્યારે એ કટકે કટકે બોલ્યો 'તમને-તમને બોલાવે છે-ઉષા બળી ગઈ છે. બાપુજી તમને . . .'

કાકા આ સાંભળી બેબાકળા બની ગયા અને ગભરાઈ જઈ બોલ્યા, 'અરે, પણ કેમ કરતાં?'

મારો ભાઈ રડતાં રડતાં બોલ્યો: 'એ છે ને, તે એ ફટાકડા ફોડતી'તી, ત્યાં છે ને, તે એનો ઘાઘરીનો છેડો છે ને, તે . . .' એ વાક્ય પૂરું કરી શક્યો નહિ, પણ હું સમજી ગયો. મને બહુ જ રડવું આવ્યું, કાકા

જવા નીકળ્યા એને મેં કહ્યું, 'કાકા, ઊભા રહો. હું આવું છું.'

કાકા બોલ્યા, 'બેસ! બધાનું ત્યાં શું કામ છે?'

પણ મારો જીવ ન રહ્યો. હું એમની પાછળ ઘેર ગયો અને અંદરના ઓરડામાં ખાટલા પર ઉષાને સૂતેલી જોઇ. બાને રડતી જોઇ મને વધુ રડવું આવ્યું. ઉષા ચીસો પાડતી ખાટલામાં તડફડિયાં મારતી હતી અને કારમા ચીસો પાડતી હતી, 'વોય મા! બહુ બળે છે, બહુ બળે છે.' બા એના ખાટલા પાસે જ બેઠી રડતી હતી; વળી ઉષાને આશ્વાસન આપે, પણ બીજું એ શું કરી શકે? ઉષાની વેદનાની ચીસો સાંભળી, બાને રડતી જોઇ, મારાથી મોટા ભાઇને રડતો જોઇ, હું વધુ ને વધુ રડવા લાગ્યો, એ જોઇ બાએ મને પાસે બોલાવ્યો. ઉષાના મોં સામે જોઈ મને વિચાર આવ્યો, 'ઉષા મરી જશે?' અને એનો અર્થ ન સમજવા છતાં હું કંપી ઊઠ્યો. બાએ મને છાનો રાખી કહ્યું, 'જો, નાનુ! બેનના માથે હાથ ફેરવ. જો કેવી દાઝી ગઇ? જા, પૂછ, બેન તને કેમ છે?'

મેં નજીક જઇ રડતાં રડતાં પૂછ્યું 'બેન, તને . . .'

ત્યાં કાકા ડૉક્ટરને લઇને આવ્યા. ડૉક્ટરે આખે શરીરે ઉષાને પીળો મલમ ચોપડ્યો અને જમણે પગે જ્યાં વધુમાં વધુ દાઝી ગઇ હતી ત્યાં પુષ્કળ રૂ વીંટ્યું. ઉષા બચશે કે નહિ એમ પૂછતાં કદાચ ડૉક્ટર નકારમાં જવાબ આપી દે એ ભયે પૂછવાની પણ બાની હિંમત ચાલી નહિ.

બધાં સૂઈ ગયાં ત્યારે બાએ મને પણ સૂઇ જવા ઘણી વખત કહ્યું, પણ હું ઉષાની પથારી પાસેથી ખસ્યો નહિ. બાએ પણ પછી બહુ આગ્રહ કર્યો નહિ. થોડી વારે ઉષાએ અમારી સામે જોયું. એને કંઇક શાન્તિ થઇ હોય એમ લાગ્યું. એણે મારા સામું જોયું ત્યારે એને હસાવવા હું હસ્યો અને બાના કહેવાથી હું એની પથારીની વધુ નજીક ગયો અને એને વાતો કરાવી દુઃખ ભૂલાવી દેવાના હેતુથી એને વાતો કરાવવા લાગ્યો: 'ઉષા, દાઝી ગઈ? પગ હજી બળે છે હેં?' અને બહુ જ પોચા હાથે ઉષાના વાળ પંપાળતાં, આંખ આંસુથી ભીની હોવા છતાં ય મોઢા પર સ્મિત રાખી મેં વળી વાતો કરાવી: ઊંઘ આવે છે, હેં, ઉષા? મારા બધાય ફટાકડા આપું તો ઉઠી જઇશ હેં? લે,



'મારા ફટાકડા લેવા છે.'

લે. ઊભી રહેજે, હો? હમણાં લઇ આવું.'


હું ફટાકડા લેવા ત્યાં ઊઠ્યો, પણ યાદ આવ્યું કે મારા ફટાકડા તો બધા કાકાને ઘેર છે. મોડું થયું હતું, તોપણ હું કાકાને ઘેર જવા દોડ્યો. ત્યાં પહોંચ્યો ત્યાં કાકા સૂઇ ગયા લાગતા હતા, કારણકે એમનું બારણું બંધ હતું. મેં બહારથી બારણું ધખધખાવ્યું. કાકા ઊંઘમાંથી ઊઠ્યા હોય એવા ઘોઘરા અવાજે એમણે અંદરથી પડકાર કર્યો, 'કોણ?' મેં કહ્યું 'હું.'

કાકાએ બારણું ખોલ્યું અને મને મોડી રાત્રે હાંફતો આવ્યો જોઈ, ગભરાએલા ચહેરે પૂછ્યું 'કેમ?'

મેં કહ્યું, 'મારા ફટાકડા લેવા છે.'

'મૂરખો જ છે ને! મધરાતે ફટાકડા વિના રહી ગયો'તો તે!' હું કાકાનો ક્રોધ ઓછો કરવા અસત્ય બોલ્યો: 'પણ ઉષાએ કજીઓ કર્યો કે ફટાકડા જોઇએ છે.'

લગભગ મહિના પછી ઉષા તો સાવ સાજીસારી થઇ ગઇ; પણ બાપા હવે ઉષાના દાઝી જવાના બનાવ પછી છોકરાંઓને ફટાકડા અપાવવાથી શું શું નુકસાન થાય છે એ વિષે બેવડા જોસથી અમને ભાષણો આપે છે. એ ભાષણો ન ચાલતાં હોય ત્યારે હું અને ઉષા, ફટાકડા નહિ તો ફટાકડાની વાતો સંભારી, હજી યે ઘણી વખત આનંદ કરીએ છીએ. ઉમેદભાઈ મણિયાર



ઝિંદાદિલ નાનસેન (અનુસંધાન પૃ. ૫૮૬થી)

The Histological Elements of the Central Nervous System' લખી, ક્રિશ્ચિયાના વિદ્યાપીઠની ડૉક્ટર ઑફ ફિલોસૉફીની પદવી મેળવી. પણ છેવટે તો એની ધ્રુવઝંખના અસહ્ય જ બની.

દુનિયાના ખંડેખંડના ખૂણા જ્યાં મળે છે એ ઉત્તરધ્રુવના વર્તુલને આપણે ઘડિયાળનો ચંદો ધારીએ ને બાર આંકડા તે પર કલ્પીએ તો શોધકોને ચાર જ ઠેકાણેથી તેના હૃદયમાં પેસવાનો માર્ગ રહ્યો છે. નવના આંકડાને ઠેકાણે આવેલું હડસનના ઉપસાગર પાસેનું સ્મિથ સાઉન્ડ એ એક માર્ગ. બીજો, સાત ને આઠની વચ્ચે આવતો ગ્રીનલૅંડ ને સ્પિટ્સબર્ગેન વચ્ચે થઇને જનારો માર્ગ. બાકીના બે તે ચારને ઠેકાણે આવેલી ફ્રાન્ઝ જોસફ લૅંડ ને અગ્યારને ઠેકાણે આવેલી બેરિંગની સામુદ્રધુનિ. એને ભેદવાની વિજીગિષા પાછળ જિંદગીની ખુવારી નોતરનારની નામાવલિ નાની નથી. ફ્રાંકલીન અને દ લૉંગ તેના સચોટ પૂરાવા છે. પરંતુ એ ચાર માર્ગોમાંથી ગમે તે માર્ગ જનાર શોધક તેની હિમ-દિવાલ સુધી પહોંચતો ત્યાં તો ધસ્યા આવતા બરફના પ્રવાહમાં તેને ખેંચાઈ જવું પડતું. કદાચ હિમદિવાલમાં પણ થોડો ઘણો માર્ગ તે કરી શકતો, પણ પરિણમતી રૂઢ નાસીપાસીથી તો ન જ બચી શકતો. નેરિસ, માર્ખામ, ગ્રીલી, કોલ્ડેની, હડસન ને જૅક્સન સુદ્ધાં બધાને એ જ નાસીપાસીને વશ થવું પડ્યું હતું.

ઇ.૧૮૭૮માં અમેરિકન નૌકાસૈન્યનો લેફ્ટેનન્ટ દ લૉંગ પણ 'જ્યાંનેત'માં એ જ ઉદ્દેશે બેરિંગની સામુદ્રધુનીથી ઊપડેલો. પણ બે વર્ષે એનું ખાલી વહાણ જ પોતાની કમભાગી સફરની જગતને યાદ આપતું ન્યૂ સાઇબીરિયન ટાપુઓ પરથી હાથ લાગ્યું. લોકોને એની હોનારતો સાધારણ થઇ પડી હતી, પણ નાનસેને તો તેમાંથી એવી તારવણી કાઢી કે જેણે જગત આખાને ચોંકાવી મૂક્યું. જો ધ્રુવસમુદ્રમાં જુવાળ આની બરફના પ્રવાહો ત્યાંની નીકળતા હોય તો એ પાછા પણ ત્યાં જવાના જ. લૉંગની હોનારતે તેનો પૂરાવો આપ્યો. નાનસેને એમ વિચાર્યું ને જગત સમસ્ત એ જાહેર કર્યું. જો એ વળતા પ્રવાહો સાથે જવાય તો તેમની સહાયે ધ્રુવસમુદ્ર અને કદાચ ધ્રુવની પણ આરપાર નીકળી જવાની તેણે સંભાવના ભાળી.


પણ દુનિયા એનું કહ્યું માનવા તૈયાર નહોતી. માત્ર ગ્રીનલૅંડની સફર ખેડનાર આ તરંગી નૉર્વેજિયન કુમાર કયા અનુભવને આધારે એટલી ધૃષ્ટતા બતાવી શકે? ઍડમિરલ મૅક્લિન્ટોકે જાહેર કર્યું કે ગમે તેવી ખાત્રીથી બંધાએલા વહાણને પણ બરફમાં ભાંગી જ જવું પડે. નેરિસે પણ એમ જ કહ્યું. સર એલન યંગે કહ્યું કે એનું વહાણ પ્રવાહોમાં તણાતાં જમીન સાથે અથડાઇ ભુક્કા ઊડી જશે. બધાથી જબ્બર જનરલ ગ્રીલીએ

તો એ માન્યતાને જ મૂર્ખતાની પરિસીમા ઠરાવી !

છતાં યે નાનસેન પોતાની માન્યતા પર મુસ્તાક રહ્યો. ધસતા બરફ ઉપર ચડી જાય ને અથડામણમાં આવતાં યે સંકોચાય પણ ભાંગે નહિ એવું બંને છેડે અણીદાર નાનું પણ મજબૂત વહાણ 'ફ્રામ' તેણે બાંધ્યું. નૉર્વેની સરકાર આજે પણ રાષ્ટ્રના મોંઘા વારસા તરીકે એ વહાણ સાચવી રહી છે. એણે એ વખતે થનારા ખર્ચનો બે તૃતીયાંશ આપવાની કબૂલાત આપીને નાનસેનને રાહત આપી. લંડનની રૉયલ જીઓગ્રાફિકલ સોસાયટીએ પણ મતભેદ છતાં ત્રણસો પૌંડની મદદ આપી અને નાનસેને પોતાની માન્યતા સિદ્ધ કરી બતાવવાની આખરી તૈયારી કરી લીધી. અશક્યતાઓ સામે થવાની તાકાત તો તેનામાં હતી જ. ને એવા જ સાથીઓ એણે શોધેલા, જેમાંના સ્વર્ડ્રુપ, આમુંડસેન, હાનસેન, જેકબસન વગેરે તો પાછળથી અમર નામના મૂકતા ગયા છે. ટ્રૉમ્સોથી 'ફ્રામ' ઊપડે તે પહેલાં એક કલાકે સૌ હાજર થઇ ગયા. સ્વયંસેવકો તરીકે ચાલવા પણ અનેક તૈયાર થએલા, પણ જ્યાં પોતાની જિંદગીનું નિશ્ચિત ન હતું ત્યાં બીજાઓની જિંદગી ખતરામાં નાખવાનું તેને ન રૂચ્યું ને બાર જ ચૂંટેલા સાથીઓ સાથે ૧૮૯૩ના જુલાઇમાં તે ઊપડી ચૂક્યો.

ઉત્તર ધ્રુવના ખેડાણ-ઇતિહાસમાં 'ફ્રામ'ની સફર એક સોનેરી અક્ષરે શરૂ થતું પ્રકરણ પૂરૂં પાડે છે. પ્રકૃતિ પક્ષપાતી યે નથી ને સંગદિલ પણ નથી. એ પોતાના કાયદાને વશ રહીને જ વર્તે છે. એ કાયદાઓનો સાચો ઉકેલ કરનારથી સફળતા દૂર નથી એ નાનસેને એ સફરથી પુરવાર કરી આપ્યું ને ઉત્તર ધ્રુવ વાસ્તેના જ્ઞાનસંચયની એ સફર એક માર્ગસ્તંભ બની રહી.

અજ્ઞેય દિશાની ઓરની તેમની સફર આગળ ને આગળ લંબાઇ રહી હતી. એકાદ બે મહિના સુધી ખાસ તકલિફ આવે એવી કશી હરકત ન નડી. પણ પછી ઓચિંતુ જ ફ્રામ ન્યૂ સાઇબીરિયન ટાપુઓ આગળ બરફમાં ખૂંચી ગયું—આપણે પહેલાં કલ્પેલા ચંદામાં લગભગ દોઢને ઠેકાણે. અધૂરામાં પૂરૂં ધ્રુવના લાંબા શિયાળાની રાતોના કાળા ઓળા પણ હવે ઊતરવા લાગ્યા. રાહ જોઇજોઇને થાક્યા, પણ વાયરા, વંટોળો ને બરફના વરસાદો ઝીલતુ ફ્રામ તો એક ફૂટ પણ



નાનસેનનું નાનું પણ મજબૂત અમર વહાણ 'ફ્રામ'

આગળ ખસ્યું નહિ. નાનસેન પણ એ લાંબી નિષ્ક્રિયતાથી કંટાળવા આવ્યો ત્યાં તરત તેને પોતાનો કર્તવ્યધર્મ સાંભર્યો ને બરફના એ વેરાન પર કંટાળો ન આવે એ સારૂ વૈજ્ઞાનિક શોધખોળના કામમાં એ લાગી ગયો.

એ શિયાળો ગયો, ઊનાળો ગયો ને ચોમાસું યે ગયું. નવા વાવંટોળ સાથે નવો શિયાળો ઊગ્યો અને આથમ્યો. ઉત્તરના પ્રકાશ સાથે નવો ઊનાળો બેઠો. આ લાંબા મુકામનો અને પરિસ્થિતિના કરવા પડેલા સામનાનો કોઇ રંગદર્શી સાહસબાજે રૂંવાડાં ખડાં કરી દે એવું બયાન કર્યું હોત. પણ શૂન્યથી ચાળીસ અંશ નીચે ઝાટકા જેવા વાતા પવને આંગળાં જૂદાં પડી ગયાં હોવા છતાં નાનસેને તો તેને ખુશનુમા જ જણાવ્યો છે,

'ફ્રામ' તો બરફથી મોકળું ન થયું તે ન જ થયું. નાનસેનને વિચાર આવ્યો, 'ત્યારે હવે પગપાળા જ સફર શા માટે ન કરવી ?' એને એ તો પકી ખાત્રી જ હતી કે વહેતા પ્રવાહોમાં 'ફ્રામ' આગળ ધકેલાશે, એટલે એક જાલમાર યોહાનસેનને જ લઈ તેણે વધુ ભયંકર ને વધુ કઠિન માર્ગ લીધો. સ્વર્ડ્રુપને તેણે 'ફ્રામ'-નો કબજો આપી દીધો ને બંને જણે વિજયેપ્સાને વશ બની, ૧૮૯૫ની ૧૪મી માર્ચના દિવસે એ અણપ્રીછી ભૂમિના અંતરાળમાં ગરક થતાં પગલાં માંડ્યાં.

જેમ આગળ વધતા ગયા તેમ દુષ્કરતા વધતી ગઇ. છતાં પડતા આખડતા, કોઇકવાર વે'માં તણાતા પણ તે એટલે સુધી તો પહોંચ્યા કે જ્યાં ત્યારસુધી


પ્રજાસંઘનો કમિશનર ડૉ. નાનસેન

તો આદમજાતની ખૂ સરખી યે ન પહોંચેલી. પહેલી જ વાર માનુષી પગલાં નીચે દબાનાર એ અમાનુષી ભૂમિ તે ૮૬°ની અક્ષાંશરેખા ને એ સોનેરી દિવસ ૧૮૯૫ના એપ્રિલની તા. ૭ મી.

નાનસેનને તો અહીંથી ધ્રુવ સર કરવો હતો. પરંતુ આગળ વધવું તો દૂર રહ્યું પણ જીવ બચાવવો હોય તો યે બનતી ઝડપે એ પટ છોડી જવાની આવશ્યકતા આવી પડી. બરફના ધસ્યા આવતા પ્રવાહો ને હિમગિરિઓની તડાતડ તેમની સલામતી ક્યારે ડુબાવી દે એ અચોક્કસ હતું. ભરેલે હૈયે ત્યાંથી જ નાનસેન ને યોહાનસેન પાછા વળ્યા.

ત્યાંથી ધ્રુવ સુધીની સફર કરતાં આ વળતી સફર ઓછી કઠિન ન હતી. તોફાનો ને ધુમ્મસોના હલ્લાથી તો બચાવ કરવાનો જ હતો, પણ અહીંતહીં માર્ગ રૂંધી મૂકતી બરફ વચ્ચેની પાણીની નીકોનો યે તેમને સામનો કરવાનો હતો. અધૂરામાં પૂરું નાનસેનને વળી કેડનું દર્દ ઊપડ્યું હતું; છતાં જેમતેમ કરી જુલાઇની ૨૪મીએ તેઓ ફ્રાન્ઝજોસેફલૅન્ડની ભૂશિર પર આવી પહોંચ્યા. અફાટ વેરાન જેવી એ ભૂમિમાં જ હવે બંનેએ શિયાળો ગુજારવાનો રહ્યો. એક કરતાં અનેક મુસીબતોનો આ શિયાળુ મુકામ દરમિયાન નાનસેન અને યોહાનસેને જે મુકાબલો કર્યો છે તે, મુસીબતોને હળવે હાથે કેમ લઇ શકાય તેનું આજ પણ પ્રતીક બની રહે છે.

૧૮૯૬નો ઊનાળો આવ્યો ને જાણે સ્વપ્નમાંથી જાગ્યા હોય તેમ તેમણે કૂતરાંના ભસવાનો અવાજ સાંભળ્યો. હળવેહળવે કરીને પછી તો બધા પાધરા થયા. ફ્રાન્ઝ જોસફલૅંડની શોધખોળ કરવા ઊપડેલી એ જૅકસન અને હાર્મ્સવર્થની ટુકડી હતી. નાનસેને ટોપી ઊંચી કરી ને એક અંગ્રેજ ને એક નૉર્વેજિયને એ કુંવારી ભૂમિ પર પોતપોતાની સાહસદિલીની અરસપરસ પિછાણ કરી. તેમના વહાણ 'વિન્ડવર્ડ' તેને વાર્ડો હેવન પહોંચાડી દીધો. એક જ અઠવાડિયું રહીને એમની પછી 'ફ્રામ' પણ આવી લાગ્યું.


'ફ્રામ'ની આ સફર એકલા નૉર્વેમાં જ નહિ પણ જગતભરમાં અમર બની, કારણ નાનસેનના ભાખ્યા પ્રમાણે જ એનું ભાવિષ્ય ગુજર્યું હતું. એ સફળ દિવસથી જ ધ્રુવના પડોશના જગતની આંખથી અનાવિષ્કૃત રહેલા પટોનો પહેલો વૈજ્ઞાનિક સ્ફોટ થાય છે, જેને આધારે જ આ સદીમાં બાયર્ડ વિમાનથી ને આમુંડસેન હવાઇ જહાજથી તેની સવિશેષ ચમત્કૃતિઓ બહાર આણી શક્યા છે. નાનસેન એ રીતે ગત સદીની જ નહિ પણ ચિરકાળની એક પ્રેરણામૂર્તિનું સ્થાન મેળવે છે.

'ફ્રામ'ની સફરસમાપ્તિ સાથે નાનસેનની શોધક જિંદગીનો અંત આવ્યો ને તે રાજકારણમાં પલોટાઇ ગયો. નૉર્વેમાં રાજાશાહી સ્થપાઇ ને તે ઇંગ્લંડ માટેનો પ્રધાન નિમાયો. બે વર્ષ ઇંગ્લંડમાં રહી ભૂગોળ અને સમુદ્રયાન ઉપર તેણે પુસ્તકો લખ્યાં. પછી મહાયુદ્ધ આવ્યું. દુનિયા ખેદાનમેદાન બની ગઇ ત્યારે પ્રજાસંઘની કાર્યવાહીમાં મોખરે આવી, વિશ્વાસવિહોણી બનેલી માનવતાને સુલેહના એક તાંતણે બાંધવાનો અથાક પ્રયાસ કર્યો. પ્રજાસંઘના કમિશનર તરીકે સૌ પહેલું કામ તેણે જુદાજુદા દેશોમાં જુદાજુદા દેશોના કેદ રહેલા યુદ્ધના પાંચ લાખ કેદીઓને છૂટા કરાવ્યા.

૧૯૨૧માં રશિયામાં દુકાળ પડ્યો ત્યારે તેણે જાતે જઇ રશિયાની કારમી સ્થિતિનું અવલોકન કર્યું. અને યુરોપભરની એકેએક રાજધાનીઓમાં રખડી, અમેરિકાને વિનવણીઓ કરી, રશિયા માટે તે લોનો મેળવી શક્યો. તેના આ પ્રયાસોને અંગે, જે એક માત્ર જ તેની શાંતિચાહના સમજાવી શકે તે નોબેલ પુરસ્કાર ૧૯૨૩માં તેને આપવામાં આવ્યો. પણ તેણે તો સીધાં એ નાણાં રશિયાના ખેતીવાડીખાતાને આપી દીધાં.

પીડિત માનવના માટે પોતાનું હૃદય હમેશાં ધબકતું રાખનાર નાનસેન જીવ્યો ત્યાંસુધી ભૌગોલિક જ્ઞાનની સીમાઓ વિસ્તારવા મંડ્યો રહેલો. ૧૯૩૦ની સાલમાં એ અવસાન પામ્યો. એના સુલેહ માટેના પ્રયાસો સંભવ છે કે દુનિયા ભૂલી જાય. પણ ઉત્તર ધ્રુવના એ ઝિંદાદિલ કપ્તાને સુલભ બનાવેલા એકાણનું ઋણ તો દુનિયા નહિ જ વિસારી શકે.

અશોક હર્ષ



કૌટુંબિક જીવનનું એક સુંદર દશ્ય હતું.

બે શિકાર

અમારા પડાવથી એક માઇલ દૂર વરૂઓની કિલ્લેબંદી હતી. રાત્રે ગામડાંઓમાં જઇને બકરાંઓ અને ઘેટાં પર તે છાપો મારતા અને સૂર્યોદય પહેલાં ટોળામાં મળી જતા હતા.


સમી સાંજે અંધકાર થતાં જ ટેકરી પર બેસીને હૂ . . . હૂ . . . કરતા આ પ્રાણી રોજ શું પ્રભુને પોતાના ખોરાક માટે પ્રાર્થના કરતું હશે? સૌના સરજનહાર અને પાલકનો એમને ય ખ્યાલ હશે. માંસાહારી અને શાકાહારી એ સૌનો એક ઇશ્વર છે. સૌની વ્યવસ્થા એને તો કરવી પડે છે. બકરી અને વરૂ બન્ને એની જ સૃષ્ટિ છે. કોણ સારૂં અને કોણ ખરાબ? કુંભાર કોણ અને માટી શું? એ તો એ જાણે જે સર્વમાં વ્યાપક છે.

સવારમાં વહેલા ઊઠી અમે વરૂઓનો સામનો કરવા ચાલી નીકળ્યા. ઘણે દૂર જવાનું નહોતું. વરૂની કિલ્લેબંદીથી ત્રણ ફર્લાંગ દૂર દૂરબીન લગાવીને હું બેઠો. કૌટુંબિક જીવનનું એ કેટલું સુંદર દશ્ય હતું! એક વૃદ્ધ વરૂ તડકામાં બેઠો હતો. પોતાની પાસે બેઠેલા જુવાન અને બાળક વરૂઓ તરફ તત્ત્વજ્ઞાનીની જેમ જોઇ રહ્યો હતો. જાણે પોતાની વીતેલી જુવાનીનું સ્મરણ કરીને ભૂતકાળ વાગોળતો હતો.

ટેકરી પર લગભગ દસબાર વરૂ હતાં. એમના સુખી જીવનને નષ્ટ કરનાર હું કોણ? મારા કુટુંબ પર, જ્યારે અમે રંગરાગ કરતા હોઇએ ને કોઈ ગોળી છોડે તો મને કેવું લાગશે? એ વેળા ક્રોધથી હું શત્રુનું લોહી પીવા દોડીશ કે વિષાદથી આંસુઓની ઝડી વરસાવીશ, ભગવાનને યાચના કરીશ અથવા પાગલ થઇને મરી જઇશ, કે જીવતું મુડદું બનીને મોતની ઘડીઓ ગણીશ. આ વિચારે વરૂઓને મારવાનું મન થતું નહોતું. પણ ખ્યાલ આવતો કે જ્યારે ગાયમાં હજારો કીડા પડે છે અથવા સ્વજનો જ્યારે રાષ્ટ્ર અથવા ધર્મની સામે વિદ્રોહ કરે છે ત્યારે એમનો વિનાશ કરવામાં આવે છે; તો પછી હું એમને શા માટે ન મારૂં—સ્વાર્થ અને બીજાની ભલાઇને ખાતર? સ્વાર્થ પોતાનો—શિકારવાસનાની તૃપ્તિ અને વરૂથી પણ ભયંકર વ્યક્તિઓ દ્વારા મળેલા કષ્ટનું શમન; ભલાઈ એ લોકોની કે જેમની લેણદારોએ દુર્ગતિ કરી દીધી હતી એમનાં તો બાળબચ્ચાં ખવાઇ જવાની પણ ધાસ્તી હતી.

હું આગળ વધ્યો. સંતાઈ છુપાઇને હું એ ટોળીથી અઢીસો ગજ દૂર પહોંચી ગયો. રાઇફલમાં ૧૫૦ ગ્રેનની ગોળીના કારતુસ મૂક્યા. ૧૫૦ ગ્રેનની ગોળીની ગતિ રેમિંગ્ટન રાયફલમાંથી નીકળતી વખતે એક સેકંડે ત્રણ હજાર ફૂટ હોય છે. વરૂ અથવા નાસતા શિકારને માટે આવી તીવ્ર ગતિવાળી ગોળી જોઇએ. સંભાળીને નિશાન લીધું. મારી કાળિકાએ એક હુંકાર કર્યો. બે વરૂઓ પર જાણે વીજળી પડી. એક વરૂને પાર કરીને ગોળીએ બીજા વરૂને પણ પૂરો કર્યો. પણ પેલો વૃદ્ધ બચી ગયો.

સાંજે એને મારવાની ચેષ્ટા કરી, પરંતુ પંચતંત્રના 'એકબુદ્ધિ'વાળાની જેમ એ કોણ જાણે ક્યાં ચાલ્યો



ગયો અને છ સાત માસ પછી હાથ લાગ્યો. અમે લોકો આખો દિવસ ત્યાં જ રહ્યા, જમ્યા પણ ત્યાં જ. ટેકરી પર એક બકરી બાંધીને હું ઝાડીમાં લપાઈ ગયો. બકરીની બોલી સાંભળીને એક વરૂ આવ્યો. એક ગોળીએ એને ચિત કરી દીધો.

એના ચામડા માટે લોકોએ ખૂબ ખુશામત કરી. પૂછવાથી ખબર પડી કે વરૂની ખાલથી ઢોલક સરસ મઢાય છે. બધી ખાલ એમને વહેંચી દીધી.

(૨)

જંગલ અને ખેતરોમાંથી કોઈ મોટો ઉપદેશ મળતો હોય તો તે વ્યક્તિત્વના વિકાસ અને સ્વતંત્રતાનો. જંગલમાં ઝાડોને જોઈએ તો દરેકનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે. મોટાં તરુઓ પોતાના વ્યક્તિત્વની છાપ નાનાં ઝાડો પર નથી પાડતાં. હા, મોટાં વૃક્ષોની છાયામાં નાનાં ઝાડ અને છોડવાઓનો વિકાસ નથી થતો.

બીજી વાત છે ભિન્ન ભિન્ન જનાવરોની સ્વતંત્રતાની. હરણ અને વરૂ, સુવર અને વાઘ, ગીધ અને સસલાં સૌ જંગલમાં રહે છે, એકબીજાને ખાઈ પણ જાય છે, પરંતુ કોઈ કોઈની સ્વતંત્રતા હરણ કરીને પોતાની ગુલામી કરાવતું નથી. રશિયાનો વાઘ હિમાલયના વાઘને જીતવાનો વિચાર નહિ કરે. ઈંગ્લંડનો કાગડો ભારતીય કૌવા સાથે હોડ કરવાનો ખ્યાલ સુદ્ધાં કરી શકતો નથી. એટલા માટે કે એ ખ્યાલ જ નથી કરી શકતા? તો પછી ખ્યાલ—વિચારશક્તિ—ને મનુષ્ય માત્રને બંધુતાના સૂત્રમાં બાંધવા માટે કેમ ન વાપરી શકાય? જંગલ પાર કરતાં, તેતરની બોલી સાંભળતાં અને ટેઢાનાં વૃક્ષોની શાખાઓને માર્ગમાંથી હઠાવતાં મને આવા વિચારો મનમાં આવી રહ્યા હતા.

વાતો કરતા કરતા હું ગોપાલસિંહ અને ગોવિંદો યમુનાના ઘાટ પર પહોંચ્યા. ત્યાં આગળ એક ખૂબ મોટો મગર રહેતો હતો. એ ઘણી બકરીઓ, કૂતરા, બે સાથો, એક સ્ત્રી અને એક બાળકને પણ ખાઈ ગયો હતો. નદીની બહાર ક્યારેક નીકળતો. હું એ તરફથી નીકળતો ત્યારે શિકારીની દૃષ્ટિથી એ તરફ જોતો; પણ એ કદી નજરે પડતો નહોતો. પણ તે દિવસે દૂરબીનથી જોતાં જ એક મોટો મગર નદીકિનારે દેખાયો. એ છબકલીના મોઢાવાળો મનુષ્યભક્ષી મોટો મગર હતો. પણ હાથમાં શી રીતે આવે?

આંધળીઆં કરીને ફાયર કરવો એ મૂર્ખતા હતી. કોઈ પણ રીતે જો ત્રીસ ચાળીસ ગજ દૂરથી નિશાન આવે તો જ એના શિકારની સંભાવના હતી. એ બેઠો હતો પણ બરાબર ખાડાને કિનારે. જરાક સરકીને પાણીમાં જઈ શકે એમ હતું. નિશાન એવું અચૂક લાગવું જોઈએ કે એ હાલી જ શકે નહિ. આવું નિશાન લેવા માટે નદીને પેલે પાર જવું આવશ્યક હતું. આ બાજુથી એની ગરદન સ્પષ્ટ દેખાતી નહોતી. ડાબી કે જમણી બાજુએથી જઈએ તો જોઈ લે, એટલે નદી પાર જઈને એક ઝાડને ઓથેથી નિશાન લેવાનો નિશ્ચય કરીને અમે નદી પાર કરી.

ગોવિંદા અને ગોપાલસિંહને પાછળ મૂકીને મેં અવાજ કર્યા વિના ધીરેધીરે મગર તરફ જવા માંડ્યું. અરધા કલાકની મહેનતે ટેકરી અને બીજું પાર કરીને પહોંચ્યો. થોડો વિસામો લીધો. શ્વાસ બેઠો અને ગરદન ઊંચી કરીને જોયું તો ત્યાં મગર જ ન મળે. મને એણે આવતાં જોઈ લીધો હશે. બધી મહેનત અફળ ગઈ; પણ મેં ત્યાં બેસવાનો નિશ્ચય કર્યો. ગોવિંદા અને ગોપાલસિંહને દૂર બેસાડ્યા, જેથી નદી પાર કરનાર વટેમાર્ગુઓને, અને પશુઓને પાણી પીવડાવનાર આ-

નારને તેઓ આ બાજુ આવવા ન દે.

ત્રણ કલાકની તપસ્યા પછી ફળ મળ્યું. બાગની વચ્ચે પાણીના ધોવાના પત્થર જેવું કંઈક ઉપર આવ્યું. મગર જ હતો. એનો આકાર ભય ઉત્પન્ન કરતો હતો. હું ઊંચે હતો અને એ નીચે. ગરદન પર ગોળી મારું તો ઓછી પડવાનો ભય હતો, કારણકે હું ખૂબ ઊંચે હતો; એટલે ધડ અને ગરદનના સંગમ પર રેમિંગ્ટનની ગોળી અજમાવવાનો વિચાર કર્યો. નિશાન લઈને ગોળી છોડીઃ ધાંય! ચોટ બરોબર નિશાન પર વાગી. નિશાનથી એક ફૂટ ઊંચો લોહીનો ફુવારો ઊડ્યો. દૈત્ય હાલ્યો અને ઊંડા ખાડામાં જાણે ભીંત પડી.

ગોળી સખત વાગી હતી. ધારેલું કે દસ વીસ મિનીટમાં તો એ જરૂર મરશે, પણ હાથમાંથી ચાલ્યો ગયો. આટલા મોટા મગરનું પૂછડું પકડવાની મૂર્ખતા કરત તો મને તો શું પણ મારા જેવા વીસ માણસને યે લઈ જાત. નાવડી મંગાવીને કાંટા (બિલાડી) નખાવ્યા પણ પત્તો ન લાગ્યો. અને છેક સાંજે પાસેથી જ એ મળ્યો. દોરડાથી ખેંચીને બહાર કાઢવામાં આવ્યો. પેટ કાડ્યું તો એમાંથી અરધું ગળેલું છોકરું, કાંસાનાં કડાં, ચૂડીઓ અને છલ્લાં પહેરેલી એક સ્ત્રી અરધી ગળેલી અવસ્થામાં નીકળ્યાં, અને બે ત્રણ દિવસનો પકડેલો એક કૂતરો પણ નીકળ્યો. સ્ત્રીનું માથું નહોતું.

મગર નર હતો. પ્રદર્શનને માટે તેને ગામમાં લાવવાનું ઠર્યું. પેટ તો ખાલી કરી દીધું હતું, પૂછડું કાપ્યું ત્યારે મુસ્કેલીએ ઊંટથી પણ ઉચકાયો. ગામનાં સ્ત્રીપુરુષો જોવા આવ્યાં. કેટલાક એના નખ અને દાંત લઈ ગયા. ગાયભેંસવાળા એની ખોપરીનાં હાડકાં લેવા આવ્યા. કારણ, જે પશુના ગળામાં એ હાડકું બંધાય તેને કોઈ રોગ નથી થતો. કોણ જાણે આ કેટલું સાચું છે! પણ એક વાત છે કે મગરને કોઈ રોગ નથી થતો. પાણીમાં રહે છે માટે? ત્યારે માછલીને કેમ આટલા રોગો થાય છે?

ગોવિંદાએ ખાલ ઉતારી ને ચરબીમાંથી તેલ કાઢ્યું. એના એકલાથી તો એ હલાવાતો પણ નહોતો.

માર્યો તો એક જ મગર, પણ હતો કુંભકર્ણ. હજારો હીરા કરતાં એક કોહીનૂરનું મૂલ્ય વધારે. બીજે દિવસે વરૂઓ સાથે લડાઇ કરવાનું નક્કી કર્યું. મગરનો શિકાર બહુ ઉત્તેજક નથી, એટલે જરા ચાનકદાર વસ્તુની જરૂર હતી. રાયફલ સાફ કરીને સૂઈ ગયા.

શ્રી રામ શર્માના હિંદી પરથી અનુવાદક **કિસનસિંહ ચાવડા**

ફોટોગ્રાફી

(અનુસંધાન આગળ પાના ૬૦૮થી)

● જેમને ફોટોગ્રાફી માટે હિંદી શબ્દ વાપરવાની તમન્ના હોય તેમને 'ફોટોગ્રાફી' શબ્દનો મૂળ અર્થ જાણીને શબ્દયોજના કરવાની સરળતા થાય તે ખાતર તેની વ્યુત્પત્તિ આપીએ છીએ: ફોટોસ (light=પ્રકાશ) ગ્રાફી (printing process=મુદ્રા અથવા મુદ્રણ). પ્રકાશથી બનેલી મુદ્રા તે ફોટોગ્રાફી. આપણે તેને પ્રકાશમુદ્રા કહી શકીએ. અમે ફોટોગ્રાફી શબ્દ જ ચાલુ રાખવાનો મત દર્શાવીએ છીએ, છતાં બીજા પ્રાયોગિક શબ્દો માટે કોઇ સરળ તરજૂમા સૂચવશે તો આભારી થઇશું.

હરીફાઈનાં ઇનામો

પહેલું ઇનામ: 'તીરંદાઝ'-ભાઇ સૈયદ અહમદ (ડભોઇ); બીજું ઇનામ: 'ઘરનો ખૂણો'-ભાઈ મફતલાલ દૂધીઆ (અમદાવાદ); ત્રીજું ઇનામ: 'વૃદ્ધ મારવાડી ભીલ'-ભાઇ એમ. એસ. પથરાવાળા (અમદાવાદ); ઉત્તેજના ઇનામ: 'દેવસ્થળ' -ભાઈ નગીનભાઈ દૂધીઆ (અમદાવાદ).

નોંધપાત્ર (ગુણ પ્રમાણે): ૧ 'વાત્સલ્ય'-ભાઇ કનુ રાવત (અમદાવાદ); ૨ 'પ્રભાતનો છડીદાર'-ભાઈ હર્ષ જે. વ્યાસ (અંગોરા-યુગાન્ડા); ૩ 'પાવાગઢનો પ્રવાસી'-ભાઇ સૈયદ અહમદ (ડભોઇ); ૪ 'મહેતર'-ભાઈ સૈયદ અહમદ (ડભોઇ).

ભાઈ સૈયદ અહમદનો 'તીરંદાઝ' છાયાચિત્રનો સરસ નમૂનો છે. ડુંગરાળ પ્રદેશના ભીલ અચ્છા તીરંદાઝ હોય છે. મુસાફરીના શોખીન સંખ્યાબંધ ભીલોને તીરકામઠાં સાથે વગડામાં રખડતા જુએ છે. એ દશ્ય ભાઈ સૈયદ અહમદ તેમના ચિત્રમાં આબાદ ખડું કરે છે. છાયાચિત્રની સાર્થકતા વિષયના સંયોજન પર અવલંબે છે. ભીલની તાક નીચી હોવાથી મુખ અને હાથ ભેગાં થઇ જાય છે અને કંઇક કૃત્રિમતાનો ભાસ થાય છે. પાત્રની દેહછટા જ ચિત્રનું મુખ્ય આકર્ષણ છે.

જૂની ઢબનાં ઘરોના અંધારા ખૂણામાં પણ ફોટોગ્રાફીને અનુકૂળ વિષય ભાઇ મફતલાલ દૂધીઆને મળ્યો છે. તેમનામાં ચિત્રસામગ્રી પારખવાની શક્તિ દેખાય છે. 'વૃદ્ધ મારવાડી ભીલ'ની મારકણી દૃષ્ટિ તમને આરપાર પામી જતી જણાતી નથી? ભાઇ પથરાવાળાના પૉર્ટ્રેટમાં વિષય કૅમેરાની સામે નજર માંડી રહ્યો છે છતાં તેમાં કુદરતી ભાવ હોવાથી કશું જ અજુગતું લાગતું નથી. નેગેટિવને બંધબેસતા પેપરની છાપ લેવાથી ચિત્રની વિગતો સલામત દેખાય છે.

'દેવસ્થળ'માં પણ છાયાપ્રકાશની યોજના કઠિન પ્રકારની છે. વિષયને અજવાળતા પ્રકાશની મુખ્ય આવ કૅમેરાના લેન્સ સામેથી જ છે. આવા વિપયોગમાં એક્સ્પોઝરનું પ્રમાણ બરાબર જાળવવું પડે છે, નહિ તો ચિત્ર અન્ડર કે ઓવર એક્સ્પોઝ્ડ થઇ જવાનો પૂરો સંભવ રહે છે. ભાઇ નગીનભાઇ દૂધીઆએ સર્જેલું ફોટોચિત્ર આહ્લાદક છે, પણ કાપકૂપ માગે છે. ડાબી તરફથી દોઢ ઇંચ અને જમણી તરફથી પા ઇંચ કાપતાં ચિત્ર-લક્ષ્ય કેન્દ્રસ્થાન પામે છે અને ચિત્રહેતુ સધાય છે.

બળવન્ત ભટ્ટ

નિશીથ યાત્રા (અનુસંધાન આગળ પાન ૫૮૨થી)

યોગિનીઓના આશીર્વાદ લઈ અમે ટેકરી ઊતરવા લાગ્યા. હજુ યે થોડોથોડો પ્રકાશ હતો એટલે અમે હસતાખેલતા પણ ઉતાવળે ધુવાંધારની શોધે નીકળ્યા. આગળ થનારાઓની લગામ ખેંચવાનું અને પાછળ રહેનારાઓને ચાબુક લગાવવાનું કામ એક જ જણને કરવાનું હતું. અને મારો અનુભવ છે કે નાસતા મેંઢા કે વાછરડાને જેમ પાસે લાવવા પ્રયત્ન કરીએ છીએ તેમતેમ તેને દૂરદૂર ભટકવામાં મોટી બહાદુરી લાગે છે. અને તેના પર ગુસ્સે થઈ તેને પાછો આણવામાં પડતા કષ્ટથી સંઘપતિને પણ પોતાનું મહત્ત્વ વધ્યા સરખું લાગે છે. પરસ્પરની આ ખેંચતાણના ત્રાસની મજા કોનેથી છૂટતી નથી.

જ્યાં જોઈએ ત્યાં સફેદસફેદ પથ્થર. જબલપુરનો જ એ પ્રદેશ! પણ એક ઠેકાણે અમને શંખજીરાનું એક ખેતર જ મળી આવ્યું. શંખજીરું એ એક અદ્ભુત વસ્તુ છે. સફેદ તો ખરું જ પણ બીલકુલ લીસું. જાણે પેન્સિલમાંનું સીસું જ. નાનપણમાં એક વખત મને સંગ્રહણી થએલી ત્યારે આ શંખજીરાની પડીકી વસ્ત્રગાળ કરી, બરફીમાં નાખી ખાધી હતી. ત્યારથી શંખજીરા પર મારી શ્રદ્ધા બેઠી હતી. આ પડીકી આંતરડાંમાં સરીને જ્યાંજ્યાં જખમો પડ્યા હોય ત્યાંત્યાં ભરાઈને તે પૂરવામાં મદદ કરે છે. અને જખમ પૂરાઈ જતાં જ પેટમાંથી આપોઆપ નીકળી જાય છે. પથ્થરની ભૂકી: એ થોડી જ પચવાની છે! પેટમાં રહે તે રોગ મટાડવા. પણ પોતાનું કામ પૂરું થતાં ઉપકારનાં વચનો વસુલ કરવા સારૂ પણ તે વધુ દિવસ રહેવાની ભૂલ નથી કરતી.

હવે તો ચારે બાજુ ઠીક ઠીક અંધકાર જામી ગયો. સર્વત્ર ભયંકર એકાંત હતું અને અફાટ સમુદ્રમાં કોઈ વહાણ ચાલે તેમ એ એકાંતને કાપતી અમારી ટુકડી આગળ વધતી હતી. હવા કંઈક ગુંગળાએલી લાગતી હતી. ક્યારે વરસાદ આવે એનો નેઠો નહોતો. આકાશમાં જોયું તો કાળાં કાળાં અભ્રો વચ્ચે એક બાજુ એક જ તારો ચમકતો હતો;–ચમકતો શાનો? દુઃખે કષ્ટે બિચારો સહેજ ડોક લંબાવી જોતો હતો. એક જબરા મોટા મકાનમાં કોઈ એકાકી વૃદ્ધા ગોખમાં બેસીને ઝૂકી રસ્તા પર જોતી હોય એમ અમે આગળ ચાલ્યા. હવે જમીન સારી રીતે માની આવી, વચ્ચે વચ્ચે પાણી અને કીચડનાં ખાબોચિયાં પણ આવતાં.

અંધારું ખૂબ વધી ગયું. ખાડાખડબામાંથી રસ્તો કાઢવો મુશ્કેલ પડવા લાગ્યો. આગળ જવાનો ઉત્સાહ ખૂબ ઓછો થઈ ગયો. આવી મુશ્કેલ જગ્યાએ અંધારી રાતે અમે અહીં સુધી આવ્યા એને જ પ્રવાસનો આનંદ માની અમે પાછા જવાનો વિચાર કર્યો. આવા નિર્જન અને ભયાનક સ્થળે ચોર ભેટે તો?–એવી શંકા મનમાં આવી. કેટલાક લોકોને એકલા પ્રવાસ કરતાં ચોર-ચપેટાની બીક લાગે છે. મોટો સમુદાય હોય તો બીક જાણે સઘળામાં વહેંચાઈ જઈ, પ્રત્યેકને ફાળે બહુ ઓછી આવે છે અને એકમેકના આધારે પ્રત્યેક જણ પોતાની બીક મનમાં ને મનમાં દાબી દઈ શકે છે. કેટલાક લોકોનું એથી ઊલટું જ હોય છે. એકલા હોતાં તેમને પોતાની કંઈ જ પરવા નથી હોતી, પોતાનું ચાહે તે થાય. મારામારી કરવાનો પ્રસંગ આવે તો સામી છાતીએ આબરૂભેર આખે શરીરે માર ખાઈ લેવામાં પણ કંઈ મોટું નુકસાન નથી; અને અહિંસક વૃત્તિ હોય તો ગુસ્સો ન કરતાં કે ડરીને નાસી ન જતાં માર ખાતા રહેવાની મજા કંઈ જુદી જ છે; કારણકે સત્યાગ્રહી વૃત્તિએ ખાધેલો માર દેનારાને સારો તો લાગે છે; પણ મારનારો પ્રત્યેક ક્ષણે પોતાના જ મન સમક્ષ ફજેત થાય છે.

પરંતુ જ્યારે આખી ટોળી બરાબર હોય ત્યારે પ્રત્યેક જણ કેમ વર્તશે, એની આપણને ખાત્રી નથી હોતી. છોકરાંઓ અથવા બૈરાંઓ સાથે હોય ત્યારે જુદી રીતે જ વિચાર કરવો પડે છે. પોતાની જાતને સંકટમાં નાખવામાં જે લિજ્જત છે તે એવા પ્રસંગે અનુભવવામાં નથી આવતી. બધા જ સત્યાગ્રહી હોય તો જુદી વાત, પણ મોટું લાવલશ્કર વળગાડીને સંકટના ઠેકાણે કદી પણ જવું નહિ. શ્રી કૃષ્ણના કુટુંબકબીલાને લઈને જનારા વીર અર્જુનની કેવી દશા થઈ તે આપણે પુરાણોમાં વાંચીએ જ છીએ.

આ આવા અંધારામાં ખડકો ખડકો વચ્ચેથી તે ક્યાં સુધી જવું અને ત્યાં શું જોવા મળવાનું, એની કલ્પના ન હોતાં અહીંથી પાછા જવું જ સારું એવો વિચાર મનમાં આવ્યો ત્યાં જ જમણી બાજુએ એક નાનીશી [illegible] ઝૂંપડી નજરે પડી. આવા નિર્જન

પ્રદેશમાં ચોર જુએ તોય શાની ચોરી કરે? પણ ચોરી કરીને થાક્યા પછી શાંત અને નિશ્ચિતપણે બેસવા સારૂ આ જગ્યા સરસ છે. ચોરોની શોધ કરવા નીકળેલા લોકોને અહીં સુધી આવવાની કલ્પના જ ન આવે.

કે આ ઝૂંપડીમાં નિરંજનનું ધ્યાન ધરનારો કોઈ અલગ ઉપાસી સાધુ રહે છે? અમે ઝૂંપડી નજીક ગયા. અંદર કોઇ જ નહોતું! ત્યારે તો આ ઝૂંપડી સાધુની ન હોય. ફકીર સારો દિવસ ગમે ત્યાં રખડે પણ રાતે તો પોતાની મસીદમાં આવવાનું ન જ ચૂકે. અને બાવો હોય તો તેની રાત બહાર ક્યાંયે ન વીતતાં પોતની સહચરી આગની ધૂણીના સહવાસમાં જ જવાની.

ત્યારે તો આ ઝૂંપડી માછલાં મારનાર માછીમારોની હોવી જોઇએ. ચાહે તેની હો, આપણને તેનું શું? આપણે કંઇ થોડી જ આજની રાત અહીં કાઢવાની છે? થોડેક આગળ જતાં ખાત્રી થઇ કે રસ્તો વગેરે ઠીક ન હોવાથી હવે આગળ અંધારામાં જવું એ કેવળ કષ્ટને જ નોતરવા જેવું છે. એટલે મેં હુકમ છોડ્યો, 'ચાલો, હવે આપણે પાછા ફરીએ.' એટલામાં કેમ જાણે સત્ત્વપરીક્ષા પૂરી થઇ હોય તેમ વાદળાં થોડાંક હટયાં અને બરાબર માથે આવેલા ચન્દ્રે 'પશ્યાશ્ચર્યાણિ ભારત,' મુજબ આસપાસનો પ્રદેશ પ્રકાશિત કર્યો. સૂર્ય બધું જ પ્રગટ કરી દેતો હોવાથી તેના પ્રકાશમાં કંઈ કાવ્ય નથી હોતું. અંધારી રાતે આકાશમાંના તારામાં વિચરનારી દૃષ્ટિને ચન્દ્ર પૃથ્વી પર મોકલે છે ને કહે છે: થોડુંક આંખોથી જુઓ અને બાકીનું બધું કલ્પનાથી ભરી કાઢો!

ચન્દ્રે મદદ કરી અને દૂર દૂરથી ધુવાંધારનો ઘોષ સંભળાવા લાગ્યો. હુકમ બાજુએ જ રહ્યો અને પગ જોરથી આગળ ઊપડવા લાગ્યા. થોડાક જ આગળ ગયા ત્યાં જાણે દૂધનો સ્રોત વહેતો હોય એવો ધુવાંધાર નજરે પડ્યો. સરસર ધબધબ! સુળસુળ ધબધબ! કર્‌ર્‌ર્‌ર્ ધબધબ! ધબધબ ધબધબ! ઉન્મત્ત પાણી વહ્યું જ જતું હતું, અને એ પાણીમાંથી બહાર નીકળતી સીકરવૃષ્ટિ સર્વત્ર પ્રસરતી હતી. વૃષ્ટિ શાની? તુષારનો ફુવારો જ! કેટલું બધું અતિથિશીલ! આ સૂક્ષ્મજીવનકણોએ અમારી આ જીવનક્ષણોનું સાર્થક કર્યું. ચન્દ્ર હસતો હતો, પાણી રમતું હતું, તુષાર ઊડતું હતું, હવા ઝૂલતી હતી ને અમે ડોલતા હતા. આ જુઓ, આ જુઓ, ત્યાં જુઓ, કેવી મજા છે એવા ઉદ્‌ગારો ઘોષ વધુ ને વધુ જોતાં શરૂ થયા. અમારી સાથે આવેલા સ્વયંસેવક વાટાડેએ જુદી જુદી ઋતુમાં ધુવાંધાર કેવો દેખાય છે તેનું વર્ણન કરવાની શરૂઆત કરી. અહીં લોકો તરવા કેમ આવે છે, ક્યાંથી ડૂબકી મારે છે, ઉનાળામાં ધુંવાધારની ઊંચાઈ કેટલી હોય છે વગેરે કેટલીક માહિતી તેણે અમને સંભળાવી અને પોતાની માહિતી અને રસિકતા બદલ અમારી પાસેથી એણે પોતાની કદર કરાવી લીધી. અમે એકધ્યાને ધૂવાંધારથી સાથે એકરૂપ થવામાં ગરક થયા. કેટલાં ભવ્ય-પાવન દર્શન એ! અરણીના મંથનમાંથી પ્રથમ ગરમી પેદા થાય છે, એ પછી ધુમાડો નીકળવા લાગે છે અને ધુમાડો ઠેકાણે પડતાં તણખા ઝરે છે ને પછી ભડકો નીકળવા લાગે છે. એ જ પ્રમાણે નિસર્ગયાત્રાથી કુતૂહલ જાગૃત થાય છે, તેમાંથી અદ્‌ભુતતા જન્મ લે છે અને તે સારી રીતે એકઠી થતાં એકાએક ભક્તિનો ઉમળકો બહાર પડે છે. 'ચાલો આપણે અહીં શિલા પર બેસીને પ્રાર્થના કરીએ.' પ્રાર્થના માટે આવું પવિત્ર સ્થાન ને આવો શુભ કાળ હમેશાં નથી મળતો. સર્વે જણ ટપોટપ એ ઠેકાણે ઝૂકી પડ્યા અને 'યં બ્રહ્મા વરુણેન્દ્ર૦'નો ધ્વનિ ધુવાંધારને કાને પડ્યો.

જેમ જુદા જુદા વખતે જુદા જુદા રાગ ગાવામાં આવે છે તેમ મને જુદે જુદે સ્થળે જુદાં જુદાં સ્તોત્રો સૂઝે છે. હિંદુસ્તાનની દક્ષિણે કન્યાકુમારી ત્રણ વખત ગયો હતો તે વેળા મને ગીતાનો દસમો તથા અગીઆરમો અધ્યાય સૂઝ્યો હતો. વિભૂતિયોગ અને વિશ્વદર્શન યોગનો ઉત્કટ પાઠ કરવા સારૂ એ જ યોગ્ય સ્થાન છે. અને જ્યારે સિલોનના મધ્ય ભાગે—અનુરાધાપુર નજીક—મહેન્દ્ર પર્વતના શિખર પર સંધ્યાસ્તે પહોંચ્યો હતો, ત્યારે પાટલિપુત્રથી આકાશમાર્ગે આવી, આ શિખર પર ઊતરનારા મહેન્દ્રનું સ્મરણ કરી હું ઈશાવાસ્યોપનિષદ્ બોલ્યો હતો. અનાત્મવાદી બુદ્ધશિષ્યોના આત્માને ઇશોપનિષદ્ સાંભળી શું થયું હશે એ દૈવ જાણે! અને પૂનાથી શિવનેરી ગયો હતો ત્યારે મસીદની ઊંચી ભીંતનાં પગથિયાં ચઢી, શ્રી શિવાજી મહારાજના બાલ્યકાળની ક્રીડાભૂમિનાં દૂરથી દર્શન કરવા લાગતાં, કોણ જાણે કેમ, માંડૂક્યોપનિષદ ઠીક લાગ્યું.

એ ઉપનિષદ્ શ્રી સમર્થને પ્રિય હતો એમ જ માનવાનો ક્યાંયે પુરાવો નથી. પણ 'નાન્તઃપ્રજ્ઞં ન બહિઃપ્રજ્ઞં નોઽભયતઃપ્રજ્ઞં ન પ્રજ્ઞાનઘનમ્ ન પ્રજ્ઞં નાપ્રજ્ઞમ્।' એ કણ્ડિકા બોલવા લાગતાં કેમ જાણે શિવકાલીન મહારાષ્ટ્ર તેમજ અભેદભક્તિ કરનારા સાધુસંતો જોડે હું તદ્દન એકરૂપ થઈ જતો હતો. ધુવાંધારની મસ્તી અને તેના તુષારનું હાસ્ય જોઈને અહીં સ્થિતપ્રજ્ઞ ગાવું લાગ્યું.

ઉત્કટ ભાવનાનું સેવન લાંબા વખત સુધી કર્યા જ કરવું જોઈએ એવું કાંઈ નથી. એકાદ આલાપમાં એક અખિલ ભાવસૃષ્ટિ સમાવી શકાય. એકાદ જલબિન્દુમાં પ્રચણ્ડ સૂર્ય પ્રતિબિંબિત થઈ શકે. એકાદ દીક્ષામંત્રથી યુગયુગનું અજ્ઞાન હટાવી શકાય. એક ઘડીમાં અમે ધુવાંધારનું વાતાવરણ અમારું કર્યું. આંખોની શક્તિ કેટલી અજબ છે! ધુવાંધારનું પાન મેં એથી કરવું અશક્ય હતું. અમે થોડા જ કુમ્ભસમ્ભવ અગસ્તિ હતા! પણ અમારી બે નાનકડી દીકીઓએ એ અખંડ વહેનારા ધોધનું આકંઠ પાન કર્યું: મને લાગે છે કે આવા દગ્-પાનને 'આ-કંઠ' ન કહેતાં 'આ-પાંપણ' કહેવું જોઈએ. અને સૌએ પોતપોતાની આંખોમાં આ લૂટ એક ક્ષણમાં ભરી લઈ પાછી ફેરવી લીધી અને અમારી ભુતાવળ તરેહતરેહની વાતો કરતી અને ધુમાટા પાડતી મોટરના અડ્ડા પર આવી પહોંચી.

અહીં સંગેમરમર (ભેડાઘાટ)ના ખડકો જોઈ આવેલી ટુકડી અમને મળી. પરસ્પરના અનુભવની અમે આપલે કરી અને એ ટુકડીને મુરબ્બીવટથી સલાહ આપી કે આટલી રાતે ધુવાંધાર જવું કંઈ જ ઉપયોગનું નથી, તેથી તમે અમારા તૈલવાહનમાં બેસી સીધા જબલપુર જાઓ. અમે માત્ર તમે ગએલા ઠેકાણે થોડો નૌકાવિહાર કરી તરત જ પાછા આવીએ છીએ. અમારી આ સલાહ એ ટુકડીને રૂચી કે નહિ તે કોણ જાણે.

રસ્તાની બાજુએ ઊતરતા ઊતરતા અને અંધારામાં ટીચાતા અમે પ્રવાહના કિનારાપર્યંત પહોંચ્યા. અને ફરી અમારી પણ બે ટુકડીઓ પાડી બે હોડીમાં અમે ચડી બેઠા. અમારી હોડી આગળ નીકળી. જ્યાં જોઈએ ત્યાં ભરપુર શાંતિ ભરી હતી. અને કેમ જાણે તે કેટલે ઊંડે સુધી પસરેલી છે તેનો તાગ લેવો હોય તેમ વચ્ચે વચ્ચે અમારી હોડીનાં હલેસાં તાલબદ્ધ અવાજ કરતાં હતાં. ચન્દ્ર પોતાની ટમટમતી મશાલ માથે ધરી, 'આસપાસની શોભા દિવસે કેવી દેખાય છે એની કલ્પનાં કરો' એવો કોયડો જાણે રજૂ કરતો હતો. કેટલેક ઠેકાણે બીલકુલ અંધારું હતું. વચ્ચે વચ્ચે ચાંદનીના ડાઘ હતા. આકાશ નિરભ્ર નહતું એટલે ચાંદની છાશ જેવી પાંખી બની ગઈ હતી. અને આકાશમાંનાં વાદળાં વચ્ચે વચ્ચે મલમલ જેવાં પાતળાં છે એ વાત તરફ ધ્યાન ખેંચાઈ જતું હતું. બંને બાજુના સંગેમરમરના ખડકો ત્યારે કેટલા ઊંચા દેખાતા હતા! ઊંચા અને ભયંકર! જાણે કોઈ રાક્ષસોની જમાત જ વસેલી ન હોય! અને આ ખડકો વચ્ચે નર્મદાનો પ્રવાહ ઘૂમરી ખાતો પોતાનો ચક્રવ્યૂહ રચતો હતો.

ઊંચા ઊંચા આ ખડક અથવા પહાડ ખૂબ જ નજીક હોવાથી, પ્રાચીન કાળમાં એક સરદારે પોતાના ઘોડાને એડી મારી આ શિખરથી સામેના શિખરે કુદાવેલો એવા પ્રકારની દંતકથા અહીં ચાલુ છે. વાંદરા તો ખરેખર એવા કૂદકા મારે જ છે. અહીં જ આવી વાતો હોડીવાળા ખલાસીઓ પાસેથી તમને સાંભળવા મળવાની.

અહીં આ ખડકોમાં કેટલીક ગુફાઓ પણ છે. આ ગુફાઓમાં ઋષિમુનિઓ ધ્યાન ધરવા રહેતા હોવા જોઈએ જ. અને મધ્ય યુગમાં રાજકુલમાંના આપદ્ગ્રસ્ત લોકો તથા સ્વાતંત્ર્યની સાધના કરનારા દેશભક્તો પણ અહીં જ આત્મરક્ષણ સારૂ લપાઈ જવા રહેલા હશે, અને છછુંદરની જેમ સરતી હોડીઓ દ્વારા એવા લોકોને ગુપ્તપણે આહાર, બાતમી અને આશ્વાસન પણ પહોંચાડવામાં આવતાં હશે. આ ગુફાઓને જો વાચા હોત તો ઇતિહાસમાં ન નોંધાએલો એવો કેટલો યે વૃત્તાંત આપણને જણાવ્યો હોત.

હોડીમાં કોતરની વચ્ચોવચ જતાં જતાં અમે એક એવા ઠેકાણે આવ્યા કે જેને શાંતિનું ગર્ભગૃહ કહેવામાં આવે. અહીં અમે હલેસાં બંધ કર્યાં, શ્વાસ સાંભળવામાં આવે એ ભયે મંદ કર્યો. પ્રાર્થનાના શ્લોક અમે ત્યાં બોલ્યા કે નહિ તેનું સ્મરણ નથી. પણ હું માત્ર મનમાં સોળ ઋચાઓનું પુરુષસૂક્ત મોટી ઉત્કંઠતાથી બોલવા મંડ્યો. પછી લાગ્યું કે આટલી શાંતિમાં આપોઆપ સમાધિ જ લાગવી જોઈએ. કેટલો વખત ગયો એ કોણ જાણે પણ એટલામાં ડબ ડબ ડબ કરતી બીજી હોડી [illegible]વી પહોંચી. તેમાંની ટોળીએ એક મંજુલ

ગીત ગાવાની શરૂઆત કરી હતી. અને આસપાસનાં કોતરો તેનો પ્રતિધ્વનિ કરવો કે ન કરવો એ વિચારમાં અરધો ઉત્તર દેતા હતા.

હવે અહીંથી આગળ જવું શક્ય નથી, અહીંથી પાછા જ વળવું જોઇએ એમ હોડીવાળાએ જણાવ્યું એટલે દોડતા મનને પાછું ખેંચી બોલ્યા, 'ચાલો ત્યારે તો! પુનરાગમનાય ચ!'

હવે જવું તો વર્ષાની આખરે, ચાંદનીના દિવસ જોઇને, દિવસરાત આ મૂર્તિમંત કાવ્યમાં તરંગત રહેવા સારૂ જ જવું. ખરેખર, આ સ્થાન જોઇને મનમાં નિશ્ચય થયો કે જો ફરીથી આવવાનું ન હોય તો અહીં થઇને નીકળવું પણ નહિ. **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**



ક્રિકેટ મૅચ

ખિચોખીચ ખચાઇ કો શતદલી મહા પદ્મની
કિનાર પર કૈં સહસ્ર મધુમક્ષિકા ચોંટીને
ડુબેલ રસપાનમાં વિસરી ગુંજનો હોય શું!
તથૈવ અહિંયાં અગણ્ય જનલોક જામેલ છે
વિશાળ મયદાન ગોળ ફરતે બધે મંડપે
પ્રશાન્તઃ વચમાં સપાટ સુવિશાળ ચોગાનમાં
ઉભેલ નિજ પૈંતરે નજીક દૂર ખેલાડીઓ
નભે લસત તારકોની સમ કોઇ નક્ષત્રના.

અવાજ નહિ, દોડધામ નહિ, એકદષ્ટે બધા
રહ્યા નિરખી તે દડાની ગતિ, ઘા અને બેટના.
ઉઠંત રચતો કમાન લઘુ, પ્હોંચી ખેલાડીની
નજીક રચતો અનેક પટુ કૂટ વ્યૂહો દડો;
અને ચતુર બેટ એની રગ ઝાલી ઉન્મેષમાં
સચોટ ફટકારતું વિજય મૂલ્ય દોડી અહે.
પ્રશસ્ય પ્રતિકાર પામી દડતો દડો જાય ત્યાં
કદી સરકતો, કદી ઉછળી થાપ દેતો કંઇ,
ફસાઇ અથવા પડે. અધવચે ઝિલાતો, જતો
દબાઇ પગથી, નિરુદ્ધગતિ, મૂલસ્થાને પળે.

અહો રમત જામતી લઘુક એ દડાની પરે.
સુવર્ણ થકી શું ઘડેલો સહુત કૈંક આઘાત એ
પ્રતિક્ષણ બની રહે ઉભય પક્ષની શક્તિનું
પ્રતીક, પટુતાની પૂર્ણ પ્રતિમા; વિરાજ્યાં તહીં


અનેક રસપ્યાસુ નેત્ર તણી દૃષ્ટિની દોરીઓ
ગ્રહંત રચતો સુગુંફન અનેક, ઉડાવતો
અહીંથી તહીં એકલો લઘુક એ દડો સેંકડો
દડા હૃદયના ઉછાળી રચતો નવાં કૌતુકો.
અનેક હૃદયો અહીં નિજનિજ પ્રભેદો ભુલી
તજી સહુ વિભિન્નતા, બૃહદ કો મહાપદ્મ શું
મહા હૃદય કો રચે, સહ વિષાદ ઉન્માદમાં
સ્ફુરે છ થઇ એક, એક નસ ત્યાં રસોની વહે
અને ધબક એક રૂપ સઘળે સ્ફુરી ત્યાં રહે.
ગલોલ સમ છૂટતો નિરખતાં દડો દોડતું
ધસે છ. ત્યહીં, ઊછળે ઉછળતા સહે આભમાં,
ઝિલાઇ જન તે ઝિલાત સહ, કે ખડું થાંભલી
ઉડાવત દડાની સંગ રણકી રહે ક્યાંથી
પરાજિત તણા વિષાદ વિજળીની ઉન્માદની
ખુમારી ઉભયેથી એ રસ તટસ્થ પીધા કરે
રમંત ખુશ પાટવે ચપળ સર્વ ખેલાડીઓ
અને નિરખતા અનેકવિધ પ્રેક્ષકો સર્વ તે
ક્ષણેક નિજ પક્ષ લાભ વિસરી અહં ટેકરા
થઇ ગલિત, તે સપાટ સુવિશાળ મેદાનમાં
મળી લઘુક તે દડાની સહુ એક જૂદું રચી
રહ્યા જગત, જ્યાં અનેક થઇ એક જાતા ક્ષણ
અનેક ઉકળાટ—જાન પરની હરીફાઇઓ
વિશે ય ક્ષણ એકનું વરસ ધન્ય આ હું ગણું.

સુન્દરમ્

ફોટોગ્રાફી

'ફોટોગ્રાફી' એ શબ્દમાં તો મોટું મહાભારત સમાઇ જાય. એ વિદ્યાના મુખ્ય બે વિભાગ છે: ફોટોગ્રાફીનું વિજ્ઞાન, અને તેની કલા. તે બંને અંગો એકબીજાની સાથે ઓતપ્રોત સંકળાએલાં છે. એક વગર બીજું નભી શકે નહિ. વિજ્ઞાનના અભ્યાસ વિના એ કલા ઊપજવાની નહિ. તેથી જ સામાન્ય રીતે ફોટોગ્રાફીમાં પારંગત થવાની અભિલાષા સેવનારે પહેલાં તેનું વિજ્ઞાન હસ્તગત કરવાની આવશ્યકતા છે.


એ વિજ્ઞાનનાં પુષ્કળ અંગો છે. ફોટોગ્રાફીમાં વપરાતાં સાધનો અને તેમના વિષે જરૂરી જ્ઞાન દરેકે મેળવવું ઘટે. 'કુમાર'માં અગાઉ કૅમેરા અને તેનાં કેટલાંક અંગો વિષે હકીકત આપી ગયા છીએ. એક્સપોઝર અને બીજી ક્રિયાઓ વિષે પણ થોડુંક લખાયું છે.



ચિત્ર ૧

છબી પાડવા કૅમેરા હાથમાં લઇએ ત્યાંથી, ને એની મદદથી એક ફોટોચિત્ર ઊપજાવીએ ત્યાં સુધીની તમામ ક્રિયાઓને ત્રણ વિભાગમાં વહેંચી નાખવામાં આવી છે: (૧) વિષયને ગોઠવી, કૅમેરાના લેન્સ મારફત ફિલ્મને એક્સપોઝ કરી, ફિલ્મ પર પ્રકાશનાં કિરણોથી અંતર્ભૂત પ્રતિમા (Latent Image) ઊપજાવવી. (જુઓ ચિત્ર ૧) ફિલ્મને એક્સપોઝ કર્યા બાદ કુતૂહલવૃત્તિથી કોઇ અંધારા ઓરડામાં કૅમેરાને ખોલી ફિલ્મને લાલ દીવાના અજવાળામાં જુએ તો પણ તેને કાંઇ દેખાવાનું નહિ. (જુઓ ચિત્ર ૨) કારણકે ફિલ્મ પરના રસાયણમાં એક્સપોઝરથી થએલા ફેરફાર અદૃશ્ય સ્થિતિમાં જ રહે છે. ફિલ્મને ત્યારપછીની જરૂરી ક્રિયાઓમાંથી પસાર કરીએ ત્યારે જ આકૃતિનું અસલું સ્વરૂપ આપણે મેળવી શકીએ છીએ.

ચિત્ર ૨



(૨) એક્સપોઝ કરેલી ફિલ્મને જુદાંજુદાં રસાયણોના મિશ્રણમાં નિયત વખત સુધી રાખીને ડેવલપમેન્ટ અને ફિક્સિંગની ક્રિયાઓ કરીએ ત્યારે જ અદૃશ્ય આકૃતિ મૂર્ત રૂપ ધારણ કરે છે અને વિષયને આપણે ફિલ્મ પર ઉલટા સ્વરૂપમાં જોઇ શકીએ છીએ. પ્રકાશથી બદલાએલો ભાગ કાળો બને છે અને પ્રકાશથી બચેલો ભાગ પ્રમાણમાં ધોળો–પારદર્શક રહે છે. આથી જ ફિલ્મ પર મેળવેલી આકૃતિ નેગેટિવ નામથી ઓળખાય છે, જેમાં ચિત્રનાં ધોળાં અંગ કાળાં અને કાળાં અંગ ધોળાં–પારદર્શક હોય છે. (જુઓ ચિત્ર ૩)

ચિત્ર ૩



(૩) પરંતુ આપણે સૌ તો ફોટોગ્રાફને કાગળ પર ઉતારેલો જોવાને ટેવાએલા છીએ. ક્રિયાનું આ ત્રીજું રૂપાંતર છે. કાગળ પર આપણે વિષયને તેના રંગ વગરના અસલ સ્વરૂપમાં–monotoneમાં જોઇએ છીએ. નેગેટિવમાંથી વિષય તેના મૂળ સ્વરૂપમાં બીજા કાચ, ફિલ્મ કે કાગળ પર ઊતરે છે ત્યારે ચિત્રના ટોન–વર્ણભેદ અસલ જેવા જ કુદરતી રૂપમાં દેખાય છે અને આકૃતિ પાકી બને છે. તેને પૉઝિટિવ પણ કહે છે. નેગેટિવમાંથી પૉઝિટિવ ઉતારવા માટે પણ અમુક ચોક્કસ ક્રિયાઓ કરવાની હોય છે જ.

લેટન્ટ ઇમેજમાંથી નેગેટિવ મેળવવા શું શું કરવું પડે છે અને તે તમામ ક્રિયાઓ માટે શાં શાં સાધનો અને જરૂરિયાતો હોય છે તે વિષે હવે થોડુંક જાણીએ. સાધનોમાં અંધારો ઓરડો અને કેટલાંક રસાયણોની જરૂર છે. બીજા વિભાગની તમામ ક્રિયાઓ અંધારા ઓરડામાં કરવાની હોય છે, તે કારણે ફોટોગ્રાફીના નિષ્ણાતો પોતપોતાની જરૂરિયાતો અને સંજોગોની અનુકૂળતા પ્રમાણે ખાસ વિચારપૂર્વક એલાયદો ઓરડો તૈયાર કરે છે; તે ડાર્ક રૂમના નામે ઓળખાય છે. પરંતુ દરેક શિખાઉએ ડાર્ક રૂમ મેળવવી જ જોઇએ એવું નથી. હવે તો ડેવલપમેન્ટ માટે ડેવલપિંગ ટૅન્ક પણ બજારમાંથી મળે છે, તેથી અંધારા ઓરડાની આવશ્યકતા અમુક અંશે નષ્ટ થઇ છે. તે વિષે આપણે આગળ ઉપર જોઈશું. બહારનો પ્રકાશ સીધો અંદર ન આવી શકે તેવી રચનાવાળા કોઇ પણ ઓરડાનો રાત્રે ડાર્ક રૂમ તરીકે ઉપયોગ થઇ શકે. પછી તે નહાવાની ઓરડી હોય, અભ્યાસગૃહ હોય કે રસોડું હોય.

ચિત્ર ૪




(અનુસંધાન પાછળ પાન ૬૦૩)

જળજંગલની જીવસૃષ્ટિનો પરિચય આપતી લેખમાળા

વનવગડાનાં વાસી

વર્ષા આવી અને અમારી વાડીનાં ગાનારાં અવાક થઈ ગયાં. સંભળાતા હોય તો કેવળ તમરાં અને દેડકાંના કઠોર કોલાહલ. અને એના પરિચયમાં કંઈ આખું ચોમાસું થોડું જ જાય? જોકે અમારી વાડીમાં પંખીઓ તો અનેક રહે છે, પણ એ બધાંનો પરિચય તો રોજનો રહ્યો, એટલે નવીનતા ઘસાતી જાય એ સ્વાભાવિક છે. વળી નવાં આવનારાં કંઈ રોજ થોડાં જ આવે છે? એમાં ગયે ચોમાસામાં આપણે[1] ત્યાં આવનારાં યાયાવર પંખી પણ ગણ્યાંગાંઠ્યાં જ. એટલે ગયા ચોમાસામાં મારો વખત વિતાવવા મને એક નવો તુક્કો સૂઝ્યો: પંખીના માળાની છબીઓ પાડવાનો. માળામાં ઈંડાં હોય અને સેવતાં નર-માદા બેઠાં હોય એના ફોટોગ્રાફ પાડવા, એવો મેં નિશ્ચય કર્યો.



ઈન્ડીઅન રેન વૉર્બ્લર

ફુટકી

પરંતુ એ માટે અનુકૂળ સ્થળ સમય તથા સાધનો મારી પાસે ન મળે. એક તો મને મારા ધંધામાંથી ફાજલ વખત જ ઓછો મળે છે: એમાંથી પણ ઘણોખરો મારી પત્નીની સારવારમાં જાય. એટલે કવચિત્ મળતા એકાદ બે કલાકમાં મારે મારો આ 'ટેસ' પૂરો કરવો રહ્યો. બીજી અડચણ કૅમેરાની. મારી પાસે કૅમેરા તો મોંઘી કિંમતનો છે, પણ એનાથી માળાના ફોટોગ્રાફ બરોબર ન આવે. એ માટે તો લાંબી ધમણવાળો કૅમેરા જોઈએ. એ મારી પાસે ન મળે. છતાં अभावे शालिचूर्णस्य गोधूमस्यापि चूर्णकम्—ન્યાયે, સત્યનારાયણની કથામાં કોઈ પણ ઉપાયે શીરો ખાનારના પગલે ચાલી, હાજર તે હથિયાર કરી મેં ઝુકાવ્યું. એના એકાદ બે અનુભવ કહી બતાવું.

આ વાડીમાં માળા તો અનેક પક્ષીઓએ બાંધ્યા છે. મારા ઓટલા આગળ જ હરસીંગાના ઝાડમાં માળો બાંધતાં અધવચ અટકી જઈ, વાડ પાસેના ચીકુની ડાળે માળો લટકાવી, શક્કરખોરાની માદા ઈંડાં પર બેઠી ન બેઠી ત્યાં એક રાતે વાવાઝોડું થયું અને ઈંડાં તથા માળો કોણ જાણે ક્યાં અલોપ થઈ ગયાં! દરજીપંખીના માળા તો ઠેરઠેર મળે, પણ એ અતિ સામાન્ય, એટલે એની પાછળ પ્લેટ બગાડવાનું મન ન થયું. બુલબુલે તો ગઈ સાલ અમારા રસોડામાં જ માળો બાંધ્યો હતો, એટલે આ વખત જૂઈ અને ગુલમહોરમાં એના કેટલા યે માળા હતા, છતાં મારા માટે નકામા. લેલાનો એક માળો લીમડાની ડાળ ઉપર, બીજો ખડચંપાની ટોચે, ત્રીજો લાલ મોતિયાની વેલમાં અદ્ધર. ત્રણે ઉઘાડમાં. પણ એ બધા ડાળીઓ વેલા વગેરે મારો ભાર ઝીલી શકે ત્યારે હું કૅમેરા ગોઠવુંને? આમ, કોઈમાં ઝાડ પર ચડવાનું હોય તો કોઈ માળા સાવ અંધારામાં હોય, એટલે નિરાશ થવા જેવું હતું. છતાં મહાપ્રયત્ને મેં બધી રીતે અનુકૂળ એવા બે માળા શોધી કાઢ્યા.

મારા ઘરની પછીતે કાંસકીનું એક નાનકડું ઝાડવું છે. આ ચોમાસામાં બે નાનાં પંખી એમાં રહેવા આવ્યાં હતાં. ઝાઝા દિવસની મહેનત અને ભારે ધમાલને અંતે એમણે ઝીણી ઝીણી સાંઠીઓ, સળીઓ, ઝાડની છાલ વગેરે ગૂંથીને નાનીસરખી કુલડી જેવો માળો બનાવી, જમીનથી એકાદ ફૂટ ઊંચે કાંસકીના એક મોટા પાંદડાની પીઠ પર ચોંટાડ્યો. અંદર કરોળિયાનાં મુલાયમ જાળાં પાથરી, એ પર ચળકતા ઘેરા લાલ રંગનાં ત્રણ ઈંડાં મૂક્યાં. રોજ હું એ કાંસકીની પાસે જ દાતણ કરવા બેસું: પણ માળો પાંદડાના પાછલા પડ ઉપર એવી સફાઈથી ચોંટાડી છુપાવી દીધેલો કે બહારથી જોતાં કેવળ પાંદડું જ દેખાય.

---

1 ચાતક, લીખ, હરગીલા જેવા પાંચસાત જાતનાં જ.



બહારથી જોતાં કેવળ પાંદડું જ . . . પણ . . . ઉથલાવીને જોતાં પાછળ માળો જડી આવ્યો.

મારી નજરે પણ એ ન પડત; પરંતુ એ ઝાડ પાસેથી કોઇ નીકળે તો બંને પંખીને કકળી ઊઠતાં, શોરબકોર કરી મૂકતાં અને વારંવાર ઝાડમાં જતાં આવતાં જોઇ મને શંકા પડી અને પાંદડેપાંદડું ઊથલાવી જોતાં માળો જડી આવ્યો.

માળો નજરે પડ્યો કે તરત એનો ફોટો પાડવાનું નક્કી કર્યું. પણ એમાં ઇંડાં સ્પષ્ટ દેખાય એમ માળો ગોઠવવો શી રીતે? એક તો માળો જાતે ઊંડો; તે પણ પાંદડાની પાછળ ચોંટાડેલો; એટલે બહારથી તો નજરે જ ન પડે. અને પાંદડું અવળું કરવા જતાં એની દાંડી બરડ હોવાથી કદાચ બટકીને તૂટી જાય તો? અધૂરામાં પૂરું, કાંસકી બરોબર ભીંતની અડોઅડ ઊગેલી, એટલે સામી બાજુ ઊભા રહેવાની જગ્યા પણ ન મળે. આથી, બચ્ચાં થશે ત્યારે પાડીશું એમ મન વાળી ઇંડાની વાત પડતી મૂકી.

જતે દિવસે બચ્ચાં નીકળ્યાં. ડાળી પકડી બેસી શકે એટલાં મોટાં પણ થયાં. પણ બેસે ત્યારે ને? એમને પૂંછડી જ ન મળે! એના આધાર વિના એ એટલાં તો અપંગ, કે માળામાંથી ઊઠીને જમીન પર આવી બેસે, પણ ડાળી ઉપર મૂકું તો તોલ રાખી શકે નહિ અને ગુલાંટ ખાઇ જમીન પર પડી જાય. માળાનાં વસનારાં, એટલે ભોંય પર બેસાડી ફોટો પાડવાનો અર્થ નહિ. એટલે એ વિચાર પણ જતો કરવો પડ્યો. છતાં કેવળ માળાનો ફોટો પાડવામાં મને સંતોષ ન લાગ્યો. કંઇ નહિ: બચ્ચાં નહિ તો એમનાં માબાપ; એમ ધારી બન્ને બચ્ચાંને મેં માળામાંથી ઊચકી લીધાં. આ વગડામાં પાંજરૂં તો ક્યાંથી લાવું? એટલે શાકના કંડિયામાં પૂર્યાં અને કંડિયો અમારા બારણા સામે પીપળાની હેઠલી ડાળે લટકાવ્યો: એવી આશાથી કે બચ્ચાંના કિલકિલાટથી ખેંચાઇને માબાપ આવીને કંડિયા ઉપર બેસશે, એટલે હું એમનો ફોટો પાડી લઇશ. બન્યું પણ એવું જ. પહેલાં તો બંને પંખી આવતાં ડરે; ચી–ચી–ચી–ચી કરતાં પાસેનાં ઝાડવાંમાં ભમે, પણ પીપળા ઉપર આવતાં અચકાય. આખરે માદાથી ન રહેવાયું, એટલે હતી તેટલી હિંમત એકઠી કરી એ આવી અને ઊડતાં ઊડતાં જ ચાંચમાંથી ઇયળ કંડિયાના કાણામાંથી બચ્ચાંને ખવડાવી પાછી જતી રહી પછી તો નરને પણ ભરોસો આવ્યો. થોડી વારમાં તો બંને પંખી વારા ફરતી ઇયળો લાવી બચ્ચાંને ખવડાવવા લાગ્યાં. આ બધો વખત એમનું ગાન અવિરત ચાલુ જ હતું.

અગાઉથી ઘરમાં બારણા વચ્ચે કૅમેરા ગોઠવી રાખેલો, એટલે પંખી કંડિયા પાસે આવવા માંડ્યાં કે તરત હું યોગ્ય પળની રાહ જોતો ચાંપ હાથમાં લઇ અધીરો બની ઊભો રહ્યો. પણ નસીબ બે ડગલાં આગળનું આગળ. અમારી વાડીમાં વાંદરાંનો ખૂબ ઉપદ્રવ છે. એમનાં ટોળેટોળાં આવે. આવીને મારા બારણા સામે કોટ પર બેસે. કદી કદી હું એમને ખાવાનું નાખું, એટલે આવે ત્યારે એકાદ બિસ્કિટનો લાભ મને આપતાં જાય. રોજ તો એ આનંદ આપતાં. પણ કમનસીબે આજે બરે વખતે એ ફૂટી નીકળ્યાં! હું ઘરમાં ગયો અને એ આવ્યાં. આવ્યાં કે એમની નજર સીધી કંડિયા ઉપર પડી! ખલાસ! અંદર ખાવાનું

હશે ધારી હાથ લંબાવ્યો જ છે ને! એને હાંકું ત્યાં પેલાં પંખી ઊડી જાય. એકને હાંકીને ઘરમાં જાઉં ત્યાં બીજું વાંદરું આવીને કંડિયો હલાવે. ફોટો ફોટાને ઠેકાણે રહ્યા, કંડિયામાં ગભરાતાં બચ્ચાંને માળા ભેગાં કરી દીધાં અને કંટાળીને કૅમેરાની લીલા સંકેલી લીધી.

જે ખેતર વચ્ચે અગાઉ ઘર છે, તેમાં આ વરસે ઝીંઝવો ખૂબ થયો હતો. વચ્ચે વચ્ચે સરપટ, દર્ભ વગેરેનાં ભોથાં પણ ઊગ્યાં હતાં. તીડગોહલાંની વિવિધ જાતોના અવલોકન અર્થે હું રોજ એમાં ભમતો. ફરતાં ફરતાં એક દિવસ છેટેથી મેં એક નાનકડા પંખીને ઘાસમાંથી ઊડી જતું અને થોડી વારે પાછું આવીને ત્યાં જ પેસતાં જોયું. અવશ્ય ત્યાં એનો માળો છે, એમ ધારીને હું એ તરફ વળ્યો. કેડ સુધી ઘાસ અને વચ્ચે વચ્ચે બોરડી બાવળ ને કંથેરનાં જાળાં, એટલે નજર નીચી રાખી પગ સંભાળીને મૂકવો પડતો. આથી પંખીના ઊતરવાના સ્થળ ઉપર નજર રાખી ચાલવું પણ મુશ્કેલ હતું. મને આવતો જોઇને પંખી તો ક્યારનું ઊડી ગએલું, એટલે માળાવાળું સ્થળ નજર બહાર થઇ ગયું અને મારી સાથે મારી પુત્રી ન હોત તો કદાચ એ સ્થળ કે એમાંનો માળો મને જડત પણ નહિ. પણ માળો શોધવાની તમન્ના મારા કરતાં એને વધારે લાગેલી, એટલે એના નાના હાથે ઘાસનાં તરણાં આઘાંપાછાં કરતી જાય અને મારી હારોહાર ચાલતી જાય. એક સ્થળે ઘાસ ગંઠાઇ ગએલું હોવાથી એનાથી છૂટું ન થયું, એટલે એને મદદ કરવા હું વાંકો વળ્યો, ત્યાં મારા હાથ થંભી ગયા. મારી નજર ન પડી હોત અને ઊંધું ઘાલી બળાત્કારે તરણાં છૂટાં પાડ્યાં હોત તો શી દશા થાત એ વિચારથી કંપારી આવી ગઇ. કારણ જેને હું અમસ્થાં ગંઠાએલાં તરણાંનો ડૂચો માનતો હતો તે કેવળ ઘાસ ન હતું, પણ અત્યંત ખૂબીથી છુપાએલો માળો હતો અને એમાં ઇંડાં હતાં.

ઊંડા પેટવાળી નાનીશી કોથળી જેવડો, ઘાસનાં તરણાં ગૂંથીને બનાવેલો આ માળો જમીનથી વેંત દોઢવેંત અદ્ધર, આજુબાજુનાં તરણાંની ટોચો વચ્ચે લટકાવી દીધો હતો. એની ત્રણ બાજુઓ બંધ હતી. ચોથી બાજુએ મથાળે દક્ષિણાભિમુખ પ્રવેશદ્વાર હતું અને એ દ્વારની ઉપર વરસાદનું પાણી માળામાં ઊતરતું રોકવા છત્રી જેવું આગળ પડતું વાછટિયું હતું. એને તળિયે, કંઈ પણ પાથરણ વિના, ઘાસ પર જ ત્રણ ઇંડાં મૂકેલાં હતાં: નાનાં ચણીબોર જેવડાં: મોરથુથુના જેવા આછા લીલાશ પડતા વાદળી રંગનાં: ઉપર ઘેરા લાલ કે કીરમજી રંગનાં છૂંદણાંવાળાં.



ઊંડા પેટવાળી નાનીશી કોથળી જેવડો ઘાસનાં તરણાંથી ગૂંથેલો માળો

અમારા આનંદનો પાર ન રહ્યો. એક તો આવી નવીન ભાતનો માળો હાથ આવ્યો; તે પણ પગ આગળ; વળી કોઇપણ જાતના આવરણ વિનાનો, ઉઘાડમાં; ફોટો માટે બધી રીતે અનુકૂળ. એટલે બચ્ચાં નીકળવાની વાટ ન જોતાં તરત જ માળાનો ફોટો પાડવાનું નક્કી કર્યું. વળતે દિવસે એક મિત્રને મસ્કો લગાડી એમનો લાંબી ધમણવાળો કૅમેરા ભીખી લાવીને માળાનો ફોટો લીધો. હવે બચ્ચાં થશે ત્યારે વાત, એમ કરીને અમે ઘેર જતાં હતાં, ત્યાં ઇંડાં જોવાની મારી પુત્રીને વૃત્તિ થઇ આવી એટલે પાછાં વળ્યાં. માળા પાસે આવી અંદર ડોકિયું કર્યું તો ખાલીખંગ! ઇંડાં

જોગ ! આસપાસ નજર કરતાં એક કોટલું પણ નજરે ન પડ્યું સાપ ગળી ગયો હશે? અમને આગલે દિવસે જોઇ જનાર કોઈ આગગીતરાએ ઇંડાં ફોડાવી લઇ અમને નિરાશ કરવામાં મગ્ન માની હશે? મારી પુત્રીને ભારે નિરાશા થઇ. નાની છતાં ઇંડાંના અદૃશ્ય થવાથી એને થએલી દારુણ વેદના હું જોઇ શકતો હતો. મને પણ દુઃખ થયું; દુઃખ કરતાં વિમાસણ વધારે થઇ. ઈંડાં કોણ લઇ ગયું હશે એનો તોડ હજુ પણ હું કાઢી શક્યો નથી.

આ બંને પક્ષી વરસાદના દિવસોમાં માળા બાંધતાં હોવાથી, 'પાણીના ફુત્કી'ને નામે જાણીતાં છે. જેણે કાસકાના ઝાડમાં માળો બાંધ્યો હતો, એનું નામ Ashy Wren Warbler [૨] અને ખેતરમાં ઘાસનાં તરણાં ગૂંથીને માળો બનાવનાર તે Indian Wren Warbler.[૩]

'દરજી'ના નામથી આપણને ખૂબ પરિચિત ફુત્કી –Indian Tailor–નાં એ બંને પીતરાઇ છે. બંનેના દેહ સરખા, દેખાવ સરખા, સ્વભાવ પણ સરખા. બંને પાંચ–સાડાપાંચ આંગળ લાંબાં: એમાં અરધોઅરધ તો પૂછડી જ. બંનેના વર્ણ સામાન્ય પ્રતિનાઃ વિશિષ્ટ શોભા વિનાના. બદામી અને સફેદ: રંગબેરંગી નહિ. ફેર હોય તો થોડો જ: માત્ર વ્યક્તિગત.

રાખોડી માથાવાળી ફુત્કીના માથાનો અને પીઠનો રંગ રાખોડી હોવાથી એનું નામ યથાર્થ પડ્યું છે. એની પાંખો અને પૂંછડીનો રંગ બદામી. છાતી તથા પેટ શ્વેત રંગનાં. ખૂબ પાસેથી નીરખીએ તો એની આંખો ઉપર નાની પાતળી આડી શ્વેત રેખા દેખાશે. બીજી બધી રીતે નર માદા સરખા રંગનાં: માત્ર નરની છાતી ઉપર કાળો પટો.

ચાંચ પાતળી: સહેજ લાંબી, કાળા રંગની. પગ ઘેરા નારંગી.

ઇન્ડીઅન રેન વૉર્બ્લર બીજી બધી રીતે એને મળતું છે: માત્ર એના ડીલ પર રાખોડી રંગ નથી હોતો. એના પગ ઘેરા મેલા લાલ હોય છે.

આ બંને ફુત્કીઓ આપણે ત્યાં બારે માસ રહેનારાં અતિ સામાન્ય પક્ષી ગણાય. ઝાડ, વાડી, ખેતર, બાગબગીચા, બધે ઠેકાણે એ ભમતાં નજરે પડે છે. એમને ન ગમતું હોય તો માત્ર ગીચ ઝાડીમાં કે પહાડી પ્રદેશમાં. બાકી જ્યાં જ્યાં ઝાડ કે ઝાળાંઝાંખરાં અને ઘાસચીડ અથવા અનાજનાં ખેતર કે શેરડીના વાડ વગેરે પાક હોય ત્યાં એમનો વાસ હોવાનો જ. માણસનો ઝાઝો ડર નહિ, એટલે ઘરની અડોઅડ માળો બાંધતાં યે ન અચકાય.

એમને ઓળખવાં સાવ સહેલાં છે. એક તો સૌથી નાનામાં નાનાં પંખીઃ પાંચેક ઈંચનાં. એમાં યે પૂછડી અરધોઅરધ, એ બીજી વિશિષ્ટતા. એ પૂછડી સીધી સપાટ નહિ, પણ ચડઊતર થતાં ક્રમસર ગોઠવાએલાં પીછાંવાળીઃ પંખાના જેવા આકારની. એમનો રંગ પણ સાદો. આંખમાં ખૂંચે એવા ભપકા વિનાનોઃ ઉપર રાખોડી કે બદામી, હેઠળ ધોળો. બંને ખુશમિજાજી. એમને દૈયડ જેવાં આળસુ પંખી પેઠે ઝાઝી વાર એક જ સ્થળે બેસી રહેવું ન ગમે. એ તો આ ડાળેથી પેલી ડાળે, પૂછડી ઊંચીનીચી ઉલાળતાં, કૂદાકૂદ કરતાં, છપરઉપર ભમતાં, સ્થળ બદલતાં જાય અને ભક્ષ્ય જીવાત પકડતાં જાય.

પણ સૌથી વધુ ધ્યાન ખેંચે એવી તો એમની બોલી છે. કોઇ પણ પંખીને, ઊગે ત્યારથી આથમે ત્યાંસુધી આખો દિવસ અવિરત નાદે બુલંદ સ્વરે 'ટિ-ટિ-ટિ-ટિ' કે 'ટિક્–ટિક્–ટિક્–ટિક્' કરતાં સાંભળો તો તરત સમજવું કે એ રાખોડી માથાવાળી ફુત્કી જ. એના દેહના પ્રમાણમાં એનો સ્વર અત્યંત મોટો ગણાય. એક જ પદ વારંવાર ગાય છે, છતા એની મિઠાશ કૅનેરીના ગાનને પણ હળવું પાડી દે છે. અવાજની પ્રૌઢીમાં એને હંફાવે માત્ર દરજી જ. એનો 'ટુવિટ્–ટુવિટ્–ટુવિટ્' કે ઉત્કંઠિત 'ચિક્–ચિક્–ચિક્' સ્વર સાંભળ્યા પછી જ એના કંઠની મહત્તાનો ખ્યાલ આવે. માત્ર ઇન્ડીઅન રેન ફુત્કીને આવું ગાન આવડતું નથી, તેમ સતત બોલવાની પણ એને ટેવ નથી. કહો કે એ મૂગું જ પંખી છે. ફક્ત ખૂબ ખુશ થાય કે અત્યંત વિહ્વળ બને ત્યારે 'છટ્' 'ચટ્ કે 'ફટ્' એવો અવાજ કરે: અવાજ એવો કે જાણે નાની સરખી ફટાકડી જ ફૂટી હોય. એ અવાજ એના ગળામાંથી નીકળે છે કે એની ચાંચના ઉપર નીચેનાં પાંખીઆં ચટાક્ દઇને બંધ કરવાથી થાય છે, એ કહેવું અશક્ય છે,

---

૨ Prinia Socialis ૩ Drymoipus Inornata

પણ એ ચટાકો એની ઓળખાણ કરાવવા પૂરતો છે. કાનને કર્કશ લાગે છે, પણ એનાં બીજાં નાનીઓાં પેઠે વારંવાર કરતું નથી એટલું સાંભળનારનું સદ્‌ભાગ્ય.

બંને પક્ષી સ્વભાવે નરમ અને શરમાળ, છતાં પ્રજનનકાળે ભારે ઉન્માદવાળાં બની જાય છે. એમાં યે જો રાખોડી માથાંવાળી કુલ્કીના માળા આગળથી ભૂલેચૂકે યે નીસરો તો એનો જીવ એટલો ગભરાઈ જાય કે ભારે કોલાહલ કરી મૂકે અને માળો છુપાવવાને બદલે જાતે જ જોનારની નજરે પાડી દે. દરજી જેવાં બીજાં પંખી માળાથી દૂર જઈને ગાય છે, ત્યારે એની આ ટેવને લીધે એનો માળો શોધતાં વાર લાગતી નથી.

વર્ષાઋતુ એમનો સંતાનોત્પત્તિનો કાળ. એમના માળાની રચના તદ્દન જુદી જ ભાતની અને અત્યંત કુશળતાભરી છે.





એક નાના સ્ટેશને ટ્રેન ઊભી રહી. ડબામાંથી ડોકું કાઢી ભૂરાકાકાએ ઢબુ કાઢી પ્લૅટફૉર્મ પર ઊભેલા છોકરાને આપી કહ્યું: 'લે, બે કેળાં લઈ આવ; એમાંથી એક તારી મહેનતના બદલામાં તું રાખજે' થોડી વારે ગાડી ઊપડી, ત્યાં દોડતોદોડતો પેલો ચેલકો આવીને કાકાને એક પૈસો આપતાં બોલ્યો: 'લ્યો, આ તમારો પૈસો. એની પાસે એક જ કેળું હતું તે મેં લઈ લીધું છે!'



કેદી (પોતાની કોટડીની ભીંતમાં બાકોરું પાડીને બાજુવાળાને): 'કેમ દોસ્ત. આજે રાત્રે દસ વાગ્યે મારી સાથે ભાગવું છે ને ?'

'લાચાર; નહિ બને.'

'કેમ, કારણ શું ?'

'કારણ કે હું ચોકીદાર(વૉર્ડર)છું.'



'કેમ ભાઈ! કાંઈ વાંચવાનું જોઈએ?'

'હા હા; લાવોને !'

'સામેનું પાટિયું વાંચી લો !'

પ્રતિવાદીનો વકીલ (વાદીને): 'તમારૂં નામ?'

'કાસમમિયાં.'

'તમે વાદી છો, ખરૂં?'

'ના સાહેબ, હું મુસલમાન છું'

દોલત: (ગાંધી પાસેથી ખાંડનું પડીકું લઇ) તમે ગયે અઠવાડિયે મને ખોટી પાવલી આપી હતી.

ગાંધી: એ બને જ નહિ ચાળીસ વરસ આ ધંધો કરતાં મને થયાં, તેમાં મેં કદી કોઈને ખોટો સિક્કો આપ્યો નથી કે લીધો નથી. મહેરબાન! હવે તો મારાં આંગળાં યે એને માટે ટેવાઈ ગયાં છે. સ્પર્શ માત્રથી હું સાચાખોટાનું પારખું કરી લઉં છું. કેમ, તમે તો એ પાવલી કોઈને વળગાડી દીધી હશે.

દોલત: હા, તમને જ હમણાં પાછી આપી!

નવો ભાડુત: અમે જૂનું ઘર છોડતાં ઘરધણી રડી પડેલો.

નવો ઘરધણી: પણ હું તો ભાડું પહેલેથી જ લઈ લઉં છું.

હજામ: તમે મારે ત્યાં બેસી ગયા છો એમ? મને તો તમારો ચહેરો યાદ પણ નથી આવતો.


ઘરાક: તે ક્યાંથી આવે? કારણ કે તમે કરેલા બધા ઘા હવે રૂઝાઈને સિકલ બદલાઇ ગઇ છે.

'તમે એને ફરિયાદી પર તૂટી પડતો જોયો ત્યારે મદદ કેમ ન કરી?'

'પણ સાહેબ, ફરિયાદી કોણ બનશે એ હું પહેલેથી કેમ જાણી શકું ?'

શિક્ષક: મૂર્ખાના પ્રશ્નોના જવાબ વિદ્વાનોથી યે ન અપાય.

એક વિદ્યાર્થી: સાચું! એમ જ હું ગયે વર્ષે નાપાસ થએલો!



મેળો

• દ્રુતવિલંબિત-અનુષ્ટુપ •

રમકડે બહુ રેંકડીઓ ભરી,
કઇક ચક્કર લે ચગડોળ ત્યાં;
વિવિધ બૂમ દુકાન-ધણી તણી
પડી રહી સહુ ગ્રાહક ખેંચવા.

વિવિધ રંગતણા લટકે ફુગા,
શિશુતણાં નયનો સહુ ખેંચતા.
પકડી અંગુલી માત-પિતાતણી
ખરીદવા શિશુઓ તહીં લૈ જતા.

મનગમ્યા નિજ રંગ તણા ફુગા
લઇ, ભરી ફૂંકને બજવી રહ્યા;
નિરખી રંગ,સુણી જરી સૂર એ
શિશુતણાં મનડાં હરખી રહ્યાં.

પણ પણે શિશુ કોણ ઉભો રહ્યો?
ખરીદતો નહિ: માત્ર નિહાળતો
કરુણ આંખ થકી સહુ રંગને,
શ્રવણ સૂર બધા કરતો હતો.

શરીર ઉપર એક ખમીસ ને
અવર અંગ સહુ ધૂળઢાંકિયાં;
રમકડું દિલ કોઇ ગમી ગયું
નિરખતો ત્યમ ત્યાંજ ખડો રહ્યો.

રમકડું નિજને દિલ જે ગમ્યું
અવર કો ખરીદી લઇ ચાલતાં,
નિરખવા વધુ વાર જરીક તે
ખરીદનાર તણી પુંઠળે જતો.

ફરી વળી જઇ કોઈ દુકાનના
રમકડાં નિરખે, મનથી ચૂંટે;
નિજચૂંટયુંખરીદાઇ જતાં વળી
ખરીદનાર તણી પુંઠળે પળે.

ગમેલી ચીજને કાજે આમ એ દોડતો રહ્યો;
તાકતા ચૂંટવામાંહી મેળો તેનો પૂરો થયો.

પ્રહ્લાદ પારેખ

ધ્રુવતારલાને

• પૃથ્વી •

ચળે ગ્રહ બધા તથા સરવ વ્યોમના તારકો,
વળી રવિ શશી ચળે, ચલિત વિશ્વ સર્વે થતું;
વહ્યાં જલ યુગો તણાં, નિધિ અનંત માંહે મળ્યાં,
જરા ય પણ ન ચળ્યો ધ્રુવસિ તારલા તું કદા.
થઇ જ્વલિત કામથી ચલિત સ્થાનથી તું બને,
ધરી હૃદય આશ એ તુજ સમીપ આવી હશે,
કટાક્ષશર અક્ષથી તવ સમક્ષ જે ફેંકતી,
સુકોમલ સુહાગિની બહુય તારિકા-સુંદરી:
થયો ન તપભંગ તું સ્થિર અકામ યોગીન્દ્રશો.

હશે પ્રલય પેખિયા જગ વિષે અને વ્યોમમાં,
તથા અનુભવી હશે પ્રલય—આંધીની છાંટ તેં,
છતાં અસર ના થઇ; ધ્રુવપદે જઇ તું ઠર્યો.
પ્રશાન્ત ધ્રુવતારલા! અસિત જીંદગી સાગરે
ચુકેલ પથ—નાવડી તરફ લક્ષ્ય તું દોરજે.

રજનીકાન્ત દેસાઇ

ભરતની વસુધા અમારી

ભરતખંડના ત્રણેય ભરતનું ગુણગૌરવ કરી દેશસ્તવન કરતું કાવ્ય

• વસંતતિલકા •

જે બાળકે ગુણતણાં પયપાન કીધાં,
જે યુવકે અવનિમાં યશ-રાજ્ય કીધાં,
'જ્ઞાની છતાં જડ' રહુગણ દુઃખહારી,
એ વીર છે ભરતની વસુધા અમારી.

જે બાળકે સિંહણનાં શિશુને રમાડયાં,
જે યુવકે અવનિમાં અરિ-ગર્વ ગાળ્યા,
રાજર્ષિ એ ઉભયલોક ગયો સુધારી,
એ વીર છે ભરતની વસુધા અમારી.

નિઃસ્વાર્થ નંદિપુરમાં શુભ વ્રત ધાર્યાં,
એ યુવકે અવધના ઇશને ઉજાળ્યા;
જેની જ શીલ-સરિતા અતિ પુણ્યકારી,
એ વીર છે ભરતની વસુધા અમારી.

જયરામ નથુભાઈ પટેલ

જીવનનું પરોઢ

ભાગ બીજો · પ્રકરણ ત્રીજું : સ્વાગત

એક દિવસ સવારના પૂજ્ય બા પાસે મગનકાકા બાપુજીની પાઘડી લેવા આવ્યા. બાપુજી વકીલાત કરતા ત્યારે પાછળ છોગાવાળી ટોપી જેવી કાળી પાઘડી પહેરતા. પાછળથી તેઓ ઉઘાડે માથે જ ફરતા. ફીનિક્સમાં પડેલી એ જૂની ટોપી શા માટે મગાવી હશે એ અમને પ્રશ્ન થયો. પૂજ્ય બા પાસે ખુલાસો કરતાં મગનકાકાએ જણાવ્યું કે 'ઑનરેબલ મિસ્ટર ગોખલે આવે છે. એમને લેવા બાપુજી કેપ ટાઉન જવાના છે. એમની સાથે હરતીફરતી વખતે એ ટોપી પહેરવી પડશે એમ બાપુ લખે છે.'

એક શનિવારે સાંજે હું અને દેવદાસકાકા સ્ટેશને જતા હતા. સ્ટેશને જવાનો રસ્તો ટીંબાટેકરાવાળો અને જ્યાંત્યાં પાણીથી ખોદાઇ ગએલો હતો. એટલાં વરસ તેના ઉપર આવજા કરી છતાં કદી એને સુધારવામાં આવ્યો હોય એવું અમે દીઠું ન હતું. તે દિવસે અમે પહેલી જ વાર જોયું કે કેટલા યે ગિરમિટીઆઓ રસ્તો સુધારીને મોટર જઇ શકે એવો કરી રહ્યા હતા. આ શું કૌતુક છે એ સમજાયું નહિ, એટલે મેં એમાંના એકને પૂછયું કે 'કોઇ દિવસ નહિ અને આજે કેમ આ રસ્તો સુધારો છો?' તેમણે કહ્યું, 'ગોખલે મહારાજ હમારે દેશસે આને હૈં, ઇસલિએ યહ રાસ્તા ઠીક કિયા જાતા હૈ.' મેં દેવદાસકાકાને પૂછયું, 'પણ એમાં આ ગોરા લોકોને શું છે? તેઓ શું કામ રસ્તો સરખો કરાવે?' જવાબમાં કહ્યું કે 'એ બાપુથી યે મોટા છે અને સરકારના પણ મહેમાન છે, એટલે એ રસ્તો સરખો ન કરાવે તો દેશમાં એમની આબરૂ જાય.'

થોડા દિવસમાં તો છાપાંઓમાં સુંદર ફોટાઓ આવવા લાગ્યા. એક ઘોડાગાડીમાં ગોખલેજી અને તેમની સામે બાપુજી પેલી પાઘડી પહેરીને બેઠા હતા અને ગાડીની આસપાસ લોકો ફરી વળ્યા હતા.

કેપટાઉનમાં લેવાએલી એ છબી પછી તુરત કિંબરલીમાંનો ગોખલેજીનો ફોટો, તેમને રહેવાનું મકાન, તેમના સ્વાગત માટે તૈયાર કરેલી કમાન વગેરેના ફોટાઓ ફીનિક્સમાં આવ્યા તે મેં જોયા; ત્યાંની સભાઓનાં રસમય વર્ણનો સાંભળ્યાં, પછી 'ઇન્ડિયન ઓપીનીઅન'માં જોહાનિસબર્ગના હિંદીઓએ તૈયાર કરેલી અપૂર્વ કમાનનો ફોટો છપાયો. ફીનિક્સમાં ગોખલેજીનું આગમન ચર્ચાનો મુખ્ય વિષય થઇ રહ્યું. જ્યાં જઇએ ત્યાં આવી ચર્ચાઓ સાંભળીએ: 'હીરો ને સોનું ભેગા થયા છે. ગાંધી–ગોખલેની પાછળ દેશીઓ તો ઠીક, ગોરાઓ પણ ગાંડાની માફક ઉલટયા છે. માનવંતા ગોખલેજીને આટલું બધું માન અપાવી બાપુજીએ હિંદીઓની પ્રતિષ્ઠા અનેકગણી વધારી મૂકી છે. રાતદહાડો એક કરી બાપુજી ગોખલેજીની ખિદમત કરી રહ્યા છે. હિંદીઓ તરફથી માન આપવામાં કે ગોખલેજીની સગવડમાં કયાં યે પ્રમાદ દેખાય તો બાપુજી હાજરી લઇ નાખે છે. ભલભલા સેવકો ઊભે પગે એમની સેવા કરે છે તો યે બાપુજી પંડે ગોઠવણો કરવા લાગી જાય છે. ગોખલેજીને માન અપાવવામાં બાપુજી જરા યે ઊણું નથી રહેવા દેતા. ૪૦'

ફીનિક્સમાં અમારૂં ભણવાનું પણ ઓછું થયું. ગોખલેજીના માનમાં ડરબનના હિંદીઓએ છોકરાઓ અને છોકરીઓની ભેગી હરીફાઇઓ ગોઠવી હતી અને ગોખલેજીને હાથે ઇનામ અપાવવાનું ઠરાવ્યું હતું. અને એ હરીફાઇમાં અમારી ફીનિક્સ શાળાને યે આમંત્રણ હતું. આસપાસના ગિરમિટમુક્ત હિંદીઓના છોકરાઓને ભેગા કરતાં અમારી સંખ્યા માંડ આઠથી દસની થઇ. અરધા માઇલની દોડ, સો વારની દોડ, ત્રણપગી દોડ તથા હનુમાન અને અંગદ કૂદકાના અભ્યાસ કરવા આડે શાળાનો અરધો વખત વીતી જતો. દેવદાસકાકા અમારા સૌમાં ખૂબ આગળ નીકળી જતા. લાંબી દોડમાં મગનકાકા ત્રણ મિનીટનો આરંભ મને ને બીજા છોકરાને આપતા. અમે ફર્લાંગેકથી વધુ

દોડી ગયા હોઈએ ત્યારે દેવદાસકાકાને દોડવાની શરૂઆત કરાવતા છતાં તેઓ અમારી પહેલા નીકળી જતા. એમની સામે હું ઝંખવાઈ જતો, એટલું જ નહિ, પણ મનમાં બળતો પણ બહુ. ડરબન જવા માટે દેવદાસકાકાને મોટી ટોળીમાં અને મને નાના છોકરાઓની ટોળીમાં મૂકવામાં આવ્યો ત્યારે મને જીતવાની કંઈક આશા ઊપજી. હરીફાઈની તૈયારી ઉપરાંત ફીનિક્સમાં મુખ્યમુખ્ય જગ્યાએથી ઘાસ કાઢી બધું સાફ ને સુંદર કરવામાં અમારો વખત જતો. સાંજે ગોખલેજી આવે ત્યારે ગાવા માટે રામાયણના ચોપાઈદોહાની તથા એક અંગ્રેજી ભજનની અમને તાલીમ મળતી, એ સિવાયનું અમારૂં બધું ભણતર ત્યારે સૂઈ ગયું હતું.

જોહાનિસબર્ગ વગેરેમાં થએલા ભારે મેળાવડાઓની વાતો સાંભળી દેવદાસકાકાનું મન ફીનિક્સમાં નહોતું રહ્યું. ત્યાંના સમારંભોનો રસ લેવા જવાનું એમને બહુ મન થયું. એમનાથી જોહાનિસબર્ગ તો ન જવાયું, પણ ડરબન તથા મારિત્સબર્ગ સુધી જવાની એમને પરવાનગી મળી. મારિત્સબર્ગ નાતાલની રાજધાની હોઈ જોહાનિસબર્ગને રસ્તે તે આવેલું. હું ટૉલ્સ્ટૉય વાડી જવાથી વંચિત રહેલો, જોહાનિસબર્ગનું પણ મારાથી નામ લેવાય એમ ન હતું. પણ દેવદાસકાકા સાથે મારિત્સબર્ગ સુધી પહોંચવાની મેં મનમાં ગાંઠ વાળી. દેવદાસકાકાને મધ્યસ્થ બનાવી મેં મુરબ્બીઓની રજા મેળવી. દીવાળીના પરબના દિવસો શરૂ થઈ ગયા હતા. એ દિવસોમાં ઘરથી મુસાફરીએ ન જવાય એવી શિખામણ મને આપવામાં આવી, પણ ફીનિક્સની વાડમાંથી છૂટી બહાર ફરવાનું મળે એ મારે મન મોટી દીવાળી હતી એટલે મેં જીદ્દ ન છોડી ને આખરે ફાવ્યો. દેવદાસકાકા સાથે સવારના સમયે હું ડરબન પહોંચ્યો.

ડરબનથી મારિત્સબર્ગ સુધી ગોખલેજીના સ્વાગત સારૂ હિંદીઓથી ભરેલી એક આખી ટ્રેન જવાની હતી. એને ઉપડવાને ચારેક કલાકની વાર હોવાથી અમે બંને રૂસ્તમજી શેઠને ત્યાં ગયા.

અમે પહોંચ્યા ત્યારે શેઠજી, ગોખલેજીના સ્વાગતની અને ઠેરઠેરથી આવેલા મહેમાનોની અને સાથે દુકાનની એમ તેવડી વ્યવસ્થાની ધમાલમાં હતા. છતાં એમણે અમને છોકરાઓને જોઈતી સગવડ જાતે કરી આપી. પોતાનું રસોડું—બબરચીખાનું—અમને બનાવ્યું. અમારે માટે ચૂલો ખાલી કરી આપ્યો, દૂધ મગાવી દીધું અને બીજું જોઈએ તે કરી લેવાનું ફરમાવી પોતાને કામે ચાલ્યા ગયા. અમે બંને નાસ્તો કરવાની તૈયારીમાં હતા ત્યાં અચાનક અમારી પાછળ જમનાદાસકાકા આવી ઊભા. ડરબનથી બધી તૈયારી તપાસવા અને અધૂરૂં કામ પૂરૂં કરવા બાપુજીએ તેમને અગાઉથી મોકલ્યા હતા. તેમના પાસેથી ટ્રાન્સવાલમાં થએલા ભભકાદાર સ્વાગતની ઘણી વિગતો અમને જાણવા મળી. ટૉલ્સ્ટૉયવાડીના નાનામોટા સભ્યોને દરેકને શું શું કામ સોંપાયું હતું અને કોણે કોણે પોતાને શોભાવ્યો અને કોણે ઠપકો મેળવ્યો તે નામ લઈલઈને તેમણે દેવદાસકાકાને જણાવ્યું. મને એ રીતે નામોનો ને ત્યાંના નિવાસીઓના સ્વભાવનો કંઈક પરિચય મળ્યો.

ટૉલ્સ્ટૉયવાડીમાં સ્વાગતને સારૂ કરેલી કમાનોને ત્યાંના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોની મહેનતથી ઉગાડેલાં આડુ (પીચ), લીલાં જરદાલુ (ઍપ્રિકૉટ) વગેરે તાજાં ફળોનાં ઝુમખાંથી શણગારેલી અને બહુ જ સાદી ચીજોથી બધી શોભા કરેલી. એ બધું વર્ણન જમનાદાસકાકા પાસેથી સાંભળ્યું ત્યારે ત્યાં ન હોવાનું મને બહુ દુઃખ લાગ્યું.

ટ્રેન ઉપડવાને વાર હતી અને જમનાદાસકાકા પોતાને કામે ઉપડી ગયા એટલે અમે બંને રૂસ્તમજી શેઠની વખારમાં પેઠા અને ખૂણેખૂણો તપાસી વળ્યા. મહેમાનો માટે બરફ, સોડાવૉટર, શરબત અને બીજી ઘણી ચીજો ત્યાં ખડકાએલી. ખપતી ચીજો ઉપર કોઈને પૂછ્યા વિના અમે ઠીક હાથ ચલાવ્યો. ફીનિક્સ જેવે ગામડેથી અમે શહેરમાં આવેલા. તેમાંયે મારો અટકચાળો સ્વભાવ. દહાડે વીજળીની બત્તી બાળવી, ટેલિફોનની ઘંટડી બજાવવી ને એવું બીજું નુકસાન કરવાની મને ચળ તો ઘણી; પણ દેવદાસકાકા સાથે હોવાથી હું અંકુશમાં રહ્યો. બપોરે એકને ટકોરે મોટા ટેબલ પર અનેક મહેમાનોની સાથે પંગત પર અમે પણ હાજર થઈ ગયા. સવારથી અમારૂં મોઢું ચાલુ હતું, છતાં જમવા તૈયાર જ હતા! પંગત પૂરી થયે સ્ટેશને જવાની તૈયારીઓ થઈ.

આખી ટ્રેન સુવાંગ હતી. ખાસ સ્વાગત સારૂ મારિત્સબર્ગ જતી હતી. રૂસ્તમજી શેઠને ત્યાંથી જ અમને ટિકિટો મળી ગઇ. ખુશાલી અને આદર માટે દરેકે પોતાની પાસે એક એક વાવટો રાખવાનો ઠરાવ હતો. આ વખતે આપણો રાષ્ટ્રીય વાવટો તૈયાર નહોતો થયો, એટલે જુદાજુદા રંગના અનેક વાવટાઓ તૈયાર કરવામાં આવ્યા હતા. રૂસ્તમજી શેઠના નાના દીકરા સોરાબજીએ બેત્રણ મોટા વાવટાઓ પણ સાથે લીધા. લાલ ધોળા ચટાપટાવાળા બધા વાવટા જતા કરી મેં લીલો વાવટો પસંદ કર્યો ગાર્ડના વાવટાથી ટ્રેન ચાલે છે તો મારા વાવટાથી એ ચાલે છે કે નહિ એ મારે જોવું હતું. અમારૂં સરઘસ સ્ટેશને પહોંચ્યું. આખી ટ્રેન વાવટાવાળાઓથી ભરાઈ ગઇ અને વખત થતાં મારિત્સબર્ગ જવા ઉપડી. ત્રીજા વર્ગના બેત્રણ ડબાઓ સિવાય આખી ટ્રેનમા એવી ગોઠવણ (કોરી-ડોરની) હતી કે ચાલતી ગાડીએ એક ડબામાંથી બીજા-માં અને એમાંથી ત્રીજામાં એમ સળંગ ગાડીમાં આવજા થઇ શકે.

ટ્રેન ઉપડી કે મેં ધંધો આદર્યો, બે વાર તો અમે આખી ટ્રેનમાં ફરી આવ્યા એક ડબામાં હૉટેલ હતી અને ત્યાં ખૂબ ભીડ હતી. ફરી આવીને અમારા ડબામાં આવીને બેઠા. એ પહેલા વર્ગનો ડબો હતો. અમારી બેઠક પાસે એક બટન હતું એ દાબ-વાથી નોકર આવીને ઊભો રહે અ હૉટેલમાંથી જે કંઇ જોઇતું હોય તે લાવી આપે એમ મેં સાંભળ્યું. મેં પ્રયોગ કર્યો. પરંતુ નોકર ન આવ્યો. મને ખબર હતી કે એ સગવડ ગોરાઓ માટે હોય છે અને આ સ્પેશ્યલ ટ્રેન માટે એ ગોઠવણ ન હતી. અંદરનું જોઇ પરવારી બારીમાંથી મેં મારો લીલો વાવટો અને દેવ-દાસકાકાનો લાલ વાવટો ખૂબ ફરકાવ્યો. પણ ટ્રેન ઊભી યે ન રહી અને જોરથી ચાલી પણ નહિ; એ તો જતી હતી તેમ જ ગઇ. ડ્રાઇવરે ઓછી-વત્તી ચાલ પણ કરી. ગાર્ડની માફક અમારી પાસે સીસોટી પણ હતી તે પણ કંઇ ઉપયોગમાં ન આવી ત્યારે એન્જિનવાળા ઉપર મને ચીડ ચડી અને ગાર્ડના વાવટો એ કેમ ઓળખી શકતો હશે એ પ્રશ્ન પણ થયો. ખાસ અમારી જ ટ્રેન, બધા એક જ જગ્યાએ જવા-વાળા, એટલે કોઇ ઊતરે નહિ કે ચડે નહિ. મોટા મોટા સ્ટેશનોએ પણ ગાડી ઊભી ન રહી અને દોઢ બે કલાક સુધી ચાલ્યા કરી. એન્જિનમાં પાણી ખૂટી ગયું ત્યારે એક નાની જગ્યાએ ઊભી રહી. પાણી લીધું ને પાછી ઉપડી તે ઠેઠ મારિત્સબર્ગ જઇને થોભી. આખી ટ્રેન એકસાથે ખાલી થઇ ગઇ.

ગોખલેજી આવી ગયા હતા. તેઓ ઊતર્યા હતા તે બંગલો અમે જોયો અને પછી બધાંની સાથે અમારે ઉતારે ગયા. જમ્યા, મારિત્સબર્ગની બજાર જોઇ આવ્યા અને રાત પડી એટલે સૂઇ રહ્યા. સવારે આઠેક વાગ્યામાં ટ્રેન ઉપડવાની હતી એટલે ઊઠતાં-વેંત દાતણપાણી કરી ત્રણેક માઇલ ચાલી પાછા સ્ટેશને આવ્યા. જેમની સાથે આવ્યા હતા એમનો સથવારો અમે મૂકી દીધો અને અમે બંને તો ગો-ખલેજીના ડબામાં જ પહોંચી ગયા. એમના ડબામાં બાપુજી અને બીજા એકાદ જણ સિવાય બીજા કોઇને બેસવા દેવામાં નહોતા આવતા. અમને તો બાપુજી-એ જ અંદર આવવા દીધા એટલે પછી કોણ પૂછે?

ગોખલેજી એકલું પહેરણ પહેરી ઉઘાડે માથે બેઠા હતા. માથાના અરધા વાળ ધોળા અને અરધા કાળા હતા. અમે જઇને પગે લાગ્યા. કોઇએ દેવ-દાસકાકાને ઓળખાવ્યા એટલે તેઓ એમની સામે જોઇને હસ્યા અને પછી પોતાના હાથમાં હતું એ વાંચવા મંડી ગયા.

ડબામાં અમારા પેસતાંની સાથે ટ્રેન ઉપડી ચૂકી હતી. થોડીવારે બાપુજી ગોખલેજીનાં કપડાં લઇ આવ્યા અને તેમને નાહીધોઇ લેવાનું કહ્યું. ગોખલેજીને માટે જનરલ સ્મટ્સે પોતાનો ફરવાનો ખાસ ડબો–સલૂન–આપ્યો હતો, એટલે પછી એમાં શી મણા હોય? પહેલા વર્ગનો ડબો જોઇને મને જે આશ્ચર્ય થયેલું તેના કરતાં યે આ સલૂન જોઇને ઘણું વધારે થયું. —એમાં નહાવાની ઓરડી, ઠંડું અને ગરમ પાણી, પાયખાનાની સગવડ, સૂવા માટે પલંગ, લખવા માટે ટેબલ-ખુરશી તથા તેના ઉપર કાગળ ખડિયો ને કલમ બધું. જાણે એ એક બંગલો જ હતો. ગોખલેજી નહાવા ગયા એટલે બાપુજીએ ધીમેથી સૂચના આપી: 'હવે તમે બધું જોઇ લીધું. અહીં રહેવું સારૂં ન કહે-વાય, એટલે તમે હવે બીજાઓની સાથે જઇને બેસો. કામ ન હોય ત્યાં નકામું ઊભું રહેવું ન જોઇએ.'

બાપુજીનું આ ફરમાન કડવું તો લાગ્યું, પણ છૂટકો ન હતો એટલે અમે ત્યાંથી નીકળી બીજા ડબ્બામાં બેઠા.

આખે રસ્તે સ્ટેશનની ચારે બાજુએ લોકોનાં ટોળાં ઉભરાયાં હતાં. 'ગોખલે મહારાજની જય'ની ગર્જનાઓમાં ટ્રેન ચાલવાનો અવાજ પણ ડૂબી જતો હતો. ડરબન આવ્યું ત્યાં તો ક્યાં યે જમીન જ નહોતી દેખાતી. જમીનને બદલે બધે માણસોનાં માથાં જ દેખાય. ગોખલેજી ઊતરીને સ્ટેશન બહાર નીકળ્યા ત્યાં તો કેટલાં યે માણસો એમને ફરી વળ્યા. અમારે માટે તેમની પાસે પહોંચવાનો એકકે ય ઉપાય ન હતો. અમને ડર તો એ લાગ્યો કે જો તેઓની પહેલાં અમે રૂસ્તમજી શેઠના ઘરમાં નહિ પહોંચીએ તો પછી બહાર જ રહેવું પડશે, એટલે અમે એગનું સરઘસ છોડી દઈ સીધા રૂસ્તમજી શેઠને ત્યાં પહોંચ્યા.

પ્રભુદાસ છગનલાલ ગાંધી

નવાં પુસ્તકો



ગૃહવિધાન: પ્રકાશક–વીરેન્દ્રરાય ચન્દ્રશંકર મહેતા, બી.એ., બી.ઇ., રાદેર સુધરાઈ કચેરી ભાવનગર, ૪-૦-૦; **વૃદ્ધ લોકોને માટે કસરતો:** અનુવાદક ડૉ. સાકરલાલ તુળજાશંકર યાજ્ઞિક, ૧૦૨૪ સદાશિવ પેઠ, પૂના, ૦-૫-૦; **જીવતા તહેવારો:** લેખક–દ. બા. કાલેલકર, પ્રકાશક–નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ, ૦-૨-૬; **હિંદુસ્તાનની યાત્રા:** લેખક–પ્રકાશક–ડાક્ટર કાલિદાસ મોતીરામ દ્વિવેદી, રાજકોટ કાઠીઆવાડ), ૧-૦-૦; **નવા યુગની નારી.** લેખક–શારદાપ્રસાદ વર્મા, પ્રકાશક–યુગાંતર કાર્યાલય, સુરત, ૦-૧૨-૦; **હોલીવુડ:** લેખક–પ્રકાશક–રવિશંકર હરિશંકર પંડ્યા, ફ્રાઝી ફેંગ રોડ કરાચી, ૦-૧૨-૦; **સદાચાર:** ૨-૦-૦, **અલૌકિક અમૃત તથા કર્મયોગ:** ૦-૬-૦, **કલ્પનાસૃષ્ટિ અને બ્રહ્મકલ્પના:** ૧-૪-૦, સોના સંપાદક–પ્રકાશક–મૂલજી રણછોડ વેદ, ઓન બંગલો અંધેરી; **ન્હાના ન્હાના રાસ:** ૧-૪-૦, **મણિમહોત્સવના સાહિત્ય બોલ:** ભાગ ૧, ૧-૧૨-૦, ભાગ ૨, ૧-૪-૦, લેખક પ્રકાશક–ન્હાનાલાલ દ. કવિ, એલિસબ્રિજ અમદાવાદ; **રતન:** લેખક–ચંદ્રવદન મહેતા, મુખ્ય વિક્રેતા–આર આર શેઠની કું મુંબાઇ-૨, ૧-૦-૦; **રમકડાં:** રચનાર પ્રિયવદન બક્ષી, ૦-૬-૦, **પ્રગતિશીલ જાપાન** (પૂર્વાર્ધ): લેખક–ત્રિભુવનદાસ પટેલ, ૧-૦-૦, પ્રકાશક–ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય ગાંધી રસ્તો અમદાવાદ; **વિજ્ઞાનના દૃષ્ટાઓ:** લેખક–ગોધીઆ, **સૌન્દર્યની દૃષ્ટિએ:** લેખક–ગિજુભાઇ, દરેકના ૦-૫-૦, પ્રકાશક–શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર ભાવનગર; **આર્યધરણી:** લેખક–પ્રકાશક–જયરામ નથુભાઇ પટેલ, મુ. ગરણી, પોસ્ટ કોટડાપીઠા; विहार दिग्दर्शन (भाग पहिला) લેખક–મુનિ પ્રિયંકરવિજયજી, પ્રકાશક–શા. સોગચંદ જેસિંગદાસ, મહેસાણા, ૧-૧૦-૦; **ગ્રામદેવતા:** લેખક–મહીજીભાઈ કાળિદાસ પટેલ, પ્રકાશક–દુર્લભલાલ વ્રજલાલ પરીક્ષક, આચાર્યશ્રી દેવકુંવર આર્યકન્યાશાળા દારેસલામ, ૧-૮-૦; **શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, શ્રીમદ્ રાજચંદ્રના પત્રો,** ૦-૨-૦, **શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધીજી,** ૦-૨-૦, પ્રકાશક–ઝંઝા આયુર્વેદિક ફાર્મસી, ગાંધીરોડ અમદાવાદ; **'We are Seven'** (વર્ડ્ઝવર્થના કાવ્યનો ગુજરાતી અનુવાદ): અનુવાદક–મિસ ફુલસુગ એ. સુરૈયા, પ્રકાશક–ધી ગુજરાતી સાહિત્ય મંડલ, ઇસ્માઇલ કૉલેજ, જોગેશ્વરી મુંબાઇ; **વૈદ્યોનું વાર્ષિક** (ગ્રંથ પહેલો): તંત્રી–પ્રકાશક–પ્રતાપકુમાર પોપટભાઇ વૈદ્ય, વૈદ્યભુવન ભૂલેશ્વર મુંબાઇ-૨; **મહાવીર સ્વામીનો અંતિમ ઉપદેશ:** સંપાદક–ગોપાલદાસ જીવાભાઇ પટેલ, પ્રકાશક–શ્રી જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ, C/o નવજીવન કાર્યાલય અમદાવાદ, ૧-૦-૦; **પારેવાં** (બાલગીતો): સંપાદક–છોટુભાઇ પટેલ તથા શાન્તાબેન પટેલ, પ્રકાશક–છોટુભાઇ ખુશાલભાઇ પટેલ, મજૂર બાલગૃહ, મીરજાપુર રોડ અમદાવાદ, ૦-૩-૦; **ચાર કળા:** લેખક–પ્રકાશક–હરજીવન કાલિદાસ મહેતા, ભાવનગર, ૦-૧-૦; **આવતી કાલ:** લેખક–રામનારાયણ ના. પાઠક, પ્રકાશક–કાન્તિલાલ મણિલાલ શાહ, અંજલિ ગ્રંથમાળા, અમદાવાદ, ૨-૮-૦; **અમરેલી પ્રાન્તની બાધાખોરાકી:** લેખક–પ્રકાશક–રઘુનાથ ગંગારામ ઠક્કર, દામનગર (કાઠીઆવાડ), ૦-૮-૦; **ગાંધીકાવ્યસંગ્રહ:** સંપાદકો–ઝીણાભાઇ દેસાઇ તથા ઉમાશંકર જોષી, પ્રકાશક–વિદ્યાર્થી પંચાયત, શ્રી ગોકળીબાઇ હાઇસ્કૂલ વીલે પારલે, ૦-૧૨-૦.

હરિજન કરતાં પણ ભયંકર દુર્દશા ભોગવતા બાવાઓનાં જીવનના.. **મારી સફર** .. દરમિયાન સાધેલા સહવાસમાં મેં એ જીવન તેના સાચા સ્વરૂપે જોયું

૯–સંગદોષ

સાધુઓ અને બાવાઓ, ભિખ માગનારા અને ભટકતા ભામટાઓ વિષે સમાજે એક ખ્યાલ બાંધી લીધો છે. મેં સાધુઓના સહવાસમાં જોયું. કે એમના જીવનને સુખી એટલે ગૃહસ્થો લોકો જાણતા જ નથી હોતા—બે જ વાત જાણતા હોય છે: એક તો સાધુ એટલે ભગવાનને ભજ્યા કરે, અને બીજું, સાધુ ઢોંગ કરીને પેટ ભરવા ભટકયા કરે.

આ બંનેમાંનું કંઈ જ બિચારા સાધુઓમાં હોતું નથી. સમાજની એક રૂઢિએ એમને ભયંકર દુર્દશામાં ધકેલી દીધા છે. નથી લોકો એમની પરવા કરતા કે નથી સરકાર એમને સંભાળતી. આજના સમાજ-સેવકો મજૂરી કરી કમાઇ ખાનારા મજૂરો અને કારીગર લોકોની ચિંતામાં દુબળા થતા જાય છે, પણ કોઇએ હજી અવાજે ય કાઢ્યો નથી, કે બાવા સાધુના નામે ભયંકર દુર્દશા ભોગવતા અસંખ્ય બિરાદરોનું શું? હાં, અવાજ નીકળે છે, તે એક તેમની નિંદાનો! ઢેડ, ભંગી--હરિજનોની દશા તો લાખ દરજ્જે સારી છે, આ બાવા સાધુઓ કરતાં.

હું બાવા સાથે અજમેર પહોંચ્યો. આગગાડીમાં બેસવાની વાનગી તો ચાખી લીધી હતી, એટલે ફરી એ વડે પેટ ભરવા હું રાજી ન થયો. પણ બાવો મુક્તભોગી વ્યક્તિ હતો.

'ભલા આદમી, આ તો કંઇ વાત નથી. માની લે, કે વગર ટીકીટે મુસાફરી કરવા માટે ફાંસીની સજા થાય તો યે ડરવું નહિ. એ બધી ધમકી. તું તારે ચાલ.'

'काजलकी कोठरीमें कैसो हु सयानो जाय' પણ એકાદ લકીર જેટલો યે ડાઘ લાગે તો ખરો જ. હું કયાં સુધી પોતાને બચાવી શકું! ચાલતા જવાની મઝા તો મળી ચૂકી હતી. એક દિવસમાં દસબાર માઇલ જવાય, જ્યારે લાગ મળે તો તેટલા જ વખતમાં સેંકડો માઇલ આગગાડીમાં કપાઈ જાય. છેવટે બેએક સ્ટેશન ગયા પછી થાકીને રાતની ગાડી પકડી. ભાગ્યજોગે કાંઇ ભેટયું નહિ. સવારમાં પુષ્કરરાજ પહોંચી ગયા.

ધર્મશાળા જિંદાબાદ કરીને બેઠા. ત્યાં એક ફકીર પણ હતો. થોડી વારે એક છોકરો તેના માટે બજારમાંથી કંઈક લઇને આવ્યો. મારા જેટલી જ ઉમ્મરનો. મને જોતાં જ મારી પાસે દોડી આવ્યો અને એક સીગારેટ કાઢીને આપવા માંડયો.

'હું નથી પીતો.'

'અરે યાર લો લો. શું નથી પીતો?'

'ના. મને ઉલટી થઇ જાય.'

'કેવો છે, ભલા આદમી?'

ઘણો આગ્રહ કર્યો પણ મેં સીગારેટ લીધી નહિ. ઘડીક તો નારાજ થયો હોય તેમ હટી ગયો, પણ વળી પાછો આવ્યો અને મને ફરવા લઇ ગયો. બાવો બજારમાં ગયો હતો. સામાન ફકીરને સંભાળવાનું છોકરાએ જ કહી દીધું.

રસ્તામાં જતાં એક છેલ મિયાં નજીક જઇને છોકરાએ 'બાબા, એક હી પૈસા દે દો. બસ, પાન ખાએંગે. બસ, એક.' તેની બોલવાની છટા એવી પ્રભાવશાળી હતી, કે છેલા મિયાંએ 'લો યાર, તુમ ભી' કહી હસતાં હસતાં પૈસો કાઢી આપ્યો. પૈસો ઉછાળતો તે ગયો અને સામેથી બે પાન લઇ આવ્યો. એક મને આપ્યું.

'તારૂં નામ?' તેણે પૂછ્યું.

મેં નામ કહ્યું.

'મારૂં નામ હુસેન.' તેણે જ પોતાનું નામ કહી દીધું.

ફરતા ફરતા અમે એક મસીદને ઓટલે બેસી ગયા. હું કયાંથી આવું છું એ જાણ્યા પછી તેણે પોતાની મુસાફરી વર્ણવી.

'તું ભાગીને આવે છે ને?' તેણે પૂછ્યું.

મેં વગર સમજ્યે હા કહી દીધી. હવે તેની મુંઝવણ જતી રહી અને પોતે પણ ભાગીને આવે છે એનું વર્ણન કરી દીધું. છેવટે તેણે કહ્યું: 'ચાલ, આપણે બંને સાથે ચાલીએ. આ ફકીર મને નથી ગમતો.'

'તું મુસલમાન, હું હિંદુ, આપણે શી રીતે સાથે ફરી શકીએ?'

'હું પણ હિંદુ જ છું.'

તેનો આ જવાબ સાંભળીને તો હું દંગ થઇ ગયો. તેણે પ્રમાણમાં કાંડા પર છુંદાવેલું 'રામરામ'

મને જણાવ્યું. અને જ્યારે તેની અથેતિ સાંભળી ત્યારે તો સમાજની બેદરકારી પ્રતિ ગ્લાનિ થઇ આવી. આ છોકરો લાહોરનો હતો. તેનાં માબાપ તેને રજભરની પણ સ્વતંત્રતા આપતા નહિ. વાપરવા એક પૈસો પણ દેતાં નહિ. કારણ, તેને સાવકી માતા હતી. છોકરો કંટાળ્યો અને એક ફકીર સાથે નાસી છૂટ્યો. હિંદુ મટીને હુસેન થયો. આ હિંદુ–મુસ્લિમ પ્રશ્ન નથી. આવા કેટલા યે અનેક પ્રકારનાં સંકટાપન્ન બાળકો બાવા સાધુની જમાતમા ભરતી થઇ જાય છે અને એ વંશમાં વૃદ્ધિ કર્યા કરે છે.

છોકરાને મેં સમજાવ્યો, કે ભાઇ, તું હિંદુ મટીને આમ ભિખારી ફકીરનો સંગ કરે તે સારૂં નહિ. તારી જાતને અને તારા કુળને કલંક લાગે. છોકરો પરિસ્થિતિના દબાણમાં હતો. હવે એના માટે બીજો માર્ગ જ નહોતો એમ તેને લાગતું હતું. મેં તેને કહ્યું, તું આ વેશ કાઢી નાખ. ધોતિયું પહેરી લે અને ચાલ આપણે કાશી જઇએ. ત્યાં ભણીશું. તેને ગમી ગયું. ફકીર અને એ જીવન માટે તિરસ્કાર દર્શાવવા લાગ્યો. મેં જોયું, ખરે, ગુનેગાર પાપી કે દોષિત ગણાતાં માનવો પ્રતિ કોઇ હમદર્દી બતાવે તો એમનો પશ્ચાત્તાપ પ્રજ્વળી ઊઠે છે! પણ એટલી રહમદિલી આપણા 'સુખી' લોકોમાં ક્યાં? એ તો સજા કરીને ગુનેગારને વધારે રીઢો ઉગ્ર બનાવે છે.

ચાલીને કંટાળ્યો હતો. સાધુઓ તરફની લોકોની વૃત્તિ જોઇને વધારે અણગમો થયો. ઢોંગ કરો, લુચ્ચાઇ કરો, ઠગો અને રમત રમો, તો તો પૂજાઓ. જરા શી ભલમનસાઇ વાપરી, કે તમે સાધુ મટી ગયા. આ ઉપાધિ વહોરવા કરતાં ટીકીટ લાગી ગઇ તો અઠવાડિયામાં કાશી. ગાડીમાં ન બેસવાની મારી સિદ્ધાંતી નીતિ ઢીલી-વ્યવહારૂ–થઇ ગઇ. આત્મશ્રદ્ધા–બળનો પારો એટલા જ અંશ નીચે ઊતર્યો. આજ મને લાગે છે, કે ચાલવાની નીતિને દૃઢ રીતે વળગી રહીને મેં કષ્ટોનો સામનો કર્યો હોત તો આજ એની યાદ સ્વર્ગ-સુખને ટપી જનારી નીવડત! વ્યવહારૂઓની આ જ બદકિસ્મતી છે ને? અને જન્મના વ્યવહારૂને તો ભંગીની પેઠે એજ મેલામાં સડ્યા પડી રહેવાની આદત હોવાથી દુર્ગંધ કે સુગંધનો ખાસ કિમ્મત હોતી નથી. ત્યાગ અને કષ્ટની સુધા એ શા રીતે અનુભવે?

અમે બંને પાછળથી સ્ટેશનમાં ઘૂસી ગયા અને ગાડીમા ચડી બેઠા. ધર્માદા સફરમાં મેલ–ટ્રેન વિશેષ પસંદગી પામે છે. કારણ, ટિકીટ તપાસનાર ઝટ આવી શકતો નથી અને આવે ત્યારે તો લાંબી સફર થઇ ગઇ હોય છે!

ભાગ્યજોગે વચ્ચે એક સંન્યાસી મહારાજ અમારા ડબ્બામાં આવી બેઠા. "आकृतिर्गुणान्कथयति." તેણે અમને પરખી કાઢ્યા. વાતચીત થઇ.

'હું પ્રયાગરાજમાં જ રહું છું. કંઈ હરકત નહિ. તમે વિદ્યાર્થી છો ને? મારી જગામા આવો. હું તમને બધી વ્યવસ્થા કરી દઇશ.'

અમે તો રાજી રાજી! વચ્ચે ટિકિટ તપાસનાર આવ્યો. મારો મિત્ર તો કહે કે છૂપાઇ જાઓ પાટિયા નીચે. મેં કહ્યું, ચોરી નથી કરવી. ભલે ઉતારી મૂકે! સંન્યાસીએ 'બિચારા વિદ્યાર્થી છે! પ્રયાગ ભણવા જાય છે. જવા દો!' કહ્યું, એટલે બેચાર ધર્મપ્રાણ સજ્જનોએ પણ ડોકાં હલાવી દયાભરી દૃષ્ટિવાળી મુખમુદ્રા કરી ટેકો આપ્યો. ફાંસીના કેદીને છોડી મૂકીને જેવો ઉપકાર–ગર્વભર્યો શ્વાસ કોઇ ન્યાયાધીશ ખેંચે એવો જ રોફદાર શ્વાસ ટિકિટ તપાસનારે ખેંચ્યો! અમે તો જાણે માછલીના મોંમાંથી કાંટો સરકી ગયો તેવા.

પ્રયાગ પહોંચી ગયા. સંન્યાસી મહારાજ તેમની ગંગાકિનારા પરની જગામાં લઇ ગયા. સંન્યાસી રૂપેરંગે પ્રભાવશાળી હતા. બોલવામાં ચતુર અને વિદ્વાન. ગીતા કંઠસ્થ હતી. ચારપાંચ બીજા ચેલાચપાટી પણ ત્યાં હતા. સ્થાન સપન્ન લાગ્યું.

એક પાઇભરની આસ્થા નહિ હોવા છતાં ગંગાસ્નાન કરવાની ઉત્કંઠા પ્રબળ થઇ ગઇ. ગંગાનું નામ લઇને પોતાને પવિત્ર સમજતા ઘણાને મેં સાંભળ્યા હતા. આજે એ જ ગંગામાં હું નાહીશ. ઓહો! સત્ય હોય તો હું કેવો ભાગ્યશાળી!

શ્રદ્ધાથી દોડ્યો અને ગંગામાં પ્રેમભાવથી છલકાતે હૃદયે ડુબકી મારી. 'યોજનાનામ્ શતૈરપિ' ગંગાસ્મરણ માત્રથી મુક્તિ મળતી હશે તો મને પ્રત્યક્ષ કેમ નહિ મળે? બાકી શ્રદ્ધાનું કારણ છે એ પાઠ હું અહીં ભણ્યો. શ્રદ્ધાનું કારણ સત્ય કે અસત્ય ગમે તે હોઇ શકે. નહિ તો એક જ દેવી અન્નપૂર્ણા અને મહાકાળીરૂપે શા માટે પૂજાય? એક અન્નદાત્રી બને છે,

જ્યારે બીજી બીજાનાં લોહી ચૂસે છે!

એક દિવસમાં તો મારા પંજાબી સાથી ધનીરામે સ્થાનના ચેલાચપાટીઓ સાથે મૈત્રી બાંધી લીધી. હું તો હજી એમનાં મોં ઓળખવાની વિધિમાં જ પડયો હતો. પણ એ એવો બાઝંદો કે બધાનાં નામ પૂછી લીધાં. બધે ફરીને કયાં શું છે તે જોઇ લીધું. જાણે જૂનો અને જાણીતો હોય તેમ બીજે દિવસે ફરવા લાગ્યો. મને તો એ રીતે વર્તતાં ચાર છ મહિના લાગે! મારામાં એ ગુણની ખામી હજી મને સાલે છે.

સંન્યાસીની સેવામાં પણ ધનીરામ ઉત્સાહથી પ્રસ્તુત રહેવા લાગ્યો. ત્રણ દિવસ તો મોજમાં વીત્યા. ચોથા દિવસની રાતે હું સૂવાની તૈયારી કરતો હતો એવામાં ગાળો બોલતો અને બરાડા પાડતો ધનીરામ સંન્યાસીના ખંડમાંથી બહાર નીકળ્યો. બે દિવસથી ધનીરામને સંન્યાસી માથું દબાવવા કે તેલ ચોળવા બોલાવતો હતો. દુષ્ટ સંન્યાસીએ આજ તેની સાથે દુરાચારપૂર્ણ કુચેષ્ટા કરી. ધનીરામે તેના હાથે જોરથી બટકું ભર્યું. અને બહાર નીકળી આવ્યો.

સંન્યાસી તરત જ પાછળ નીકળ્યો અને બોલ્યો, 'કમલનાથ, ઇન સાલોંકો મારકે બાહર નિકાલ દો.'

કમલનાથ ગુરુજીની આજ્ઞા કાર્યાન્વિત કરે તે પહેલાં જ અમે બહાર નીકળી ગયા. ધનીરામ તો બૂમો પાડીને ફજેતી કરવા ઇચ્છતો હતો પણ મેં રોકી લીધો. અમે ધર્મશાળામાં જઇને પડી રહ્યા.

સવારે સ્ટેશનમાં ઘૂસવાનો પ્રયત્ન કર્યો પણ અસફળ રહ્યા. ચાલીને આગલે સ્ટેશને પહોંચ્યા. ગાડીને ઘણીવાર હતી. પાસે થઇને ગ્રાન્ડ ટ્રંક રોડની સડક કાશી જતી હતી. ચાળીસ માઇલ કાશી હતું. ચાલવાનો મારો શોખ વળી ફૂટી નીકળ્યો. ધનીરામને પણ ગમ્યું અને સડક પકડી લીધી.

નવો પ્રદેશ, નવું વાતાવરણ અને નવા લોકો. મને તો ખૂબ જ આનંદ થયો. ગુજરાતીના જેવી ઘેલાઇ અહીંના લોકોના મોં પર મેં ન જોઇ. ગુજરાતનો બગીચો ગણાતા ચરોતર પ્રદેશનું સૌન્દર્ય તો અહીં કંઇ હિસાબમાં ન લાગ્યું. વાતાવરણ જાણે હસતું હતું. લંગોટી જેવો કચ્છ વાળીને ઢોર ચરાવતાં નાનાં બાળકો જોઇ પ્રાચીન ભારતનું એક ચિત્ર દષ્ટિમાં આલેખાઇ ગયું.

લગભગ બપોરે સડક પાસેના એક ગામમાં ગયા. ગામ એટલે પચીશ કે ત્રીસ માટીની ભીંતો પર પરાળનાં છાપરાંનાં મકાનનો એક જથ્થો. નળિયાં તો ભાગ્યે જ જોવામાં આવતાં હતાં. ગામને નહિ ઝાંપો કે દરવાજો. ચારે કોર છૂટ. ખેતર તો ઘરના આંગણાને અડકતાં હોય. એક તસુ જમીન ખાલી નહિ. બેત્રણ ગલીઓ ફર્યા ત્યારે એક ડોસો નજરે પડયો. કંઇ ખાવાનું મળશે એમ પૂછ્યું તો જવાબ ન મળ્યો. તેણે વળતો પ્રશ્ન કર્યો તે પણ અમે ન સમજ્યા. ગ્રામ્ય હિંદી સમજવી અઘરી છે. ડોસાએ બૂમ મારી એટલે સામેના ઘરમાંથી એક મુનશી નીકળી આવ્યા. તે જમીનદારના કારિંદા-પટવારી હતા. તેમણે ખડી હિંદીમાં પૂછ્યું.

'અમે વિદ્યાર્થીઓ છીએ. કાશી જઇએ છીએ. ભૂખ લાગી છે.' મેં કહ્યું.

તરત જ એક થાળીમાં તે લોટ લઇ આવ્યો. જાણે ધૂળ મેળવી હોય તેવો ઝાંખો રંગ લાગ્યો.

'અમારી પાસે કંઇ સાધન નથી, કયાં રાંધીશું અને ખાઇશું?' મેં કહ્યું.

'આ તો સત્તુ છે—જવ ચણાનું. કહો તો મીઠું આપું અને કહો તો ગોળ આપું.' મુનશી બોલ્યા.

સત્તુ શબ્દ જ પહેલવહેલો સાંભળ્યો. મુનશીએ સમજાવ્યું: 'ઘઉં, જવ કે ચણાને શેકીને તેનો લોટ કરે તે સત્તુ. તેમાં મીઠું કે ગોળ નાખીને પાણી સાથે ખવાય. ઉત્તર હિંદના બનારસ, જોનપુર, બલિયા, ગોરખપુર ઇત્યાદિ પૂર્વી જિલ્લાઓમાં સત્તુનો સામાન્ય રિવાજ છે. ઘણાખરા ખેડૂતો તો એક વખત સત્તુ ખાઇને જ ચલાવી લે છે. મજૂરોનો તો એ ખાસ ખોરાક છે. ગોળ સાથે અમે સત્તુ ખાધું. ખૂબ સ્વાદિષ્ટ લાગ્યું.

આવો ફળદ્રુપ પ્રદેશ છતાં ગરીબીના કાળા ઓળા ખેડૂતોનાં તેજ દાબીને ઊભા દેખાયા. સાફ ધોતિયું અને પહેરણ પહેરેલો માણસ દેખાય એટલે સમજી લેવું કે તે સુખી છે. બાકી તો શરીર ઉપર એક માત્ર મેલું ધોતિયું અને ખભે એક ગંદું પંચિયું. હા, તમાકુ અને ચૂનાની ડાબલી ભેટમાં જરૂર હોય. વિશેષ ગુણ તો આ લોકોનો એ જોયો કે કોઈ પૂછે નહિ કે કયાં જાઓ છો, કયાં રહો છો, બાપ છે, મા છે! કોઇ રસ્તે જતાં ટપારે નહિ. ગુજરાતીઓ અને તેમાંય કાઠિયાવાડીઓની આ આદતથી તો કંટાળો જ આવે. ધંધો કાંઇ નહિ. નવરા ઢાંડ જેવા સ્વભાવે વેવલા!

બીજું કરે શું?

મોજથી કાશી પહોંચી ગયા. ક્યાંક દૂધ, સત્તુ, ગોળ કે ચણા મળતા. ઘી તો ઘણું મળ્યું. ગામડામાં ભેંસ વિનાનું ભાગ્યે જ કોઈ ઘર હોય. ગુજરાતમાં બાવા-સાધુઓથી જે હેરાનગતિ લોકો ભોગવે છે તે આ તરફ નથી. અહીં હું 'વિદ્યાર્થી છું' સાંભળીને લોકો પ્રેમથી આવકાર આપતા અને દૂધ કે સત્તુ જે મળે તે આપતા.

ટાઢના દિવસો હતા. જ્યાં જઈએ ત્યાં ઝૂંપડીમાં સ્થાન મળતું અને ડાંગરના પરાળનું બિછાનું. હું તો દંગ જ થઈ ગયો હતો. પહેલવહેલાં જ્યારે એક ખેડુતે ઝૂંપડીમાં પરાળ પાથરી આપ્યું અને કહ્યું કે 'બસ. એક ચાદર ખેંચી લો, ઉપર પરાળ વાળી દઉં.' ત્યારે આ ઠંડીમાં રાત શેં જશે એમ મને લાગેલું. ધનીરામ તો ટુંટિયાં વાળીને જ રાત કાઢવી પડશે એમ માનતો હતો, પણ પરાળ પર સૂતા અને ઉપર પરાળ પડ્યું એટલે તો જાણે ચાર કામળા એક સાથે ઓઢ્યા હોય એવી ગરમી મળી. ડાંગરના પરાળમાં ખૂબ ગરમાવો હોય છે. બિહારમાં તો સામાન્ય લોકોના ઘરમ ઠંડીના દિવસોમાં ડાંગરનું પરાળ જ એકમાત્ર સાધન હોય છે. **જીવરામ જોષી**



કિર્લોસ્કરનાં કટાક્ષચિત્રો (ક્રમાંક ૯) ઉદ્યોગી માણસના ચાર શત્રુ

(ચિત્રકાર · શંકરરાવ કિર્લોસ્કર . . . લેખક · પ્રોફેસર ના. સિ. ફડકે)

ઉદ્યોગી માણસના આ ચાર જન્મજાત શત્રુ છે: એક તો મૂર્ખ કે જેને તેના ઉદ્યોગની કીમત સમજાવવી અશક્ય છે; બીજો મત્સરી કે જેને પોતાની જ હોડ મોટી લાગે છે. પોતાને બદલે જગત પેલા માણસનું ગૌરવ કેમ કરે છે એ જ એને લાગી આવે છે. ત્રીજો વર્ગ એવા કુત્સિતોનો છે કે કુદરતે જેમની એક આંખ જ ફોડી નાખી છે. એમને માત્ર પારકા દોષ જ નજરે પડે છે અને એ દોષો બીજાને બતાવવા તે હમેશાં તલપાપડ રહે છે.

આ ત્રણ વર્ગની ભરતીમાં ઉમેરી શકાય એવો એક ચોથો વર્ગ પણ સમાજમાં છે: એ વર્ગ તે ટીકાખોરોનો. આ વર્ગના લોકો પોતે પોતાની જાતે તો કશું કરતા જ નથી, છતાં જે કાંઈ કરશું તે અમે જ કરશું એવો ખોટો ઘમંડ એમનામાં વ્યાપેલો હોય છે. આથી બીજાના કાર્યનાં વખાણ સાંભળતાં કોઈ સ્વજનનું મૃત્યુ થયું હોય એટલો આઘાત તેમને લાગે છે.

એટલે, શાણા માણસે તો આ ચારે વર્ગના કુતરાઓના ભસભસાટ તરફ મુદ્દલ લક્ષ ન આપતાં, પોતાને મનધાર્યે રસ્તે ધીરજપૂર્વક પોતાનો ઉદ્યોગ આગળ ધપાવ્યે જ રાખવો.

આ મહિનો (ડીસેમ્બર) . . . અને એની પ્રતિભા

તા. ૩ હિંદના ગવર્નર જનરલ લૉર્ડ વિલિયમ બેન્ટિંકે સતી થવાનો ચાલ નાબૂદ કર્યો—ઇ ૧૮૨૯ ✱ ✱ બિહાર-રત્ન રાજેન્દ્ર બાબુનો જન્મ-ઇ. ૧૮૮૪.

તા. ૪ મુગલ શહેનશાહ ફર્રૂખશિયરનું પીઠનું દર્દ મટાડી, બદલામાં અંગ્રેજોને કલકત્તા પાસેનાં ૩૭ ગામો, મદ્રાસ પાસેનો થોડો પટ તથા પશ્ચિમ કિનારા પરનું દીવ બંદર મેળવી આપનાર, ઈસ્ટ ઇંડીઆ કંપનીના સ્ટાફ સર્જન વિલિયમ હેમિલ્ટનનું અવસાન—૧૭૧૭ ✱ ✱ શેઠ માણેકજી ખરશેદજી મુંબાઇમાં પહેલા વહેલા હિંદી શેરીફ નિમાયા-ઇ. ૧૮૫૬.

તા. ૬ જરથોસ્તીઓ ઇરાનથી આવી સંજાણમાં વસ્યા—ઇ. ૭૧૫.

તા. ૧૧ હિંદની પહેલવહેલી જ સ્વદેશી બૅંક, સેન્ટ્રલ બૅંકની સ્થાપના-ઇ ૧૯૧૧.

તા. ૧૭ મદ્રાસની ઇ. ૧૯૦૮ની કૉંગ્રેસના પ્રમુખ શ્રી લાલમોહન ઘોષનો જન્મ—ઇ ૧૮૪૯.

તા. ૧૮ સુએઝની નહેર વ્યવહાર માટે ખુલ્લી મુકાઈ—ઈ. ૧૮૬૯

તા. ૨૨ કવિવર રવીન્દ્રનાથ ટાગોરની વિશ્વભારતી વિદ્યાપીઠની સ્થાપના—ઈ. ૧૯૨૧ ✱ ✱ મરાઠાઓએ દિલ્હીનો કબજો લીધો—ઇ. ૧૭૭૨

તા. ૨૩ સુરતની કૉંગ્રેસના પ્રમુખ ડૉ. રાસબિહારી ઘોષનો જન્મ—ઇ.૧૮૪૫.

તા. ૨૫ પંડિત મોહનમોહન માલવીયજીનો જન્મ—ઈ. ૧૮૬૧

તા. ૨૬ પહેલા મુગલ સમ્રાટ્ બાબરનું મરણ—ઇ. ૧૫૩૦.

તા. ૨૮ મહાયુદ્ધમાં મિત્રરાજ્યોના હંબાનો ભોગ બનેલા અમેરિકાના પ્રમુખ વૂડરો વિલ્સનનો જન્મ—ઇ. ૧૮૫૬.

તા. ૨૯ પહેલી ને આઠમી રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખ શ્રી ઉમેશચંદ્ર બેનરજીનો જન્મ—ઇ. ૧૮૪૪ ✱ ✱ શ્રી કનૈયાલાલ મુનશીનો જન્મ—ઈ. ૧૮૮૭.

તા. ૩૦ બાંકીપુર નજીકની લડાઇમાં સર કોલીન કૅમ્પબેલ સામે ૧૮૫૭ના સંગ્રામના અગ્રણી નાનાસાહેબનો પરાભવ થયો ને એ નેપાળ ચાલ્યા ગયા.

તા. ૩૧ ઇસ્ટ ઇંડીઆ કંપનીને પૂર્વ પ્રદેશો સાથેના વેપાર માટે બ્રિટિશ સરકાર તરફથી ચાર્ટર મળ્યો—ઇ ૧૬૦૦ ✱ ✱ હિંદુ મુસ્લીમ એકતાના હિમાયતી, ગાંધીવાદના પ્રખર અનુયાયી અને 'Greatest gentleman in India' તરીકે ગણાઇ ચૂકેલા નામચીન હકીમ અને ૩૨મી મહાસભાના પ્રમુખ હકીમ અજમલખાનનું અવસાન—ઇ. ૧૯૨૭.



આ માસની વિભુતિ
શ્રી કનૈયાલાલ મુનશી

ઇ. ૧૮૮૭ના ડીસેંબરની ૨૯મીએ ભરૂચ મુકામે જન્મ.

ઈ. ૧૯૦૬માં સંસ્કૃત અને તર્કશાસ્ત્ર વિષયો લઇ, વડોદરા કૉલેજમાંથી બીજા વર્ગમાં બી.એ.ની પરીક્ષા પસાર કરી.

ઇ. ૧૯૦૯માં એલ.એલબી.ની પરીક્ષા પાસ કરી શ્રી ફે. એફ નરીમાન અને 'કેસરી' પત્રના બાબુરાવ ગોખલે પણ એ પરીક્ષામાં એમની સાથે હતા.

પરીક્ષા પસાર કરીને તુરતમાં જ એમણે મુંબાઇમાં પ્રૅક્ટીસની શરૂઆત કરી, લક્ષ્મી અને સરસ્વતી બંનેની ઉપાસના પણ એક સાથે શરૂ કરી.

ઈ. ૧૯૧૩માં ઍડવોકેટ થયા અને ઓરિજિનલ તથા ઍપિલેટ એ બંને વિભાગોમાં તેમને 'ફીફ' મળવા લાગી.

ઇ. ૧૯૧૫—વકીલાત સાથોસાથ સાર્વજનિક કાર્યોમાં ઝંપલાવવાની શરૂઆત કરી. શ્રી જમનાદાસ દ્વારકાદાસ મહેતાની સહાયથી ગાંધીજીનું 'યંગ ઇન્ડીઆ' પત્ર આ સાલમાં શરૂ થયું ત્યારે મુનશી એના સહસંપાદક નિમાયા. એ જ અરસામાં શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકે 'નવજીવન અને સત્ય' શરૂ કર્યું ને મુનશીએ લેખકના નાતે તેનાથી સંબંધ બાંધ્યો. પાછળથી આ બંને સામયિકો ગાંધીજીએ સ્વહસ્તક લઇ, તેમને સાપ્તાહિક બનાવ્યાં, પણ એ બંનેને પગભર કરવામાં અને નવું સ્વરૂપ આપવામાં શ્રી યાજ્ઞિક અને શ્રી મુનશીનો શ્રમ ભૂલાય તેમ નથી.

ઇ. ૧૯૨૦—અસહકારની ચળવળ શરૂ થતાં એમણે તટસ્થ ભૂમિકા સ્વીકારી, સાહિત્યસેવા તરફ પુનઃ લક્ષ આપ્યું.

ઇ. ૧૯૨૨—મુંબાઇમાં સાહિત્ય સંસદ્‌ની સ્થાપના કરી, તેના મુખપત્ર તરીકે 'ગુજરાત' પત્ર કાઢવું એમણે શરૂ કર્યું એમના તેજસ્વી વ્યક્તિત્વ સાથે તેજસ્વી કલમના થએલા આ સુયોગે જ ગુજરાતી સાહિત્યનાં આજનાં ઘણાંખરાં પ્રેરક બળોને જન્મ આપ્યો ને એ રીતે આપણા સાહિત્યમાં એમનું નામ ચિરંજીવ બન્યું છે.

ઈ. ૧૯૨૫માં એમના પ્રથમ પત્નીનું અવસાન થયું. ૧૯૨૬માં શ્રી લીલાબહેન સાથે તેઓ પુનર્લગ્નથી જોડાયા. એ લગ્નમાં સ્વ ડૉ. કેતકરે પુરોહિતનું સ્થાન લીધું હતું.

ઇ. ૧૯૨૭માં ડૉ. જયકરની સહાયે તે કાઉન્સીલમાં નિમાયા.

ઈ. ૧૯૩૦માં નમક સત્યાગ્રહમાં જોડાઇ, બે વખત જેલયાત્રા ભોગવી.

ઈ. ૧૯૩૭ના જુલાઇની ૨૩થી મુંબાઈ સરકારના ગૃહમંત્રી તરીકેની તેમની કારકિર્દીની શરૂઆત થાય છે. આ સાલે તેરમું સાહિત્ય સંમેલન પણ એમના જ પ્રમુખપદ નીચે મળે છે. છેલ્લે છેલ્લે સાહિત્યક્ષેત્રમાંથી પોતાની જાતને એમણે ખેંચી લેવા માંડી છે, પણ એમની રાજકીય કીર્તિમાં વિવાદને સ્થાન હોવા છતાં યે, સાહિત્યકાર મુનશી તો આપણા આદર અને સ્તુતિને પાત્ર રહેશે જ.

બાલવિધવા



હોળીનો દિવસ હતો. અમારું નાનકડું ગામડું ઉત્સાહથી ખળભળી ઊઠયું હતુ. બાલકોનો આનંદ તો સમાતો નહોતો. બધાં જ હર્ષથી મહાલતાં હતાં: હું જ એકલી મંદિરના ઓટલા ઉપર એક થાંભલાને અઢેલી બેસી રહી હતી. દુઃખને લીધે મારો સ્વભાવ ઈર્ષાખોર થઇ પડયો હતો. બધાં જ આનન્દ કરે, ને મારે એકલીને આંસું પાડવાનાં? મને થયું કે મારે માથે ફરજિયાત દુઃખ નાખી, બીજાં બધાંને સુખ-માં મહાલવાનો શો હક હતો? પણ હું કેમ દુઃખી છું? જવાબ સહેલો છેઃ હું બાલવિધવા છું.

નવરાત્રિના દિવસોમાં અમારા ગામમાં ગરબા ગવાતા; કંઠ મીઠો હોય તો પણ મારાથી ગરબામાં ભાગ ન લેવાય. હું તો બાલવિધવા! પણ મારા મૃત્યુ પામેલા પતિ માટે મને જરા યે શોક થતો નથી. કયાંથી થાય? હું મારાં લગ્ન વખતે મારા બાપુની કેડ સુધી પહોંચતી હતી, મારો પતિ પણ એટલો જ હશે. લગ્નનાં વાજાં વાગેલાં તે મને યાદ છે. મને લાલ કિનારીવાળી ચુંદડી પહેરાવેલી તે મને સાંભરે છે. લીલાશ પડતા ભૂરા રંગના મારાં કાંકણ તો મને આબાદ યાદ છે, કારણ કે લગ્નને ત્રીજે જ દિવસે અમારા પાળેલા બિલાડીના બચ્ચા પાછળ દોડતાં હું પડી ગએલી, મારું કાંકણ તૂટી ગએલું અને બાએ મને ધમકાવીને છાનુંમાનું નવું કાંકણ પહેરાવી દીધેલું. લગ્નને દિવસે ખૂબ તાપ હતો. વૈશાખ મહિનામાં વધારેમાં વધારે તાપ પડી શકે તેટલો તાપ તે દિવસે હતો, તે પણ મને યાદ છે. ચોરીમાં અગ્નિ હતો, તેમાં બ્રાહ્મણ ઘી નાખતો હતો. તેની વાસ પણ હું હજી ભૂલી નથી ગઇ. માત્ર એક જ વસ્તુ હું ભૂલી ગઇ છું, અને તે મારો પતિ!

લગ્ન કયારે થયું, હસ્તમેળાપ કેમ થએલો, અગે મંગળફેરા ફરેલાં કે નહિ એ કશું જ મને સાંભરતું નથી. કેમકે તે વખતે મારા મનમાં મુખ્ય વિચારો આટલા જ હતાઃ—'ઘરમાં અંદરના ઓરડામાં દૂધ ઉઘાડું મૂકીને આવી છું તે બિલાડીનું બચ્ચું પી જશે તો બા મને ધમકાવશે; દેવતામાં પડતા ઘીની વાસ મને નથી ગમતી, અને ધૂમાડો આંખમાં જાય છે; વળી આ રેશમી ચુંદડીથી મને અકળામણ આવે છે.'

લગ્ન કરાવવા આવેલો બ્રાહ્મણ મને થોડોથોડો યાદ છે. એની દાઢી ઉપર બહુ જ હજામત ઊગી ગઇ હતી. અને એના નાક ઉપર પરસેવાનાં ટીપાં જામી ગયાં હતાં, તે એ લૂછી નાખે તો સારું એમ થયા કરતું હતું. મને એમ પણ વિચાર આવેલો કે એની દાઢીમાં જૂ પડે તો તેમને અંદર સંતાકુકડી રમવાની મજા પડે!

પણ એ વાતને તો આજે વરસો વીતી ગયાં છે, અને પેલા બિલાડીના બચ્ચા સિવાય મારા બધાં જ સગાંસંબંધીઓ મરી પરવાર્યાં છે. આજે તો આ મંદિરના ઓટલા ઉપર બેઠી બેઠી હું જ એકલી આંસુ પાડું છું.

ગામડાની નિશાળમાં આજે રજા હતી. છોક-રાંઓ કોઇના ઘરનો દરવાજો તોડી લાવ્યાં હતાં;



એમની ટોળીનો સરદાર હોળો ગોઠવતો હતો. આજે છોકરાંઓનો વિજય થયો હતો, કારણ કે ખુદ મહેતાજી ઉપર તેમણે ગુલાલ છાંટયો હતો! પાસેના શહેરમાંથી કદાચ સાંજે 'ચકડોળવાળો' આવી પહોંચે એવી વકી હતી, તેથી કેટલાક છોકરાઓ તેની જ વાટ જોતા હતા. સ્ત્રીઓ રસોઇ બનાવવામાં ગૂંથાએલી હતી, પુરુષો નવરા નવરા ફરતા હતા. કેટલાક દારૂના પીઠા પાસે બેઠા હતા. તળાવને કાંઠે એક ઝાડ નીચે નાની નાની છોકરીઓ ગીત ગાતી ગાતી રમતી હતી, તેનો અવાજ મારાથી અહીં બેઠેબેઠે સંભળાતો હતો—

'ઓ આછા કુંવર,
ઓ લાછા કુંવર,
તમે પરણ્યા કે
કુંવારા લા . . . લ'

એકલી હું જ રડતી હતી. આ વિચારથી મારી આંખમાં વળી તાજાં આંસુ આવ્યાં. મારી દયા ખાનાર કોઇ જ નહોતું તેથી જ મને મારી જાતની દયા આવતી હતી.

હોળીને દિવસે માતાનાં દર્શનનો મહિમા ગણાતો, તેથી મંદિરમાં આજે લોકોની બહુ ઠઠ જામેલી હતી. આસપાસનાં ગામડાંમાંથી પણ ઘણા લોકો અમારાં અંબાજીનાં દર્શન કરવા આવતા. હું ઓટલા ઉપર આંસુ સારતી બેસી રહી હતી. આવતા જતા લોકોનાં મોઢાં હું કાંઇ પણ ઉદ્દેશ વગર જોયા કરતી હતી. એવામાં એકાએક મને ભાન થયું કે હું કોઇની વાટ જોઉં છું!

લોકોનાં ટોળાંની આવજા ચાલુ જ હતી. એક યુવક મંદિરમાં આવ્યો. તેના સુંદર ચહેરા ઉપર વિષાદની છાયા ફરી વળેલી હતી. એણે મારા તરફ નજર કરી, પણ એ તો ઉતાવળમાં હતો. માતાનાં દર્શન કરી, નારિયેલ વધેરી, એ ઝપાટાબંધ ચાલ્યો ગયો અને તરતજ લોકોની મેદનીમાં અદૃશ્ય થઇ ગયો. પાછા ફરતી વખતે એણે મારા સામું યે ન જોયું! પણ હું કંઇ ખાસ નિરાશ ન થઈ. આશા રાખી હોય તો નિરાશ થવાય ને? છેક બાળપણથી નિરાશ થતાં જ હું તો શીખી છું, તેથી હવે તો હું હમેશાં નિરાશાની જ આશા રાખું છું . . . દૂર દૂર પેલી છોકરીઓ ગાતી હતી:

'ઓ આછા કુંવર,
ઓ લાછા કુંવર,
તમે પરણ્યા કે
કુંવારા લા . . . લ.'

બપોર પડી. ગામડું જરા શાન્ત થયું. સૌ જરા થાક ખાવા ઘરમાં ગયાં હતાં. મારે તો કશું કામ જ નહોતું. મને શાનો થાક લાગે? હું તો હજી એ જ થાંભલાને અઢેલી ત્યાં જ બેસી રહી હતી.

સંધ્યાકાળે વળી કોલાહલ શરૂ થયો. હોળી ચેતી. છોકરાં આનન્દથી બૂમો પાડતાં ધાણીચણા ખાતાં હતાં, સ્ત્રીઓ હોળીની પ્રદક્ષિણા કરતી હતી. પુરુષો સળગતી હોળીની આસપાસ ટોળે વળી ઊભા હતા.

મોડી રાત્રે હોળીના ભડકા કાંઇક શાન્ત થયા. મોટાં લાકડાંની ગાંઠો ધીમીધીમી બળ્યા કરતી હતી. મને વિચાર આવ્યો, સળગીને શાન્ત થવું તેના કરતાં સળગવું નહિ, તે શું ખોટું? **વિનોદિની નીલકંઠ**



'જો' ને 'તો' જો હોય કદાપિ સુંદર બાગબગીચા,
તો હું દિનભર પોઢું જઇને શીતભર્યા ગાલીચા.

'જો' ને 'તો' જો હોય કદાપિ સુંદર હાથીઘોડા,
તો હું તે પર કરી સવારી ફરૂં, ઘસું ના જોડા.

'જો' ને 'તો' જો હોય કદાપિ સુંદર બોટ-બલૂનો,
તો હું અદ્ધર તર્યા કરૂં કે ઘૂમું સાગર સૂનો.

પણ 'જો—તો' તો નથી કશું યે, જડે જ એ બે જ્યાં ત્યાં,
જો એ 'જો—તો' હોત નહિ તો, હોતે હું ક્યાંનો ક્યાં!

રમણલાલ સોની



મધુકરી

તૃણેતૃણ મહીં ભરેલ વનભૂમિની ધારણા,
છૂપી ઉદધિ બિંદુમાં અખિલ સિન્ધુની યોજના;
રહી સજીવ કોશમાં અખિલ દેહની ચેતના,
(પ્રસ્થાન) પળેપળ વિરાજતી સકલ કાલની ભાવના.—જયંતીલાલ આચાર્ય

નિષ્ફળ રાજપુરુષ

*** હિંદે જેના માટે ઉત્કટ આશાઓ સેવેલી એ બધીનો વડા પ્રધાનપદે આવતાં ધ્વંસ કરનાર સ્વ. જેમ્સ રામ્સે મૅકડૅાનલ્ડની રાજપ્રકરણી જિંદગી સફળ નીવડી કે નિષ્ફળ ? આ નીચેનો લેખ એના પર પ્રકાશ પાડવા મથે છે. હિંદની નજરે જોવા જઇએ તો પ્રધાનપદ પહેલાંની એની કારકિર્દી હિંદની તરફેણના એક સમર્થ યોદ્ધા તરીકે ઊભી રહે છે. અને ત્યાર પછી યે હિંદની એકતા માટે એ જે ઉત્કટતા દર્શાવતો રહ્યો તેને 'મૅાડર્ન રિવ્યૂ'ના તંત્રી શ્રી રામાનંદ ચેટરજી જેવા બુઝર્ગ વિચારનેતા યે સંમાનની નજરે જુએ છે. એણે નિષ્ફળ આંતરરાષ્ટ્રીય પરિષદો ભરી, પણ એ પોતાનો દરજ્જો સાચવવા કે પોતાની શેહ પસારવા નહિ; પણ ઇંગ્લંડની ફૂટનીતિ (Diplomacy ને અવળે માર્ગે રગતી ને રાચતી જોઈ, એ ખરાબાઓમાંથી બ્રિટનને સુરક્ષિત સાચવી લેવાની એક જ આરઝૂએ. એ આરઝૂને લઇને જ એણે યુરોપના વિદ્વેષી વાતાવરણ તરફ આંખ બંધ કરી, ગૃહકલહમાં રાચતી લેબર પાર્ટીને દગો(?)દીધો. ૧૯૨૦થી જ લૅાઇડ જ્યૅાર્જ જેવો ફૂટનીતિજ્ઞ બ્રિટનની આંખને અળખામણો થઇ પડયો હતો, ત્યાં એનું સુકાન સાચવનાર મૅકડૅાનલ્ડ જેવો બીજો કયો સુકાની એને પડખે હતો ? અને એના પછી બાલ્ડવીન જેવા થાકેલા માણસને એ પદ સંભાળી લેવું પડયું એ જ એના પદની મહત્તા સૂચવે છે. હિંદે તેનામાં રાખેલી આશાઓ એણે પૂરી ન પાડી એ કબૂલ, પણ જે મહારાજ્યનું હિંદ પણ માત્ર એક અંગ છે, એ બ્રિટિશ સામ્રાજ્યના રાહબર તરીકે તો બ્રિટિશ રાજપ્રકરણમાં એ પોતાનું સ્થાન કાયમ અને સંમાનનીય મૂકતો ગયો છે, એટલી અંજલિનો તો આજ પણ એ મૃતાત્મા નિષ્પક્ષપાતપણે અધિકારી રહ્યો છે.

ઈંગ્લંડના એક વખતના વડા પ્રધાન અને જાણીતા રાજપુરુષ જેમ્સ રામ્સે મૅકડૅાનલ્ડનું અવસાન થયું છે. એક અજાણ્યા જહાજમાં બેસીને તબિયત સુધારવા માટે દક્ષિણ અમેરિકાના અજાણ્યા પ્રદેશમાં આરામ લેવા જતાં મધદરિયે ગઇ તા. ૯મી નવેમ્બરે એ બ્રિટિશ મુત્સદ્દીની આંખો સદા માટે મીંચાઇ ગઇ છે.

જ્યાં આશા પણ ન પ્રવેશી શકે એવો ઘોર અંધકાર પ્રવર્તતો હતો ત્યાં એણે આશાઓના આસમિનારા ઊભા કર્યા. જ્યાં પ્રયાસની પણ શક્યતા નહોતી દેખાતી ત્યાં તેણે ભગીરથ ઉદ્યમના એકલશૂરા પ્રયાસો કર્યા. રણમાં એણે જાણે બગીચો રોપ્યો. એ મૅકડૅાનલ્ડ—ઈ.સ.૧૮૯૫થી ૧૯૨૪ સુધીનો એ મૅકડૅાનલ્ડ સર્વ પીડિતોને, સર્વ દલિતોને ને સર્વ પરાધીનોને મન એક મહાપૂજ્ય પુરુષવર છે.

જે કાળમાં મજૂરોના અધિકારોની વાત સરખી કરવી એ પણ ભયંકર ગુનો મનાતો હતો, એ કાળમાં પણ એણે અલગારી એવા કેર હાર્ડીના સંગમાં ફકીરી લીધી ને ગામે ગામ ને કારખાને કારખાનાં ઘૂમીને મજૂરપક્ષની રચના કરી.

જે કાળમાં હિન્દ પ્રત્યે સહાનુભૂતિનો શબ્દ સરખો ઉચ્ચારવો એ સામ્રાજ્યનો દ્રોહ મનાતો હતો એ કાળમાં એણે હિંદની જબરી વકીલાત કરી.

જે કાળમાં યુદ્ધનો વિરોધ કરવો એ રાજદ્રોહ ને રાષ્ટ્રદ્રોહ મનાતો એ કાળમાં એણે યુદ્ધખોરી સામે બુલંદ અવાજ ઉઠાવ્યો. જે પક્ષ એણે ઊભો કર્યો હતો એ પક્ષનો એણે પરિત્યાગ કર્યો. જે મજૂરોની ઉન્નતિ એણે ઝંખી હતી એ મજૂરોએ એનાં ઘરબાર તોડયાં, જેના પેટ પૂરતા અન્ન માટે

એ લડ્યો હતો એ લોકોએ એને પથરા માર્યા—ઇ.સ.૧૯૨૪માં; તોય એ પોતાના વિરોધને વળગી રહ્યો. રાજકીય આત્મહત્યા વહોરીને પણ એણે આદર્શોનો વધ ન થવા દીધો.

એવો એક મૅકડોનલ્ડ હતો. આજે અખૂટ બળ અને અખૂટ તાકાત બતાવી રહેલી ત્રણત્રણ સામ્રાજ્યવ્યાપી પ્રવૃત્તિઓ—મજૂરપક્ષ, હિંદી રાષ્ટ્રીય પ્રવૃત્તિ અને યુદ્ધવિરોધ—નો એ આદ્ય પૂજક. એ મૅકડોનલ્ડ પૂજનીય છે, સ્મરણીય છે, એના આત્માને હિંદનાં વંદન છે.

એક બીજો રામ્સે મૅકડોનલ્ડ હતો. પહેલા મૅકડોનલ્ડે ઈ.સ. ૧૮૯૫ થી તે ઇ. ૧૯૧૮ સુધીમાં જે કાંઇ સિદ્ધિઓ સાધી એ સર્વને છેહ દેનારો, એ સર્વને દંડનારો.

નિષ્ફળ આંતરાષ્ટ્રીય અને સામ્રાજ્યવ્યાપી પરિષદોનો એ સૂત્રધાર, નિષ્ફળ શાસનનો એ સૂત્રધાર, નિષ્ફળ પરદેશનીતિનો એ સૂત્રધાર.

ઊંચી ઊંચી જકાતી દીવાલો એણે ઊભી કરી. ઇટલીની પેશકદમી નીતિને એણે સ્ટ્રેસા પરિષદમાં ઉત્તેજન આપ્યું. હેર હિટલરની ગુંડાગીરીને એણે લોઝાં પરિષદમાં મંજૂરી આપી. હિંદી પ્રજાકીય સ્વાધીનતાની લડતને એણે કોમી ચુકાદા મારફત દુષ્ટ દગો દીધો. જાપાનની આજની લડાયક મનોદશાને એણે પચાવી લીધી.

જીવનના અંત ભાગમા હારેલા ને થાકેલા એ માનવીનો તિરસ્કાર કરવો એ પણ વધારાનું લાગતું હતું. એનું અવસાન થયું. બધી કડવાશ હવે ભૂલી જવી ઘટે.

('ગુજરાત સમાચાર'માંથી તારવીને)

ડી વેલેરાનો નુસખો

વિલ્સન કૉલેજની છ-માસિક પરીક્ષામાં એક સ્કૉટિશ પ્રોફેસરે ગણિતમાં એક હોશિયાર વિદ્યાર્થીને કુલ માર્ક કરતાં ચાર માર્ક વધારે આપ્યાનો દાખલો મારી જાણમાં છે. પણ વાર્ષિક પરીક્ષામાં એ અગર બીજા કોઇ વિષયમાં કોઇ પરીક્ષકે કુલ માર્ક કરતાં અર્ધો પણ માર્ક વધારે આપ્યાનો દાખલો મારી જાણમાં નથી. સાંભળ્યું છે કે સંસ્કૃતના વિષયમાં નિષ્ણાત સ્વ. ભાંડારકરને પુરેપુરા માર્કના અધિકારી છતાં પરીક્ષકે અર્ધો માર્ક ઓછો આપેલો, આથી ભાંડારકરે ફરીથી પુરેપુરા માર્ક મેળવીને જ પરીક્ષા ઉત્તીર્ણ કરવાની હઠ કરેલી. કેટલાકના કહેવા મુજબ પાછળથી પરીક્ષકે અર્ધો માર્ક ઉમેરી આપેલો. એ ગમેતેમ, પણ મોટા ભાગના પરીક્ષકો ઉમેદવાર અમુક વિષયમાં પુરેપુરા માર્કનો અધિકારી નીવડે તો પણ પુરેપુરા માર્ક આપવાનું યોગ્ય ધારતા નથી, તો પછી કુલ કરતાં વધારે માર્ક આપવાની વાત જ ક્યાં રહી ?

આઇરિશ ફ્રી સ્ટેટની સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ પરીક્ષાનું પરિણામ જાણી તમને લાગશે કે પરીક્ષકો વિચિત્ર હોવા જોઈએ. દા. ત. સ્લિગોના ટોમસ એસ. રાયનને ૪૦૦ માર્કના ગ્રીકના વિષયમાં ૪૩૨ માર્ક મળ્યા. બ્લૅક રૉકના મહાબુદ્ધિશાળી યુવાન ગ્રાન્ડેન જે. રસેલને ગણિતમાં ૧૦૦માંથી ૧૦૪ મળ્યા. બીજા ત્રણચાર જણને લૅટિનમાં ૪૦૦માંથી ૪૪૦ મળ્યા.

ડેઇલી મિરરના કહેવા પ્રમાણે જે ઉમેદવારને કુલ કરતાં વધુ માર્ક મળે છે તે માત્ર તેની નિષ્ણાતતાને લઇને જ નહિ, પણ એકબીજા કારણને લીધે: અને એ કારણ તે જવાબ આપવામાં આઇરિશ ભાષાનો ઉપયોગ.

જો માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ આઇરિશ ભાષામાં જવાબો લખે તો કુલના દસ ટકા સુધી વધારે માર્ક તેમને ઈનામ તરીકે આપવામાં આવે છે.

અંગ્રેજીને દૂર કરવાના ઘણા નુસખાઓમાંનો ડી વેલેરાનો આ એક નાનો શો નુસખો છે. —મગનલાલ નાયક

લઘુલિપિનો ઇતિહાસ

વાણીની ઝડપે લખાણ કરવા માટે છેક ગ્રીક સંસ્કૃતિના વખતથી પ્રયાસ થતા આવ્યા છે. અને હજુ પણ એ પ્રશ્નનું સંપૂર્ણ રીતે સંતોષકારક સમાધાન થઇ શક્યું નથી. એ બધા પ્રયાસોનું વિહંગાવલોકન રસપ્રદ થાય એવું છે.

ગ્રીક ભાષામાં ઇ.સ. પૂર્વે ચોથા સૈકામાં લખાણ ટૂંકાવવા માટે ટૂંકી સંજ્ઞાઓ યોજાએલી હતી એમ ઍથેન્સમાંના ઍક્રોપોલિસમાંથી મળી આવેલી માટીની તકતીઓ પરની લઘુલિપિમાં લખેલી નોંધો પરથી માલૂમ પડે છે. જો કે એ સંજ્ઞાઓમાં વાણીની ઝડપ તો ન જ આવતી, પણ એ દિશામાં વધુ સંશોધન કરવાની પ્રેરણા લઘુલેખકોને એ પ્રાચીન લિપિમાંથી મળેલી.

એ પછી રોમન સામ્રાજ્યના યુગમાં રોમન ભાષા માટે વધુ સંતોષકારક લઘુલિપિ આજથી બરાબર બે હજાર વર્ષ પહેલાં સીસેરોના મિત્ર માર્કસ ટુલીઅસ ટીરોએ ઇ.સ.પૂ. ૬૩માં યોજેલી. ટીરોની લઘુલિપિમાં જે વિશિષ્ટ તત્ત્વો હતાં તે એવાં સંગીન હતાં કે અત્યારની લગભગ બધી લઘુલિપિ પદ્ધતિઓમાં એ તત્ત્વોનો પ્રયોગ થએલો નજરે પડે છે. એ જમાનાની સચવાએલી લાખની તકતીઓ હજુ બ્રિટિશ મ્યૂઝિયમમાં છે, અને તેમાં ટીરોની પદ્ધતિ મુજબ રોમન સેનેટમાં થએલાં ભાષણોની નોંધો છે. પણ હજુ તે લઘુલેખન વાંચી શકાયું નથી, એટલે ટીરોની પદ્ધતિનો સંપૂર્ણ ખ્યાલ આપણને આવી શકતો નથી. છતાં એમ માનવાને કારણ મળે છે કે તત્ત્વચિંતક સૉક્રેટીસનાં ભાષણોની નોંધ ઝેનોફોન એ લિપિની મદદથી લેતો. વળી કેટીલાઇનનાં કાવત્રાં સંબંધેનાં સીસેરો તથા કૅટોનાં ભાષણો અક્ષરશ: ઉતારવા માટે લઘુલેખકો રોકાએલા, અને તેઓએ ટીરોની પદ્ધતિથી એ નોંધો લીધેલી, એમ તો ઇતિહાસ પણ સાક્ષી પૂરે છે.

ઉપરની પ્રાચીન લઘુલિપિઓમાં સૈકાઓ સુધી કાંઈજ સુધારોવધારો થએલો નહિ જે સ્વરૂપમાં તે રચાએલી એ જ સ્વરૂપમાં થોડા સૈકાઓ સુધી તે ઉપયોગમાં લેવાએલી. અને પછી યુરોપીય અર્વાચીન ભાષાઓ જન્મ પામતાં તે

આપોઆપ લોપ પામી ગએલી. પણ લગભગ સોળમા સૈકામાં અર્વાચીન લઘુલિપિનો જન્મ ઈંગ્લંડમાં થયો. ઇ. સ. ૧૫૮૮ માં ટિમોથી બ્રાઈટ નામના એક વૈદ્યે જુના ગ્રીક અને રોમન લઘુલિપિઓનું સંશોધન કરી, અંગ્રેજી ભાષા માટે એક લિપિની યોજના કરી; અને ત્યારથી લઘુલિપિના વિકાસને અજબ વેગ મળ્યો. ઘણા વિદ્વાનોએ એનાં સફળ અને નિષ્ફળ અનુકરણ કર્યાં. કોઈએ શબ્દોના જોડણીને ટૂંકી સંજ્ઞાઓથી લખવાની પદ્ધતિઓ શોધી, કોઇએ શબ્દોના ઉચ્ચારને જ પ્રાધાન્ય આપ્યું, અને કોઇએ તો વળી શબ્દોના સંકેતો તરીકે ભૂમિતિનાં જેવાં વિચિત્ર ચિહ્નો યોજ્યાં. પણ શાસ્ત્રીય દષ્ટિએ એ આખા પ્રશ્નનો અભ્યાસ કરી, તેને છેક આધુનિક સ્વરૂપ આપનાર તો આઇઝૅક પિટમૅન હતો.

આઇઝૅક પિટમૅન ઇ.સ. ૧૮૧૩માં જન્મ્યો હતો. તેણે પોતાના જીવનની શરૂઆત એક મામૂલી કારકુન તરીકે કરેલી. વચમાં તેણે કાપડનું કામકાજ પણ કરેલું. અને વળી સંજોગો અનુકૂળ થતાં ઇ.સ. ૧૮૩૧માં નૉર્મન કૉલેજમાં જોડાએલો. એ પછી દસબાર વર્ષ એણે નિશાળમાં માસ્તરગીરી કરેલી અને કયારેક ખાનગી શિક્ષણ ઉપર પણ નિભાવ કરેલો.

આ અરસામાં ૧૮૨૯ની સાલમાં તેણે સૅમ્યુએલ ટેલર નામના વિદ્વાનની રચેલી એક લઘુલિપિ પદ્ધતિનો અભ્યાસ કર્યો, અને તેમાં તેને ખૂબ રસ પડયો. ઇ.સ. ૧૮૩૭ માં તેણે ટેલરની પદ્ધતિ ઉપર એક પુસ્તક પણ લખ્યું અને તેને માટે પ્રકાશકની શોધ કરવા માંડી. એક પ્રકાશકને તેમાં રસ પડયો, પણ પિટમૅને રચેલું પુસ્તક પારકું અનુકરણ હોવાથી તેનું પ્રકાશન હાથ ધરવા તેણે ના પાડી. અને વિશેષમાં કહ્યું કે જો સ્વતંત્ર પુસ્તક હોત તો પોતે અવશ્ય તે પ્રકાશિત કરત.

પિટમૅનની કાર્યશક્તિને આથી એક નવી જ દિશા સૂઝી. તેણે પોતાની સ્વતંત્ર પદ્ધતિ તુરતમાં જ રચી કાઢી અને પ્રકાશકે તે બહાર પાડી. અને યુરોપીય સંસ્કૃતિની ભૂખ એવી તાજી જ ઉઘડેલી કે પિટમૅનની પદ્ધતિને પ્રચાર માટે સરસ ક્ષેત્ર મળ્યું. એ અવસરનો લાભ લઇ એણે એક ફોનેટિક ઇન્સ્ટીટ્યૂટ સ્થાપી ને લઘુલિપિ ઉપરનું એક સામયિક પણ કાઢવા માંડ્યું. એ સામયિકની ૨૫,૦૦૦ નકલો ખપતી, આ એક વાત ઉપરથી જ એ લિપિના પ્રચારની તેમ જ એ લિપિ માટેની પ્રજાની ભૂખનો સામાન્ય ખ્યાલ આવી શકશે. અને એ પછી થોડે વખતે એણે પોતાની પદ્ધતિ ઉપર પરીક્ષાઓ લેવી શરૂ કરી દીધી. આ રીતે લઘુલિપિ વેગ ધરવા માંડી, અને તે એટલે સુધી કે ઈ.સ. ૧૮૪૫થી તો યુનિવર્સિટીએ એની પરીક્ષાઓ લેવા માંડી અને ઈ.સ ૧૮૮૮માં તો વૈદક, સિવિલ સર્વીસ, નૌકાશાસ્ત્ર એ બધા ધંધાદારી શિક્ષણમાં શૉર્ટહૅન્ડ એક ફરજિયાત અંગ બની ગયું. આ બધી સેવાની કદર તરીકે ઇ.સ. ૧૮૯૪માં આઇઝૅક પિટમૅનને સરકારે સરનો ખેતાબ આપ્યો, એ પછી ત્રણ વરસે એટલે ઇ.સ. ૧૮૯૭માં તેનું અવસાન થયું.

આજ ૧૯૩૭ની સાલમાં પિટમૅનની પદ્ધતિ જગત સમક્ષ રજૂ થયાને એક સૈકો પૂરો થાય છે. અને કાંઈક અકસ્માતથી જ લઘુલિપિના ઇતિહાસમાં કુલ બરાબર ૨૦૦૦ વર્ષ પણ સાથેસાથ જ પૂરાં થાય છે. (૧૯૩૭+૬૩). આજ તો પિટમૅનનાં અનુકરણ પરભાષાઓમાં પણ ઘણાં થયાં છે. એટલે અર્વાચીન શૉર્ટહૅન્ડનો આદ્ય પુરુષ પિટમૅનને જ ગણી શકાય. આથી જ્યાં જ્યાં પિટમૅનની પદ્ધતિ પ્રચારમાં છે એ બધા દેશોના લઘુલેખકો આ વર્ષે એ મહાપુરુષની નહિ તો એની લઘુલિપિની શતાબ્દી ઉજવવા એકત્ર થઇ રહ્યા છે. આપણે પણ એ સદ્ગત આત્માને અંજલિ આપી કૃતાર્થ થઇએ.

આમ છતાં સર આઇઝૅક પિટમૅનની પદ્ધતિ સર્વાંગ સંપૂર્ણ તો ન જ હતી એમ કહેવું પડે છે. એ પદ્ધતિનું મોટામાં મોટું દૂષણ એ છે કે એમાં વ્યંજનો પહેલાં લખી, સ્વર બતાવવા માટે વ્યંજનોની આસપાસ સ્વરચિહ્નો મૂકવાં પડે છે. અને આવી રીતે લખાતા લખાણનો સામાન્ય ક્રમ અકુદરતી બની જાય છે. આથી વ્યંજનો અને સ્વરો બોલાતા ક્રમમાં જ એક બીજા સાથે જોડાને લખાય એ નવું તત્ત્વ લઘુલિપિમાં અનિવાર્ય થઇ પડ્યું, અને એ નવી ખ્યાલમાં આવેલી જરૂરિયાતને અનુલક્ષીને સ્ક્રીપ્ટ, ગ્રેગ, સ્લોન ડુપ્લોયન વગેરે બીજી ઘણી પદ્ધતિઓ યોજાઇ.

અત્યારે અંગ્રેજી ભાષામાં લગભગ ૪૦ જેટલી લઘુલિપિ પદ્ધતિઓ હયાત છે. અને લગભગ ૨૦૦ જેટલી પદ્ધતિઓ ઓછોવત્તો વખત ચમકીને ભૂલાઇ ગઇ છે. પણ અત્યારે છે તેમાંની ઘણી ખરી તો જૂનાં તત્ત્વોને નવી રીતે રજૂ કરવા સિવાય બીજું કાંઇ વિશિષ્ટત્વ ધરાવતી નથી. અને તેથી ઉત્ક્રાન્તિના સાર્વભૌમ નિયમ પ્રમાણે તેઓ અણજોઇતી ઉદય પામી, થોડે વખતે ભૂલાતી જાય છે. માત્ર ચાર પાંચ પદ્ધતિઓ જ પોતપોતાનું સ્થાન સચોટપણે જમાવી રહેલી છે એમ કહી શકાય અને અંગ્રેજી સિવાય યુરોપની બીજી ભાષાઓમાં પણ અંગ્રેજીના અનુકરણરૂપે કે સ્વતંત્ર પ્રયાસ રૂપે જે જે લઘુલેખન પદ્ધતિઓ વિકાસ પામી છે, તેમાં પણ આ ચાર પાંચ પદ્ધતિઓમાં રહેલાં નૈસર્ગિક તત્ત્વો સ્વયં સ્ફૂરી આવે છે. આથી આ પ્રતિનિધિરૂપ પદ્ધતિઓમાં રહેલાં તત્ત્વો જોઇ જઇએ.

પ્રથમ પિટમૅન પદ્ધતિ લઇએ. આ પદ્ધતિની બહાર તરી આવતી ખાસીઅત તેના લેખનની છાપેલ જેવી લાગતી શૈલી છે. પિટમૅન પદ્ધતિમાં છાપેલું લઘુલેખન જાણે ટાઈપથી કંપોઝ કરેલું હોય એવું લાગે છે અને એ પદ્ધતિના વર્ણોની રચનામાં કંઠય, તાલવ્ય, મૂર્ધન્ય એ વ્યંજનોનો ઉત્પાદન અંગોનો ક્રમ બરાબર સચવાયો છે. એમાં અલ્પપ્રાણ વ્યંજનો માટે પાતળો લીટો અને એ જાતના મહાપ્રાણ વ્યંજનો માટે એ જ જાતનો જાડો લીટો કરવાનો હોય છે. એમાં ઉપર જણાવ્યા મુજબ સ્વરો જુદા ને શબ્દનું ખોખું લખ્યા પછી પાછળથી ઉમે-

રવાના હોય છે, એટલે કે impossible એ શબ્દ લખવો હોય તો mpsbl એટલું લખાય અને પછી સ્વરસૂચક ટપકાં વ્યંજનોની આસપાસ યોગ્ય સ્થળે મૂકી દેવાય. આ એક જ વસ્તુ મોટામાં મોટી અગવડ ઊભી કરે છે, અને એ પદ્ધતિની કીમત અર્ધી કરી નાખે છે. વળી શબ્દની શરૂઆત લખવાની લીટીથી ઊંચે કે નીચે થાય તેથી પણ શબ્દના અર્થમાં ફેર પડે છે, અને શિખાઉઓને એ યાદ રાખવામાં બહુ તકલિફ પડે છે. વળી R,L,S એ બહુ ઉપયોગી વ્યંજનોને કાંઈક વિચિત્ર સ્થાનો આ પદ્ધતિમાં અપાયાં હોવાથી લિપિની કેટલીક નબળાઇઓને ઢાંકવા તેમાં અનેક નિયમો યોજવા પડ્યા છે અને તેથી તેના નિયમોની સંખ્યા બસો ઉપર થવા જાય છે. પણ અક્ષરોની વધુ વિચારપૂર્વકની વહેંચણી પ્રથમથી જ થઇ હોત તો એ નિયમોની સંખ્યા ઓછી થઇ શકત એમ જોનારને લાગે. આમ આવી ઘણી અપૂર્ણતાઓ હોવા છતાં અત્યારે આ પદ્ધતિ પોતાની જુનવટને જોરે નિશાળોમાં એવાં ઊંડાં મૂળ નાખી ગઈ છે કે એના કરતાં વધુ સંપૂર્ણ બીજી પદ્ધતિઓને પણ હવે પગપેસારો કરવો અઘરો પડે છે.

રેખાઓ દોરવામાં જરા પણ શ્રમ ન પડે. જોકે આવું સફળ રેખાંકન શક્ય થયું છે એનું કારણ તો અંગ્રેજી ભાષાની ટૂંકી વર્ણમાળા છે. આ બંને પદ્ધતિઓ એકબીજીથી ઘણી વિગતોમાં જુદી પડે છે. તેમ છતાં લઘુલિપિના વિકાસમાં એક સરખું મહત્ત્વનું સ્થાન એ બંનેને ભાગે આવે.

એવી જ એક બીજી પદ્ધતિ સ્લોન–ડુપ્લોયન છે. મૂળ આ પદ્ધતિ કોઇ ડુપ્લોય નામના ફ્રેંચ વિદ્વાને ફ્રેંચ ભાષા માટે યોજેલી. અને એમાં ઘણા સુધારા વધારા કરીને જે. ડી. સ્લોન નામના અંગ્રેજે તેનું અંગ્રેજીમાં અનુકરણ કર્યું. આ પદ્ધતિની રેખાઓમાં વળાંક ઓછા પણ ખૂણા બહુ પડે છે. આથી દેખાવે તે બહુ સુંદર નથી લાગતી. પણ એમાં આવતા બધા ખૂણા સાંકડા હોવાથી લખાણમાં ઝડપ ઘણી આવી શકે છે. સ્ક્રીપ્ટ, ગ્રેગ, સ્લોન–ડુપ્લોયન એ બધી પદ્ધતિઓમાં વ્યંજન અને સ્વર પોતપોતાના સ્વાભાવિક ક્રમમાં જ લખાય છે. અને શબ્દનો ઘણોખરો ભાગ લખાય અને તેના ઉપરથી શબ્દ ઉકલી શકે એમ લાગે ત્યારે શબ્દનો બાકીનો ભાગ જતો કરાય છે. જેમકે impossible શબ્દ લખવો હોય તો

એ પછી સ્ક્રીપ્ટ અને ગ્રેગ પદ્ધતિઓ આવે છે 'સ્ક્રીપ્ટ' શબ્દ એક ચોક્કસ અંગ્રેજી શૉર્ટહૅન્ડ પદ્ધતિનું વિશેષ નામ પણ છે. અને અમુક ખાસીઅતો ધરાવતી પદ્ધતિઓ જેમાં જાડા પાતળા લીટા વચ્ચે તફાવત ન ગણાતો હોય તેમ જ પિટમૅનમાં યોજાએલી ભૂમિતિની કેટલીક અઘરી સંજ્ઞાઓ વિના જ ચલાવી લેવાનું ધોરણ રાખ્યું હોય, એ જાતની પદ્ધતિઓ માટેનું સામાન્ય નામ પણ છે. આ દૃષ્ટિએ સ્ક્રીપ્ટ તત્ત્વ ધરાવતી પદ્ધતિઓ ફ્રાન્સ તથા જર્મનીમાં ખૂબ પ્રચારમાં છે. વળી ગ્રેગ પદ્ધતિ જે જોન રોબર્ટ ગ્રેગે રચી, તેમાં પણ સ્ક્રીપ્ટ તત્ત્વ છે. આ છેલ્લી ગણાવેલી ગ્રેગ પદ્ધતિ અમેરિકાનાં સંયુક્ત રાજ્યોમાં સારો આદર પામી છે.

આ બંને પદ્ધતિઓનાં પાઠ્ય પુસ્તકોનું રેખાંકન એવી સુંદર રીતે થયું છે કે પ્રથમ દર્શને જ એ સૌંદર્યરેખાઓના પ્રેમમાં આપણે પડી જઇએ. અને એમાં પણ ગ્રેગ પદ્ધતિના રેખાંકનની સરળતા તો અદ્ભુત છે એમ કહેવું પડે. કેમકે એવી અજબ રીતે એમાં એકબીજાથી જુદો વળાંક ધરાવતા વર્ણો એકબીજા સાથે ઓતપ્રોત થતા જાય છે, કે હાથને એ

સ્લોન–ડુપ્લોયન પદ્ધતિમાં impos આટલું જ લખાય છે.

ઉપરની બધી પદ્ધતિઓમાં આપણી સામાન્ય વર્ણમાળાને બદલે સાદી રેખાઓથી સ્વર તેમજ વ્યંજન બતાવવાના હોય છે. જેમકે સ્લોન–ડુપ્લોયન પદ્ધતિમાં t બતાવવા માટે —આવી નાની આડી રેખા અને d બતાવવા——આવી મોટી આડી રેખા મૂકાય છે. અને આવી જ રીતે ભાષણનાં બીજાં અંગો પણ જુદી જુદી રીતે ટુંકાવાય છે. વળી સ્ક્રીપ્ટ અને ગ્રેગ પદ્ધતિઓમાં તો આ સાદી રેખાઓ સામાન્ય પદ્ધતિમાંના અક્ષરોના કોઇ ને કોઇ અવયવો ઉપરથી જ લેવાનું પણ ધોરણ રાખેલું છે. જેમકે G અક્ષર બતાવવા કૌંસ જેવો (આવો ભાગ જ કામમાં લઇ શકાય, વગેરે.

આ છેવટ ગણાવેલા તત્ત્વનો વિકાસ સ્પીડરાઇટીંગ નામની અમેરિકન પદ્ધતિએ ખૂબ સાધ્યો છે. એ પદ્ધતિના શોધકે જોયું કે આપણે સામાન્ય રીતે કલમ વતી લખીએ તેના કરતાં ટાઇપરાઇટર મશીનથી ટાઇપ કરીએ ત્યારે વધુ ઝડપ આવે છે. જેમકે મિનીટના ૫૦ શબ્દની ઝડપે લખી શકનારો ટાઇપ કરવા બેસે તો મિનીટના ૮૦ શબ્દોની

ઝડપ જોતજોતામાં કેળવી શકે. હવે જો એવી પદ્ધતિ હોય, કે જેમાં સામાન્ય લિપિના જ અક્ષરોથી લખવાનું હોય અને એ અક્ષરોની જ વિવિધ ગોઠવણીથી લખાણ ટુંકાવી શકાય, તો એ પદ્ધતિથી ટાઈપરાઇટર ઉપર વધારે ઝડપથી લખી શકાય. અને પછી રીપોર્ટર સાઈલન્ટ ટાઇપરાઇટર ઉપર ટાઇપ કરે, તો બીજાને નડયા વિના પોતાનું કામ ઝડપભેર કરી શકે. આ એક શકયતાને દષ્ટિબિંદુ તરીકે રાખીને શોધકે એ લિપિની યોજના કરી છે.

આમ અત્યારની બધી લઘુલિપિ પદ્ધતિઓમાં દરેકમાં કોઇ ને કોઇ સારાં તત્ત્વો છે, અને સાથોસાથ દરેકમાં કોઇ ને કોઇ અપૂર્ણતાઓ છે. અને જો કે મિનીટના ૨૫૦ શબ્દ સુધીની ઝડપે ભાષણો લેવાયાના રૅકૉર્ડ સાંભળવામાં આવે છે, તેમ છતાં એ ઉતારેલાં ભાષણો વાંચતી વખતે બધી પદ્ધતિઓમાં ખૂબ સમય લાગે છે. પરંતુ એવી કોઇ પદ્ધતિ યોજાય, જેમાં જેટલી ઝડપથી લખી શકાતું હોય એટલી જ ઝડપથી પાછું એ લખેલું વાંચી પણ શકાય, તો લઘુલિપિ શોધકોની મહત્વાકાંક્ષાનો છેડો આવી જાય. પણ આ ધ્યેયની સિધ્ધિ અત્યારે તો બહુ દૂર લાગે છે.

આ તો પરદેશી લઘુલિપિઓની વાત થઇ. હિંદમાં આ દિશામાં પહેલવહેલો પ્રયાસ ઈ.સ. ૧૯૦૫માં થએલો રૅકૉર્ડ ઉપર છે. એ વખતે મિરઝા હબીબ હુસેન નામના વિદ્વાને મહોમેડન એજ્યુકેશનલ કૉન્ફરન્સ સમક્ષ ઉર્દુ માટેના એક શૉર્ટહૅન્ડની પદ્ધતિ રજૂ કરેલી, અને એ સ્તુત્ય પ્રાથમિક પ્રયાસ બદલ એમને સોનાનો ચાંદ પણ મળેલો. એ પછી હિંદુસ્તાનની પ્રાંતભાષાઓમાં પિટ્મૅન કે સ્લોન-ડુપ્લોયન પદ્ધતિઓનું અનુકરણ કરવાના પ્રયાસો છૂટાછવાયા લેખકોએ કરેલા જાણવામાં આવે છે; પરંતુ હિંદની ભાષાઓને પરદેશી ચોકઠામાં બેસાડવા જતાં એવી વિકૃતિ ઊભી થાય છે કે એવું અનુકરણ સફળ થએલું હજુ સુધી જાણવામાં નથી. આવો એક અપૂર્ણ પ્રયાસ ‘બુદ્ધિપ્રકાશ’માં ઇ.સ. ૧૯૦૯–૧૦(?)ની આસપાસ કોઈ લેખકે કરેલો, તેમ જ બીજા કોઇ ગૃહસ્થે તેનું સંસ્કરણ કરવા પ્રયાસ કરી એ કાર્ય પડતું મૂકેલું એમ સાંભળવામાં આવ્યું છે.

એ પછી પુનામાં શ્રી વાસુદેવ સીતારામ બેન્દ્રે નામના ગૃહસ્થે મરાઠી ભાષા માટે સ્લોન-ડુપ્લોયનની વર્ણમાળા પર એક પદ્ધતિ રચેલી. એ પદ્ધતિમાં લઘુલિપિના વિકાસનાં ખાસ અનિવાર્ય અને માત્ર પ્રાથમિક શ્રેણી પૂરતાં જ તત્ત્વો-નો એમણે સમાવેશ કરેલો, એટલે એ પદ્ધતિ પણ કોઈ શાસ્ત્રીય પદ્ધતિના શરૂઆતનાં પ્રકરણો જેટલી અપૂર્ણ જ રહી. એમણે એ પદ્ધતિને ગુજરાતી ભાષામાં ઉતારવાનો પણ એક પ્રયાસ કરેલો જાણવામાં છે; પરંતુ એ મરાઠી વર્ણમાળા ગુજરાતી ભાષાને બહુ અનુકુળ ન આવી, અને તેમાં શ્રી બેન્દ્રેના પુસ્તકમાં ઉદાહરણ તરીકે આપેલા શબ્દોનો મોટો ભાગ અવ્યવહારૂ શબ્દોનો જ રહ્યો છે.

આ પછી ‘કુમાર’માં અપાએલી ગુજરાતી લઘુલિપિ એ હિંદુસ્તાનની ભાષાઓ પૂરતો જાણવામાં આવેલો છેલ્લામાં છેલ્લો પ્રયાસ છે. હવેનો આપણો એ દિશામાં વિકાસ કયી દિશામાં થશે તે તો ભવિષ્યને ખબર! —હરિકૃષ્ણ વ્યાસ

સાપેક્ષ ઘટત્વ

કેટલીક વસ્તુઓનાં સાપેક્ષ ઘટત્વ આ નીચે આપ્યાં છેઃ

સોનું	૧૯.૧૨	કાચ	૩.૫૫
રૂપું	૧૦.૦૨	નીકલ	૭.૨
પિત્તળ	૭.૫૪	કલાઇ	૭.૦
તાંબું	૮.૦૬	મીઠું	૨.૪
પારો	૧૩.૬૦	આલ્કોહોલ	૧.૭૨
હવા	૦.૦૦૧૨	કાંસું	૭.૮૨
એરંડિયું	૦.૯૬૪	બરફ	૦.૮૧
પ્લેટીનમ	૧૬.૦	ગાયનું દૂધ	૧.૦૩
મીઠું પાણી	૧,૦૦	ભેંસનું ,,	૧.૦૪
ખારૂં પાણી	૧.૨૩૨	ઊટડીનું ,,	૧.૮૪
લોઢું	૮.૦૦	બૂચ	૦.૨૨
રબર	૦.૯૨૪	સ્ટીલ	૭.૮૮
એન્ટીમની	૨૧.૨૨	પોલાદ	૭.૮૧
જસત	૭.૪૮	સાકર	૨.૫૬
આરસ	૫.૮૦	ગંધક	૩.૮૪
લાકડું	૦.૫૨	સંચળ	૨.૯૦

—‘મ. અં.’

દુનિયાનું ઉષ્ણમાં ઉષ્ણ સ્થાન

દુનિયામાં સૌથી ઉષ્ણ સ્થાન કયું? સહરા? ના! એ સ્થાન તો હિંદુસ્તાનમાં જ આવેલું છે. એનું નામ લાડખ. હિમાલયના બરફકોટો વચ્ચે તે આવેલું હોવાથી કેટલીકવાર તો દિવસના ભાગમાં એનું ઉષ્ણતામાન ૧૯૦ ડિગ્રી ફારનહાઈટ સુધી પહોંચે છે. અને રાત્રે પાછું ઘટીઘટીને ઘણીવાર ૪૫ ડિગ્રી પર આવી જાય છે!

દિવસે અસહ્ય ગરમી અને રાતે અસહ્ય ઠંડીની જે સ્થિતિ સહરામાં પ્રવર્તે છે એ જ લાડખમાં પણ પ્રવર્તે છે. દિવસે જુઓ તો ત્યાંના વતનીઓ ઉઘાડે ડીલે ફરતા હોય ને રાતે તો બેચાર ધાબળાં નીચે સંતાઈ ગયાં હોય! (‘પુષ્પ’)

ગિનીનો સિક્કો

ગિનીનો સિક્કો પહેલવહેલો ઇ. ૧૬૬૨માં ચાર્લ્સ બીજાના વખતમાં પાડવામાં આવેલો. આફ્રિકાના ગિની કોસ્ટથી આયાત થએલા સોનામાંથી તે બનાવાએલો હોવાથી તેનું એ નામ પડેલું. શરૂઆતની તેની વીસ શિલિંગ કીમત, પાછળથી વધીને ત્રીસ શિલિંગ પર પહોંચેલી. છેવટ પહેલા જ્યૉર્જના વખતમાં એકવીસ શિલિંગ તેની સ્થાયી કીમત થઇ.

નવી કેડીઓ

ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરવા પરભાષાનાં અનેક પુસ્તકો આપણે હજુ ગુજરાતીમાં ઉતારવાં બાકી છે. પણ એક તરફથી વિપુલ વાચન કરનારાઓને પોતાની પસંદગીનાં બધાં પુસ્તકોના અનુવાદ લેવા જેટલી ફુરસદ નથી, ત્યારે બીજી બાજુ કામ કરવાનો ઉમંગ ધરાવતા ઘણા ય તરુણોને યોગ્ય દિશાનિર્દેશ થતો નથી. એટલે અનુભવી અભ્યાસીઓ ગુજરાતીમાં ઉતારવા યોગ્ય પુસ્તકોની નામાવલિ અવારનવાર પ્રસિદ્ધ કરતા રહે તો માતૃભાષાની સારી સેવા કરી શકશે. [આ વિભાગમાં અભ્યાસીઓએ સૂચવેલી નામાવલિઓ અમે પ્રસિદ્ધ કરીશું. એવી રીતે સૂચવાતાં પુસ્તકો સંબંધે ટૂંકાણથી બધી જરૂરી માહિતી આપવા વિનતિ છે.]

ગુજરાતીમાં ઉતારવા યોગ્ય પુસ્તકો

First and Last Things—H. G. Wells.
Riddle of The Universe—E. Hackel.
The World Set Free—H. G. Wells.
Psychical Research and Man's Survival of Bodily Death—Hiralal Haldar

નવા નુસખા

તમે આમાંનું બધું ભલે કરો નહિ, પણ સમજણમાં તો ઉતારજો જ. એ જ્ઞાન કોઇકવાર કામ લાગશે.

'એકી વખતે કોઇ બે પદાર્થો એક સરખી જગ્યા નથી રોકી શકતા' એ વિજ્ઞાનનો જાણીતો સિદ્ધાંત છે. એનો પ્રત્યક્ષ દાખલો જોવો હોય તો એકાદ શીશી આખી પાણીથી ભરી બૂચ મારી દો. અને એ બૂચમાંથી એક ખીલો ઠોકો. શીશીમાંની જગ્યા કોઇ દિવસ ખીલા માટે માર્ગ નહિ કરી શકે, કારણ પાણી એ દબાય એવો (compressible) પદાર્થ નથી એટલે તરત શીશી ફૂટી જશે.

તમારા ટાઇપરાઇટરના ટાઇપ બગડે એટલે તમે ઘણે ભાગે ટાંકણીનો જ ઉપયોગ કરતા હશો, નહિ તો બેન્ઝાઇન કે એવાં કોઇ મિશ્રણોનો આશ્રય શોધતા હશો. પરંતુ એના માટે સારો રસ્તો તો એ છે કે ટાઇપરાઇટરમાં એક બ્લૉટિંગ ખોસો ને પછી એની ચાવીઓને 'સ્ટેન્સિલ પોઝીશન'માં મૂકી, એક પછી એક ચાવીને સહેજ ભારે હાથે ઠપકારો. આથી વધારાની શાહી સાથે બધો કચરો પણ બ્લૉટિંગ શોષી લેશે.

વિકસતું વિજ્ઞાન

આપણા મગજમાં જે જે વિચારો ઉત્પન્ન થાય છે, તે વિદ્યુત્-શક્તિથી ઉત્પન્ન થતા તરંગો મારફત જ, એવો અભિપ્રાય અત્યારે વૈજ્ઞાનિકો ધરાવે છે. મગજને વિષે ઉત્પન્ન થતા આ તરંગોને મગજના કદ સાથે કશો સંબંધ નથી. એ વસ્તુ આશ્ચર્ય ઉત્પન્ન કરશે કે જ્યારે આપણે આપણી આંખો મીંચીને બેઠા હોઇએ છીએ, ત્યારે આ તરંગોનું પ્રમાણ વધી જાય છે. એકદમ ગંભીર વિચાર કરવામાં આપણે પ્રવૃત્ત થઇએ છીએ, ત્યારે મગજમાંના આ તરંગો સ્વાભાવિક રીતે જ ઉત્પન્ન થતા બંધ થઇ જાય છે; આંખો ખોલવાની સાથે પણ તેવી જ રીતે તરંગ-પરંપરા અટકી જાય છે. આમ થવામાં વૈજ્ઞાનિકો એવું કારણ આપે છે કે જ્યારે પદાર્થો તરફ દૃષ્ટિ કરવામાં આવે છે, ત્યારે દૃષ્ટિ ઉત્પન્ન કરનારો જ્ઞાનતંતુ મગજમાંની વિદ્યુત્‌નો ઉપયોગ લે છે અને તેથી તરંગો ઉત્પન્ન કરવામાં જોઈતી વિદ્યુત્ મળતી નથી. પ્રાણીઓના વિષયમાં પણ આ જ સ્થિતિ છે. બિલાડાં, સસલાં અને વાંદરાંઓના વિષયમાં એવી સ્થિતિ છે કે જ્યારે તેઓ હલનચલન કરે છે, ત્યારે મગજમાં તરંગો ઊઠતા નથી; પણ તેઓ સ્થિર થતાંની સાથે તરંગો જાગે છે.

સમુદ્રના ઊંડા પાણીમાં ઊતરી, ત્યાં રહેલી વસ્તુઓના અભ્યાસ અને અખતરા કરી શકાય એ માટે રશિયાએ પાણીથી અલિપ્ત એવું ૪.૨ ઘનમીટરનું એક નવું બેથીસ્ફીઅર બનાવ્યું છે. પાણીમાં સવા માઇલ જેટલે ઊંડે તે સ્થિર રહી શકશે અને વિલિયમ બીબના બેથીસ્ફીઅર કરતાં તે સારું કામ આપશે.

માઉન્ટ વિલ્સન વેધશાળાએ, ઝડપીમાં ઝડપી કૅમેરાના લેન્સથી યે છ ગણી ઝડપી દૂરબીન વડે હાલમાં જ એક એવી નિહારિકાનો ફોટો લીધો છે કે જે ઝાંખામાં ઝાંખા તારાથી યે ૩૦,૦૦૦ ગણી ઝાંખી છે ૧૦૦ ઇંચ વ્યાસના એ દૂરબીનમાં આવેલો લેન્સ દુનિયામાં સૌથી ઝડપી લેખાય છે, છતાં ફિલ્મને પ્રકાશ એટલો તો ઓછો પહોંચે છે કે એ ઝડપે પણ ફોટોગ્રાફને ૯૦ કલાક પર્યંત એક્સ્પોઝર આપવું પડે છે.

કોલંબીઆ યુનિવર્સિટીના પ્રાયોગિકોએ શેરડીના કૂચામાંથી એવી જાતનું લાકડું તૈયાર કર્યું છે કે જે સામાન્ય લાકડાથી ખૂબ મજબૂત છે એટલું જ નહિ, પણ તેનું ઉષ્ણતાવાહન પણ એના કરતાં ત્રણગણું છે. કૂચાનાં ૨ ઇંચ જાડાં, ચાર ફૂટ પહોળાં ને ૧૨ ફૂટ ઊંચાં પાટિયાં બનાવી તેના પર [illegible] આસ્ફાલ્ટનું પડ લગાડવામાં આવે છે. ન્યૂયૉર્કના બાંધકામખાતાએ પણ આ પાટિયાંને પસંદગી આપી છે.

ફોટોગ્રાફી, ચલચિત્રોનાં પ્રોજેક્ટરો વગેરેમાં વપરાતા શક્તિશાળી વીજળીક દીવાઓની કળ વારંવાર દબાવતાં બત્તીની ફાઇલામેન્ટ પર ખરાબ અસર કરી, તેનું જીવન એકદમ ટૂંકું કરી નાખે છે. પરંતુ હાલમાં જ એક અમેરિકને આ બાબત પર શોધ કરી છે કે, એ ફાઇલામેન્ટમાં રેડિયમના જનક યુરેનિયમના ક્ષારનો થોડો અંશ મૂકવામાં આવે તો વીજળીક પ્રવાહના ગમે તેવા ઓચિંતા ધસારા સામે પણ તે બગડતું નથી. આ શોધનું તેણે પેટંટ પણ મેળવી લીધું છે.

બાર ભાષાઓ જાણવા છતાં જાપાનના એક અમેરિકન પ્રોફેસરને ૮૦ વર્ષે રશિયન ભાષા શીખતો જોઇ, સ્વામી રામતીર્થે પૂછયું, 'હવે એ ભાષા શીખીને શું કરશો?' 'મારા સાંભળવા પ્રમાણે ભૂગોળનાં સર્વોત્તમ પુસ્તકો એ ભાષામાં લખાએલાં છે. હું મારી માતૃભાષામાં એમનો અનુવાદ કરૂં તો દેશને કેટલો ફાયદો થાય?' તેણે જવાબ આપ્યો. સ્વામી રામ મનમાં ને મનમાં બોલી ઊઠયા, 'એટલી વયે બિચારો હિંદી તો મરણની જ રાહ જોતો હોય!'

ગણિતગમત

પશ્ચિમમાં ૧૩નો આંકડો અપશુકનિયાળ ગણાયો છે. ૨૬નો આંકડો પણ એ રીતે હ્રાસમાન જણાશે. ૨૬ના આંકમાં તેના બધા ગુણાકારોના અંકનો સરવાળો એક પછી એક અંક ઊતરતો જ આવશે. જુઓ:

૨૬×૧= ૨૬ ૨+૬= ૮
૨૬×૨= ૫૨ ૫+૨= ૭
૨૬×૩= ૭૮ ૭+૮=૧૫…૧+૫=૬
૨૬×૪=૧૦૪ ૧+૪= ૫
૨૬×૫=૧૩૦ ૧+૩= ૪

અને એમ આગળ.

અનેકાર્થી શબ્દઃ **આંકડી**=એક અથવા બંને છેડેથી વાળેલો સળિયો; કડી, હૂક; ગલ; આંતરડાંમાં થતી પીડા, ચૂંક; સખ્ત વાંધો, વિરોધ, અણગમો.

કહેવતોના અર્થ:'સૂડી વચ્ચે સોપારી' બંને બાજુથી સરખી જ આફત આવી પડી હોય ને તેમાંથી ઊગરવાનું બારૂં ન રહે એવી ત્રિશંકુ દશા જ્યારે થઇ પડી હોય ત્યારે આ અને તેને લગતી નીચેની કહેવતોનો ઉપયોગ થાય છે: 'સાપે છછુંદર ગળી,' 'ગળે ગાંઠ ને મોઢે ડૂચો,' 'કાશીનું કરવત જતાં વહેરે ને આવતાં યે વહેરે,' વગેરે.

હિંદમાં દર દસ હજારે ૬૮૨૪ માણસો હિંદુ ધર્મ પાળે છે.

તમારૂં ભાષાજ્ઞાન કેટલું?

આ શબ્દોના અર્થ કરો જોઇએ: ઇટાળી, ઇસોટો, ઈંહડું, ઈહકો, ઉકમાઈ, ઉખરાંટું, ઉગટણું, ઉટાંકો, ઉબાન, ઉભારી, ઊકન, ઊખદ, ઊનડ, ઊબળ.

(જવાબ) ઠઠ્ઠાબાજી, લાકડાની નીસરણીનું પડખાનું લાકડું, ઢોકળું, અફસોસ, ઉત્સાહ, ઉચાટું, પીઠી, અડસટ્ટો, બહાદુર, પોલી ઘૂઘરી, તૈયાર, નવાઇ, કામચોર, ઊલટો વળ.

આયર્લૅંડે પોતાનું નામ આયર (Eire) રાખવાની ચળવળ ઉપાડી છે, તેમ જાપાને, હવે પોતે એક સામ્રાજ્ય હોવાથી પોતાનું નામ દાઈ નિપ્પન (મહાન જાપાન) રાખવાની ચળવળ ઉપાડી છે.

લંગડા માણસોમાં સેંકડે એંશી ટકા ડાબે પગે લંગડા હોય છે.


વૈદકમાં વપરાતો આ શબ્દ કદાચ અંગ્રેજી ભાષામાં સૌથી લાંબો શબ્દ છે: Pneumonoultramicrospicsilicovolcaniosis.

જગતની પહેલી સેવિંગ્ઝ બૅંક જર્મનીમાં ઈ. ૧૭૭૮માં હામ્બુર્ગ ખાતે સ્થપાઇ, જે હજી ચાલુ છે.

ભાંગેલા કાચની ઝીણી કરચો વાળવા કરતાં નીચોવેલું ભીનું ફલાનલ કપડું તે પર પાથરી જરા દબાવવું. કરચો ચોંટી આવશે. પછી તેને નિખારી નાખજો.

ચીનીનાં વાસણ ધોવાના પાણીમાં ચમચો દૂધ નાખવાથી ચમક આવશે.

ગૂંથવાના સોયા વાંકા વળી ગયા હોય તો થોડો વખત ગરમ પાણીમાં બોળી રાખી સીધા કરી લેવા ને પછી તરત ઠંડા પાણીમાં બોળી દેવા.



કુમાર

વર્ષ ૧૪ મું · અંક ૧૫૭ થી ૧૬૮

સ્મરણોનો રોમાંચ

તમે નહિ માનો; પણ ઘણીવાર સાંકળિયા જેવી સૂકી ગણાતી વસ્તુનું વાચન પણ રસમય હોય છે.

વીતી ગએલાં વર્ષ પર પાછળ નજર ફેંકીને જીવનનું પુનરાવલોકન કરતાં, સ્મરણોનો જેવો રોમાંચ અનુભવીએ છીએ તેવો જ રોમાંચ આ પછીનાં પાનાંઓ પર પથરાઈ રહેલા ગયા વરસભરના પરિપાક પર નજર નાખતાં તમે અનુભવશો. તમને પ્રિય થઈ પડેલાં ચિત્રો, તમારાં માનીતાં જીવનચરિત્રો, તમને ઉન્નત રસમાં ખેંચી ગએલાં કાવ્યો, તમને પ્રોત્સાહિત કરી ગએલી વાર્તાઓ, પ્રવાસો, લેખો, ગમ્મતો—એ સૌ તમારાં એક વખતનાં પરિચિત ગોઠિયાંઓ જેવાં, એ હારોમાંથી ડોકિયાં કરીકરી તમને મળતાં દેખાશે.

અને, એમનાં એ સ્મરણોથી, આ માસિક જોડેની દોસ્તીનો નિષ્કર્ષ તમે કાઢશો તો જણાશે કે કુમાર-જીવનની મહત્ત્વાકાંક્ષાનું એ એક વધુ સોપાન બની રહ્યું છે. જીવનને માત્ર રોચક જ નહિ, પણ પ્રેરક સાહિત્ય પીરસવાની પોતાની નેમને એણે લેશમાત્ર શિથિલ થવા નથી દીધી.

એનાં જીવનચરિત્રોનો મોખરો હમેશાં પરાધીન રાષ્ટ્રોના તારણહારો, સંસ્કૃતિના અંગોપાંગોના માર્ગસ્તંભો અને વિકાસકૂચના મશાલચીઓ જ સાચવે છે. કમાલ અને ગૅરીબાલ્ડી, બંકિમ અને રણછોડભાઈ, પિલસુદ્સ્કી અને કર્નલ લૉરેન્સનું પ્રતિનિધિત્વ એને પુષ્ટિ આપે છે.

સમાજનાં ખાબોચિયાં જ માત્ર નહિ પણ કહાણીનવેશને માટે જે અસીમ પ્રદેશો વિસ્તર્યા છે તેમાં રજ પણ વિકૃતિ વિના પ્રવેશાવતી તેની વાર્તાઓ વિશિષ્ટ જ રહી છે. સ્વાસ્થ્ય અને આરોગ્ય, વિજ્ઞાન અને રાજકારણ, ખગોળ અને ભૂગોળ, પ્રવાસ અને ઈતિહાસ—ટૂંકામાં જીવનવિકાસના ભાગીદાર કોઈપણ અંગને એણે અસ્પૃશ્ય નથી રહેવા દીધું.

કાવ્યો દ્વારા એણે કલ્પનાને, ચિત્રો ને ફોટોગ્રાફો દ્વારા વિશુદ્ધ રસવૃત્તિને, સંસ્કૃતિઓની ચડતીપડતી અને દેશપરદેશની રાજકારણી કેફિયતો દ્વારા રાષ્ટ્રની જિજીવિષાને, અને બીજી વિપુલ લેખસામગ્રી દ્વારા તમારા જીવનની વિધવિધ દિશાઓને વેગ આપવામાં 'કુમારે' ગયા વર્ષમાં જે ફાળો આપ્યો છે તેનો નિષ્કર્ષ તો કાઢી જોજો. સુખનો એક રોમાંચ અનુભવશો.

સલામ.

કુમાર

વર્ષ ૧૪મું · અંક ૧૫૭ થી ૧૬૮

સ્મરણોનો રોમાંચ

તમે નહિ માનો; પણ ઘણીવાર સાંકળિયા જેવી સૂકી ગણાતી વસ્તુનું વાચન પણ રસમય હોય છે.

વીતી ગએલાં વર્ષ પર પાછળ નજર ફેંકીને જીવનનું પુનરાવલોકન કરતાં, સ્મરણોનો જેવો રોમાંચ અનુભવીએ છીએ તેવો જ રોમાંચ આ પછીનાં પાનાંઓ પર પથરાઇ રહેલા ગયા વરસભરના પરિપાક પર નજર નાખતાં તમે અનુભવશો. તમને પ્રિય થઈ પડેલાં ચિત્રો, તમારાં માનીતાં જીવનચરિત્રો, તમને ઉન્નત રસમાં ખેંચી ગએલાં કાવ્યો, તમને પ્રોત્સાહિત કરી ગએલી વાર્તાઓ, પ્રવાસો, લેખો, ગમ્મતો—એ સૌ તમારાં એક વખતનાં પરિચિત ગોઠિ-યાંઓ જેવાં, એ હારોમાંથી ડોકિયાં કરીકરી તમને મળતાં દેખાશે.

અને, એમનાં એ સ્મરણોથી, આ માસિક જોડેની દોસ્તીનો નિષ્કર્ષ તમે કાઢશો તો જણાશે કે કુમાર-જીવનની મહત્ત્વાકાંક્ષાનું એ એક વધુ સોપાન બની રહ્યું છે. જીવનને માત્ર રોચક જ નહિ, પણ પ્રેરક સાહિત્ય પીરસવાની પોતાની નેમને એણે લેશમાત્ર શિથિલ થવા નથી દીધી.

એનાં જીવનચરિત્રોનો મોખરો હમેશાં પરાધીન રાષ્ટ્રોના તારણહારો, સંસ્કૃતિના અંગોપાંગોના માર્ગસ્તંભો અને વિકાસકૂચના મશાલચીઓ જ સાચવે છે. કમાલ અને ગૅરીબાલ્ડી, બંકિમ અને રણછોડભાઈ, પિલસુદ્સ્કી અને કર્નલ લૉરેન્સનું પ્રતિનિધિત્વ એને પુષ્ટિ આપે છે.

સમાજનાં ખાબોચિયાં જ માત્ર નહિ પણ કહાણીનવેશને માટે જે અસીમ પ્રદેશો વિસ્તર્યા છે તેમાં રજ પણ વિકૃતિ વિના પ્રવેશાવતી તેની વાર્તાઓ વિશિષ્ટ જ રહી છે. સ્વાસ્થ્ય અને આરોગ્ય, વિજ્ઞાન અને રાજકારણ, ખગોળ અને ભૂગોળ, પ્રવાસ અને ઈતિહાસ—ટૂંકામાં જીવનવિકાસના ભાગીદાર કોઇપણ અંગને એણે અસ્પૃશ્ય નથી રહેવા દીધું.

કાવ્યો દ્વારા એણે કલ્પનાને, ચિત્રો ને ફોટોગ્રાફો દ્વારા વિશુદ્ધ રસવૃત્તિને, સંસ્કૃતિઓની ચડતીપડતી અને દેશપરદેશની રાજકારણી કેફિયતો દ્વારા રાષ્ટ્રની જિજીવિષાને, અને બીજી વિપુલ લેખસામગ્રી દ્વારા તમારા જીવનની વિધવિધ દિશાઓને વેગ આપવામાં 'કુમારે' ગયા વર્ષમાં જે ફાળો આપ્યો છે તેનો નિષ્કર્ષ તો કાઢી જોજો. સુખનો એક રોમાંચ અનુભવશો.

સલામ.